# શ્રી <u>જંબૂસ્વામી</u> ચરિત્ર



• સંપાદક •

પન્યાસ પ્રવર શ્રી નરવાહનવિજયજી ગણિવર્ય

## પદાર્થ દર્શન ગ્રંથમાળા

### પુષ્પ-૬

# શ્રી જંબૂસ્વામી ચરિત્ર


લેખક - સંપાદક

પન્યાસપ્રવર શ્રી નરવાહન વિજયજી ગણિવર્ય



પ્રકાશક

પદાર્થ દર્શન ટ્રસ્ટ

આશ્રમ રોડ, અમદાવાદ.

મુદ્રક

જિતુ શાહ (અરિહંત)

૬૮૭/૧, ઢીંપાપોળ, કાળુપુર, અમદાવાદ-૧

ફોન : ૩૪૫૯૪૨-૫૪૨૮૬

# વિવેચન વિભાગ પુસ્તક - ૬
# શ્રી જંબૂસ્વામી ચરિત્ર


વીર સં. ૨૫૨૦

સને ૧૯૯૪

વિક્રમ સંવત ૨૦૫૦

ચૈત્ર સુદી - ૧૫

પ્રથમ આવૃત્તિ

કિંમત રૂ. ૨૧-૦૦



**લેખક-સંપાદક**

કર્મ સાહિત્ય નિષ્ણાત સિદ્ધાંત મહોદધિ, સચ્ચારિત્ર ચૂડામણિ સ્વ. પૂજ્ય આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય પ્રેમ સૂરીશ્વરજી મહારાજાના પટ્ટધર-પરમ શાસન પ્રભાવક-પરમતારક- સૂરિચક્રચક્રવર્તિ - સુવિશાળ ગચ્છાધિપતિ-પ્રચંડ પૂણ્ય અને પ્રૌઢ પ્રતિભાના સ્વામી - વ્યાખ્યાન વાચસ્પતિ-દિક્ષાના દાનવીર પૂજ્યપાદ આચાર્ય દેવેશ શ્રીમદ્ વિજય રામચંદ્રસૂરિશ્વરજી મહારાજાના પરમ વિનેય શિષ્યરત્ન-કર્મ સાહિત્ય જ્ઞાતા પન્યાસ પ્રવર શ્રી નરવાહનવિજયજી ગણિવર્ય.

# આર્થિક સહયોગ

અમારા પૂજ્ય પિતાશ્રી સુશ્રાવક દિપચંદભાઈ લલ્લુભાઈ તાસવાળાના જીવનમાં થયેલ સુંદર આરાધનાની અનુમોદનાર્થે, તથા અમારા ઉપકારી પૂજ્ય માતૃશ્રી અ.સૌ.સ્વ. વીરમતીબેન દીપચંદભાઈ તાસવાળાના જીવનમાં થયેલ આરાધના તેમજ અમાધિમય સ્વર્ગવાસની પૂણ્ય સ્મૃતિ નિમિત્તે તથા અ.સૌ.સ્વ. ભારતીબેન નિપુણભાઈ તાસવાળાના પૂણ્યશ્રેયાર્થે

નિપુણભાઈ દીપચંદભાઈ તાસવાળા
મિહીરકુમાર દીપચંદભાઈ તાસવાળા તથા
દીપકકુમાર દીપચંદભાઈ તાસવાળા તરફથી

**શ્રી દિપચંદભાઈ એલ. તાસવાળા (શેરદલાલ)**

**ઘર**
૫૭/૬૧, ગીરગામ રોડ,
નગીનદાસ મેન્શન
મુંબઈ- ૪૦૦૦૦૪.
ફોન નં. ૩૮૭-૦૧૭૮.

**ઓફિસ**
૬૧૭, સ્ટોક એક્સચેંજ ટાવર્સ
દલાલ સ્ટ્રીટ,
મુંબઈ - ૪૦૦૦૨૩.
ફોન નં. ૨૬૫૧૯૮૭.

# પ્રાપ્તિ સ્થાન

**પદાર્થ દર્શન ટ્રસ્ટ,**
c/o ભરતભાઈ બી. શાહ
એ, સરિતા દર્શન, જયહિંદ પ્રેસ સામે,
આશ્રમ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૯.
ટે.નં. ૪૦૨૩૩૭

**જયંતિલાલ પી.શાહ**
૬૯૬, નવા દરવાજા રોડ,
મયાભાઈની બારી પાસે,
ડી. વાડીલાલ એન્ડ કું ના મેડા ઉપર,
ખાડીયા ચાર રસ્તા,
અમદાવાદ - ૩૮૦ ૦૦૧
ટે.નં. ૩૮૦ ૩૧૫

**અશ્વિનભાઈ એસ. શાહ**
૧૧, સુખસાગર એપાર્ટમેન્ટ,
સુખીપુરા રેલ્વે ક્રોસીંગ પાસે,
જૈનનગર પાલડી,
અમદાવાદ - ૩૮૦ ૦૦૭.

**સુનીલભાઈ કે. શાહ**
૪/૪૩ પહેલે માળે,
સૂર્યનગર હાઉસીંગ સોસાયટી,
સહરાનો દરવાજો,
સુરત - ૧૦.

**સુરેશભાઈ હીરાલાલ વખારીયા**
ડી-૫૩, સર્વોદય નગર
૫મે માળે, પાંજરાપોળ રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪.
ટે.નં. ૩૭૫૩૮૪૮

# પ્ર કા શ કી ય

કથા, ભલે પછી તે સામાજિક કથા - રાજકથા - આત્મકથા - ઐતિહાસિક કથા-બાળકથા કે પરિકથા હોય, તેની રચના ભલે સુંદર હોઈ વાંચનારને સતત જકડી રાખતી હોય તો પણ, મોટે ભાગે અર્થ કામ તરફનો વધુ ઝોક હોવાને લઈને અને તેના મારણરૂપ કોઈ વાતો તેમાં લગભગ આવતી નહોઇને સંસારપોષક-સંસાર વૃદ્ધિનું જ કારણ બને છે જ્યારે ધર્મકથા ! ભલે તેમાં સાંસારિક વાતો ઠાંસીઠાંસીને ભરેલી હોય- વર્ણનો લલચાવનાર હોય તો પણ આધ્યાત્મ ભાવની મહેકના અમી છાંટણાનો એવો છંટકાવ કરવામાં આવ્યો હોય છે કે વાંચનારના માંહ્યલાને મહેકાવી મૂકે છે. ઢંઢોળે છે. જગાડે છે. અને આ કારણે જ શ્રી જૈન શાસનમાં દ્રવ્યાનુંયોગ- ચરણકરણાનુયોગ અને ગણિતાનુયોગનું જેટલું મહત્વ છે તેટલું, બલ્કે અપેક્ષાએ એથી પણ વિશેષ મહત્વ ધર્મકથાનુયોગનું છે. કથાના માધ્યમ દ્વારા પીરસવામાં આવતું તત્વજ્ઞાન લોકોને ખૂબ ભાવે છે અને સારી રીતે પચે પણ છે.

શ્રી જંબૂસ્વામી ચરિત્ર એ પણ આવું જ સુંદર કથાનક છે અને તેમાં પણ પૂજ્ય પન્યાસ પ્રવર શ્રી નરવાહનવિજયજી મહારાજ સાહેબે વાંચકને ટકોરવાની જગ્યાએ ટકોરીને, સમયે સમયે પ્રશ્નો પૂછીને, અને ક્યાંકતો વાંચકના હૈયેથી નીકળી હોઠે આવી અટકી ગયેલા જવાબો, પોતે આપીને સજાગ બનાવવાનો ખૂબજ સુંદર પ્રયાસ કરેલ છે.

જે જીવ પૂર્વના જીવનમાં ધર્મસંસ્કારોનો મજબૂત પાયો નાંખીને આવે છે તેના ફળ સ્વરૂપ આ જીવનમાં એ પાયા ઉપર અલૌકિક ઈમારત ઉભી થતાં વાર લાગતી નથી. ટકોર થતાં જ એ જીવ સફાળો જાગી જાય છે.

ફાટફાટ થતાં યૌવન અને રૂપસૌંદર્યથી ભરપુર આઠઆઠ કન્યાઓ સામેથી સંસાર ભોગવવાની માગણી કરનાર હોવા છતાં, અને સંસારને ભોગવ્યા વિના

સંયમ માર્ગે જવાની પાછળથી પસ્તાવું ન પડે એ અંગેના દ્રષ્ટાંતો આપવા છતાં તે સઘળાય દ્રષ્ટાંતોને વિફળ બનાવનાર દ્રષ્ટાંતો આપીને સૌના હૈયે વૈરાગ્યભાવને મજબૂત કરીને આ કથાનકના નાયક શ્રી જંબૂસ્વામીએ પોતે જાગીને, પોતાના પરિચયમાં આવેલા સૌને જગાડીને કલ્યાણના માર્ગમાં જોડી દીધાં.

આ બધી વાતો વાંચક પોતે જ વાંચીને વિચારે અને શક્ય અમલ કરી કલ્યાણને સાધનાર બને એ હેતુથી આ શ્રી જંબૂસ્વામી ચરિત્ર અમે આપ સૌના કરકમળમાં મૂકતાં ખૂબજ આનંદ અનુભવીએ છીએ.

આવા સુંદર પુસ્તક પ્રકાશનનો સંપૂર્ણ લાભ લઈને શ્રી દીપચંદભાઈ લલ્લુભાઈ તાસવાળાએ અમોને ખૂબજ ઉત્સાહિત કરેલ છે. આવી ઉદારવૃત્તિ દાખવીને અમારો બોજ હળવો કરવા બદલ અમે તેમનો ખૂબ ખૂબ આભાર માનીએ છીએ. આવી ઉદારતા આપ સૌ તરફથી બતાવાતી રહેશે તો અમારૂં પ્રકાશન કાર્ય ખૂબઝડપી અને સરળ બનશે. અપ્રગટ પ્રકાશન હજુતો ઘણું છે.

પ્રાંતે, આ કથાનકમાં પૂજ્યશ્રીનો આશય સંપૂર્ણ જળવાય એવી કાળજી રાખવા છતાં, તેમજ પ્રુફ તપાસણી કરી હોવા છતાં, ક્ષતિ રહી જવા પામી હોયતો તે બદલ અમો પૂજ્યશ્રી તથા વાંચકવર્ગ પાસે મિચ્છામિ દુક્કડં માંગીએ છીએ. ક્ષતિ બતાવશો તો આગળ સુધારો થઈ શકશે.

એજ લી.

**પદાર્થ દર્શન ટ્રસ્ટ વતી**

**ટ્રસ્ટીઓ.**

# શ્રી જંબૂસ્વામિ ચરિત્ર.

શ્રમણ ભગવાન મહાવીર પરમાત્માના
શાસનમાં થયેલ છેલ્લા કેવલી
ભગવંત શ્રી જંબૂસ્વામિનું
પૂર્વ ભવો સાથે
જીવન ચરિત્ર.

આ જંબૂદ્વીપના ભરત ક્ષેત્રને વિષે મગધ દેશના આભૂષણ સમાન લષ્ટ પુષ્ટ ગોકુલ યુક્ત સુપ્રસિદ્ધ યથાર્થ નામવાળું સુગ્રામ નામનું એક ગામ હતું. તે ગામમાં સત્ય વચન બોલનાર આર્ય માફક સરલ સ્વભાવી રાઠોડ હતો. તેને રેવતી નામે ભાર્યા હતી. આર્યક નામનો ગામમુખી

આર્ય એટલે અનીતિથી મળતું ઘર-પેઢી-કુટુંબ-પૈસો ટકો લેવા જેવો નહિ, તેમજ રાખવા જેવો નહિ. નીતિથી મળતા ઘર-પેઢી-કુટુંબ-પૈસો ટકો જ રાખવા જેવો આવી માન્યતાવાળા જીવો આર્ય કહેવાય છે.

નીતિ એટલે માલિક-સ્વજન સંબંધી મિત્ર વર્ગ તથા કોઈ ભોળો માણસ આપણા પર વિશ્વાસ મુકે તેને ન ઠગવો તે નીતિ કહેવાય છે.

તેઓને બે પુત્રો હતા. ભવના ભયથી ઉદ્વેગ પામેલા ચિત્તવાળો ભવદત્ત નામનો પ્રથમ પુત્ર હતો અને ભાવપૂર્વક પૂજા કરવામાં તલ્લીન ભવદેવ નામનો બીજો પુત્ર હતો.

પ્રથમ ભવદત્ત નામનો પુત્ર મોટો થયો એટલે ઘરમાં તેના વિવાહ માટેની તૈયારીઓ થઈ રહેલી છે. તે જ સમયે બાજુના ગામમાં કોઈક સુસ્થિત નામના આચાર્ય ભગવંત પધાર્યા છે તેવા સમાચાર મળતાં તેમની દેશના સાંભળવા માટે તે રાઠોડ પોતાના મોટા પુત્ર ભવદત્તને લઈને ત્યાં ગયા છે. તેજ વખતે ભવિતવ્યતાના યોગે દેશના રૂપી અમૃત વૃષ્ટિથી સિંચાયેલ નવ યૌવનવાળા ભવદત્તના અંતરમાં વૈરાગ્ય ભાવ પ્રગટ થયો. દેશના પૂર્ણ થયા બાદ આચાર્ય ભગવંતને, ભવદત્તે મલીને જણાવ્યું કે ભગવન્, આપ હાલ અત્રે જ વિચરજો, માતા પિતાની રજા લઈ મારે આપની પાસે સંયમનો સ્વીકાર કરવો છે. આચાર્ય ભગવંતે જણાવ્યું કે કલ્યાણકારી માર્ગમાં ઘણા વિઘ્નો હોય છે. માટે જલ્દી પ્રયાસ કરવો યોગ્ય છે.

ભવદત્ત ત્યાંથી તહત્તિ કરી પિતાની સાથે પોતાના ગામમાં આવ્યો. માતા-પિતાને બેસાડી દેશનાની વાત કરી સંયમ લેવાની ભાવના વ્યક્ત કરે છે. મા બાપ કહે છે ભાઈ, તારા માટે વિવાહ આદિની તૈયારીઓ ચાલે છે તે તું જાણતો નથી ? તો પણ ભવદત્તે કહ્યું કે મારે સંસારમાં પડવું નથી. મારા આત્માનું શ્રેય કરવું છે માટે મને રજા આપો.

વિચાર કરો કે આચાર્ય ભગવંતની એક દેશના સાંભળી, તે પણ નવ યૌવનમાં સંસારમાં પડવાની તૈયારી વખતે, તો દેશના કઈ રીતે સાંભળી હશે ? ભવ વૈરાગ્ય પણ કેવો ઉત્તમ કોટીનો પેદા થયો હશે ? જ્યારે તમો સૌ વર્ષોથી સાંભળવા છતાંય સુખને વધારવાની ભાવના રાખો છો !

માતા પિતાએ ખુબ સમજાવવા છતાંય, વૈરાગ્ય દૃઢ જોઈ ભવદત્તને પોતેજ બાજુના ગામમાં રહેલા સુસ્થિત આચાર્યને અર્પણ કરી સુંદર રીતે સંયમ અપાવ્યું. સંયમ લઈ ગચ્છ-સમુદાયમાં રહી વિનય વૈયાવચ્ચ આદિ કરતાં જ્ઞાનનો અભ્યાસ કરીને ગીતાર્થ બન્યા, તે ગચ્છની સાથે વિચરતા વિચરતા સાથેના એક મહાત્મા મુનિ ભગવંતના ગામની બાજુના ગામમાં પધાર્યા, ત્યારે તે મુનિ ભગવંતે ગુરૂ મહારાજને વંદના કરી જણાવ્યું કે ભગવાન, અહીંથી બાજુમાં અમારું સંસારી ગામ છે. ત્યાં મારાથી નાનો ભાઈ રહે છે તે મારા પ્રત્યે અત્યંત સ્નેહવાળો હોવાથી મને જોશે કે તરતજ તે મારી સાથે આવશે અને સંયમનો સ્વીકાર કરશે, તેથી ત્યાં જવાની આજ્ઞા આપો.

વિચાર કરો કે સંયમી મહાત્માઓને પોતાના નિકટના સંસારી સંબંધીઓ પણ સંસાર છોડી સંયમનો સ્વીકાર કરે તેની કેટલી ઉત્કટ ભાવના હોય છે! અને આજે જો વિચાર કરોતો શું સ્થિતિ જણાય છે ?

આચાર્ય ભગવંતે તેની ભાવના જાણી તે મહાત્માની સાથે તેને સહાય કરનારા એવા બે ગીતાર્થ સાધુઓને આપ્યા, તે ત્રણે મહાત્માઓ બાજુના ગામમાં ગયા, તેમની શેરીમાં ગયા, સગા સંબંધીઓ વગેરે ત્યાં સૌ હાજર હતા, કારણ કે નાના ભાઈના લગ્ન હતા, અને સૌ લગ્નની તૈયારીમાં મગ્ન હતા. તેના કારણે, મહાત્મા ઘરે ગયા, ધર્મલાભ કહી પ્રવેશ કર્યો, છતાં કોઈ એ તે તરફ પૂરતું ધ્યાન ન આપ્યું. કારણ લગ્નના વરઘોડાની તૈયારીમાં સૌ હતા, તેથી ગીતાર્થ મુનિ ભગવંતોએ જણાવ્યું કે બોલો, કોઈ સામું જોવા પણ તૈયાર નથી. તેથી મહાત્માએ જણાવ્યું કે ચાલો પાછા જઈએ, હવે આ ભાઈ આવે એમ લાગતું નથી. તેથી જેવા ગયા હતા તેવાજ ત્યાંથી નીકળી ગુરૂ મહારાજ પાસે પાછા આવ્યા, અને જે વાત હતી તે જણાવી.

આ વાત સાંબળી હાસ્ય કરતા ભવદત્ત મુનિ મીઠો ઓલંભો આપતા બોલ્યા,

કે તમારા સ્નેહાળ ભાઈને તમારા ઉપર સાચો સ્નેહ હોય તો ભલે વિવાહ કે લગ્ન કર્યા હોય તો પણ દીક્ષા કેમ ન અંગીકાર કરે ?

આ સાંભળીને તે મુનિએ પણ જવાબ આપ્યો કે તમારે પણ સ્નેહી નાનો ભાઈ છે તો તમે એને દીક્ષા આપશો તે અમે જોઈશું !

તે જ સમયે ભવદત્ત મુનિએ કહ્યું કે જો આચાર્ય ભગવંત અમારા ગામની આજુ બાજુ વિહાર કરશે તો તેને તમે દીક્ષિત થયેલો જરૂર દેખશો. બહુ બોલવાથી શું?

જોયું ! ભાઈ પર કેટલો વિશ્વાસ હશે ? ત્યારે આ રીતે બોલી શકાય છે. અને આજે ભાઈ-ભાઈને જોવા-બોલાવવા તૈયાર નથી, ભાઈની વાત આવે તો સાંભળવા પણ તૈયાર નથી તો કલ્યાણ કરવાની વાત ક્યાં રહી ! મોક્ષાભિલાષી તથા સંયમના સાચા રાગી જીવોના પરિણામ અને હૈયા કેવા હોય તે આના ઉપરથી વિચારવા જેવું છે.

જ્યાં સુધી મોક્ષ પ્રત્યેનો સાચો પ્રેમ પેદા ન થાય ત્યાં સુધી વિરતિનો પણ સાચો પ્રેમ ન જાગે. અને તે ન જાગે ત્યાં સુધી ક્ષયોપશમ ભાવે ધર્મની પ્રાપ્તિ પણ ન થાય.

હવે ગચ્છ સમુદાયની સાથે વિચરતા વિચરતા કોઈ વખતે મગધ દેશમાં આચાર્ય ભગવંત પધાર્યા ત્યારે સૌ મુનિ ભગવંતોએ ભવદત્ત મુનિને જણાવ્યું કે તમારું ગામ નજીક છે તો નાના ભાઈને પ્રતિબોધ કરી સંયમ આપો.

ભવદત્ત મુનિએ આચાર્ય ભગવંતને વિનંતી કરી આજ્ઞા મેળવી. આચાર્ય ભગવંતે જણાવ્યું કે તું ગીતાર્થ છે. સુખ પૂર્વક એકલો જઈ પ્રતિબોધ કરી એક આત્માનો ઉદ્ધાર કર.

તે વખતે ભવદત્ત મુનિ ગુરૂ આજ્ઞા લઈ પોતાના સુગ્રામ ગામે પૂર્વ સંબંધિઓને પ્રતિબોધ કરવા માટે નીકળ્યા, ગામ બહાર નીકળતા અપશકન થતાં ઉભા રહ્યા અને સારા શકન મળતાં પોતાના ગામે ગયાં, ત્યાં ગામમાં પ્રવેશ કરતા ઉભા રહી પછી પ્રવેશ કરી પોતાની જે શેરી હતી તેમાં પ્રવેશ કર્યો.

ધ્યાન રાખજો... ગીતાર્થ છે. જેવા શેરીમાં પેઠા કે તરત જ સ્નેહી સંબંધી વર્ગને જોયો અને તેઓએ પણ મહાત્માને જોયા તેથી સ્નેહી વર્ગ બોલ્યો કે સારૂં થયું આજે જ આવી ગયા, આખા કુટુંબમાં એક બાકી રહી જતા હતા તે પણ

આવી ગયા, કારણ કે તે જ દિવસે ભવદેવે, પોતાની પત્ની નાગીલાને લઈ પોતાના ઘરમાં પ્રવેશ કરેલ હતો.

ભવદેવ મેડી ઉપર નાગિલાને શણગારતો હતો, તેની સાથે નાગિલાની સખીઓ પણ બેઠેલી હતી.

ભવદત્ત મુનિને ''પધારો'' જણાવી સૌ તેમને ઘર તરફ લઈ ગયા, ભવદત્ત મુનિ પોતાના નાના ભાઈને શોધી રહ્યા છે પણ તે દેખાયો નહિ, તેથી ઘરમાં પ્રવેશ કરતા મોટા અવાજે ધર્મલાભ શબ્દ બોલ્યા કે જેના કારણે મેડી ઉપર બેઠેલા ભાઈના કાને તે શબ્દો અથડાયા. તેથી ભવદેવ વિચાર કરે છે કે નક્કી ભાઈ મહારાજના શબ્દો લાગે છે, કેટલો ભાગ્યશાળી હું કે જેથી ભાઈ મહારાજ આજે આંગણે પધાર્યા છે, માટે નીચે જઈ ભાઈ મહારાજને સુખ શાતા પુછી પછી હું અહીં આવું. એમ વિચારી ઉભો થઈ નીચે જવા ઉતરે છે, ત્યાં સખીઓ આડી ઉભી રહી જણાવે છે કે અડધી શણગારેલ નાગીલાને મુકીને જવાય નહિ, અપશકન કહેવાય. તો પણ ભવદેવ તે સૌને સમજાવી, આઘી ખસેડી, જલ્દી નીચે ઉતરી જ્યાં ભાઈ મહારાજ છે ત્યાં સૌ સંબંધીને આઘા ખસેડીને પહોંચી જાય છે. ભાઈ મહારાજના પગમાં પડી હાથ જોડી સુખ શાતા પુછે છે. ભાઈ મહારાજે પણ જણાવ્યું કે તું આવી ગયો ! ત્યાર બાદ ભવદેવે જણાવ્યું કે મને લાભ આપો. મારા હાથે કાંઈક લ્યો ત્યારે તે વખતે ભાઈ મહારાજે પાતરૂં નીચે મુક્યું અને તે પાતરૂં ભરી લીધું, ત્યારે સ્નેહી સંબંધીઓએ જણાવ્યું કે ભાઈ મહારાજ દૂરથી આવેલ છે તો આ પાતરૂં ઉપાડીને શી રીતે જશે ! માટે તું પાતરૂં ઉપાડીને ભાઈ મહારાજની સાથે જઈ મુકીને આવ.

ભવદેવે પાતરૂં લીધું તો ભાઈ મહારાજે તે પાતરૂં લેવા લીધું અને બન્ને ચાલ્યા, તેમાં સગાં સ્નેહી સંબંધીઓ પોત પોતાના સંબંધ મુજબ કોઈ શેરીના નાકા સુધી કોઈ બે શેરીના નાકા સુધી તથા કેટલાક ગામ બહાર સુધી મુકવા માટે સાથે આવેલ છે. ગામ બહાર આવેલ સંબંધિઓએ ભવદેવને જણાવ્યું કે ભાઈ મહારાજ થાકી ન જાય માટે વચમાંથી પાત્ર આપીને પાછો આવી ન જતો, છેક સુધી મુકીને પછી આવજે આટલું જણાવી સ્નેહી સંબંધીઓ પાછા ફર્યા. હવે ભવદત્ત મુનિ અને ભવદેવ બે રહ્યા છે.

ભવદત્ત મુનિ વિચાર કરે છે કે જો ભાઈ થાકી જાય અને મને કહે કે લો આ પાત્ર હું જાઉં છું, તો મારાથી ના કહેવાય નહિ તેથી, આ ચાલ્યો ન જાય અને રસ્તો સારી રીતે પૂર્ણ થાય તે હેતુથી મહાત્માએ વાત શરૂ કરી, કે આ ઝાડ ઉપર રમતા હતા, આ તળાવમાં છબછબીયા કરતા હતા, અને થાકીને પછી ઘેર જતા હતા. આ રીતે વાતચીત કરતા કરતા રસ્તો કપાવા માંડ્યો.

ગીતાર્થ મુનિ હોવાથી ગુરૂ ભગવંતે એકલા વિહારની આજ્ઞા કરી તથા ગીતાર્થ હોવાથી જીવનું કલ્યાણ જાણીને રસ્તામાં વાત કરવાની પણ તેઓને છૂટ હોય છે.

આ રીતે રસ્તો પૂર્ણ થતાં ગામ આવ્યું, ત્યાં ગામના પાદરે મુનિએ જણાવ્યું કે હવે નજીક મકાન છે ત્યાં જઈ ગુરૂ મહારાજને પાત્ર આપી પછી જજે. એમ જણાવી મકાન સુધી લઈ ગયા ત્યાં રહેલા મહાત્માઓ ભવદત્ત મુનિની રાહ જોતા હતા સાથે ભાઈને લઈ આવેલ જોઈ, સૌ બોલ્યા કે, શક્તિ સંપન્ન છે, માટે ભાઈને લઈ આવે એમાં શી નવાઈ ! મકાનમાં પ્રવેશ કરી ઉપર ચડી ગુરૂ મહારાજ પાસે ભવદેવને લઈ આવ્યા

ગુરૂમહારાજે પુછ્યું કે - આ કોણ છે ?

ભવદત્ત મુનિ કહે - મારો સંસારી ભાઈ છે.

ગુરૂભગવંત કહે - શા માટે આવ્યો છે.

ભવદત્ત મુનિ કહે - દીક્ષા લેવા આવેલ છે.

હવે ભવદેવ વિચાર કરે છે. એક બાજુ અંતરમાં નાગિલાનું રટણ છે તેને હજી પરણીને ઘરે આજે લાવ્યો છું તેને પુછ્યા વગર દીક્ષા લઉં તો તે શું કરશે? બીજી બાજુ ભાઈ મહારાજનું વચન છે. દીક્ષા લેવા આવ્યો છે. શું કરવું તેની વિમાસણમાં ઉભો છે ત્યાં મનમાં દાક્ષિણ્ય ગુણ તથા લજ્જાગુણના કારણે વિચારે છે કે જો ગુરૂ મહારાજ પૂછે કે કેમ ! દીક્ષા લેવા આવ્યો છે, તો ભાઈ મહારાજનું વચન ખોટું ન થાય તે હેતુથી હા કહેવી.

ગુરૂ મહારાજે ભવદેવને પુછ્યું કે - ભાઈ મહારાજ કહે છે તે બરાબર છે ? દીક્ષા લેવા આવ્યો છે ? તો તેણે હા કહી સંયમનો સ્વીકાર કર્યો.

એક બાજુ તાજી પરણેલી નવી પત્ની છે, અને બીજી બાજુ ભાઈ મહારાજનું વચન છે તેમાં અંતરમાં હજી મિથ્યાત્વ દશા અને મોહ દશા હોવા

છતાંય ભાઈ મહારાજના વચન ખાતર સંયમનો સ્વીકાર કર્યો, આ કાંઈ નાનો ગુણ છે ? આજે દેવ-ગુરૂ ધર્મની આરાધના કરનાર શ્રાવક જીવો સાધુ તથા ભગવાનની આજ્ઞા અને વચન ખાતર આ રીતે ભોગ આપનારા કેટલા મળે છે? તે વિચારો !

લજ્જાથી દીક્ષા લીધી. પરંતુ શરીરથી નવી પ્રવજ્યાને અને મનમાં તો નવી ભાર્યાને ધારણ કરતો હતો. કલ્પવૃક્ષના પુષ્પની માળા સાથે પ્રિયાને મનમાં ધારણ કરતો બિચારો તે એકી સાથે પંચગવ્ય (ગાયની પાંચ ચીજો) રૂપ પવિત્ર વસ્તુને અને અપવિત્ર મદિરાને સાથે ધારણ કરતો હતો.

હવે આ બાજુ ભવદેવને પાછા ફરવામાં વિલંબ થતાં સ્નેહી સંબંધીઓ તેની શોધ કરવા માટે આવ્યા ત્યારે ભવદત્ત મુનિએ સૌને સમજાવીને પાછા વાળ્યા, એમ બે ત્રણ દિવસ, અરે ! સાત સાત દિવસ થયે છતે ભવદેવ પાછો ન આવ્યો, ત્યારે માતા પિતા મન વાળવા લાગ્યા કે જરૂર ભાઈ મહારાજ સાથે ગયેલ હોવાથી ભાઈ મહારાજે સમજાવેલ હશે અને તેનું સંયમ લેવાનું મન થયેલ હશે માટે સંયમ લીધુ હશે ! ખોટું શું કર્યું છે ! ભલે સંયમ લઈ પોતાના આત્માનું કલ્યાણ કરે માર્ગ તેજ સાચો છે.

આ રીતે વિચાર કરી નાગિલાને સમજાવે છે કે જુઓ, અમારો દીકરો ગયો છે, તમારો પતિ ગયો છે, પણ ભાઈ મહારાજ સાથે સંયમ લઈ સુંદર આરાધના કરવા ગયો છે, માટે તેનો વિચાર છોડી તમો અહીંયા રહી ધર્મ આરાધના કરો અને અભ્યાસ કરતા કરતા સંયમની ભાવના થાય તો તે પ્રમાણે તમો પણ લેજો માર્ગ તમારો મોકળો છે. હવે તેને પાછો લાવી શકાશે નહિ. તમારા માટે પણ તેજ માર્ગ કલ્યાણકારી લાગે છે.

નાગિલા પણ માતા પિતાના જણાવ્યા મુજબ મન વાળી શોક દૂર કરી સુંદર રીતે જિનેશ્વર પરમાત્માની ભક્તિ કરે છે, સુંદર અભ્યાસ કરે છે, અને શક્તિ મુજબ તપનું સેવન કરે છે, તથા માતા પિતાની સેવા કરે છે, આ રીતે સારૂં શ્રાવિકા પણું પાળતી આરાધના કરે છે.

આ બાજુ ભવદેવ મુનિ સંયંમ લઈ ભાઈ મહારાજની સુંદર સેવા વૈયાવચ્ચ કરતા કરતા જ્ઞાનાભ્યાસ કરે છે તથા સુંદર રીતે નિરતિચાર ચારિત્રનું પાલન કરે છે પણ તે પાલન કરતા કરતા વચમાં નવરાશનો ટાઈમ મળે ત્યારે નાગિલાને

યાદ કર્યા કરે છે. શું કરતી હશે ? કેમ રહેતી હશે ? કેટલી દુઃખી થતી હશે? ઈત્યાદિ વિચારણા આવ્યા કરે છે પણ ભાઈ મુનિને જણાવા દેતા નથી.

જુઓ કર્મના ઉદયના કારણે સુંદર ચારિત્રનું પાલન કરવા છતાંય, સુંદર અભ્યાસ કરવા છતાંય, મનમાંથી નાગિલા જતી નથી, તેથી જ્ઞાન ગર્ભિત વૈરાગ્ય ભાવ પેદા થતો નથી. અને પ્રથમ ગુણસ્થાનકમાં ક્ષયોપશમ ભાવે ધર્મની પ્રાપ્તિ થતી નથી. આજે તમો બધા જે રીતે ધર્મ કરો છો તેનાથી જ્ઞાન ગર્ભિત વૈરાગ્ય ભાવ પેદા થાય છે એમ લાગે છે ? તથા ક્ષયોપશમ ભાવે ધર્મની પ્રાપ્તિ થતી દેખાય છે ? કે દુનિયાના નાશવંતા પદાર્થો પુણ્યના ઉદયથી મળેલ છે તેની હુંફ રાખીને ધર્મ થાય છે ? આની રોજ વિચારણા કરવી પડશે.

જ્યાં સુધી ધર્મ ક્રિયાઓ કરતા કરતા આ વિચારણા નહિ કરીએ ત્યાં સુધી ધર્મની પ્રાપ્તિ થશે નહિ, માટે રોજ આ વિચારણા કરો, જેથી રાગાદિ પરિણામ ઓછા થતા રહેશે અને તોજ ધર્મ પેદા થશે.

ભવદત્ત મુનિની સાથે રહેતા રહેતા ભક્તિ કરતા કરતા ગ્રહણ અને આ-સેવન શિક્ષા પ્રાપ્ત કરતા કરતા બાર વર્ષ વ્યતીત થયા છતાં પણ નાગિલાનો વિચાર ગયો નહિ. તેમાં ભવદત્ત મુનિ અનશનનો સ્વીકાર કરી સમાધિ સહિત કાળ કરીને સૌધર્મ દેવલોકમાં મોટા દેવપણે ઉત્પન્ન થયા.

હવે ભવદેવ મુનિ ભાઈ મહારાજ વગરના થયા તેથી ગચ્છમાં સાથે રહે છે, પણ ભાઈ મહારાજના વિરહ કાળથી તથા અંતરમાં નાગિલાની યાદથી મોહરાજાનો ઉછાળો વિશેષ સતાવે છે, તેના કારણે મોહરાજાના ઉછાળાને આધીન થતાં વિચાર કરે છે કે હવે ભાઈ મહારાજ નથી જેમના વચન ખાતર સંયમ લીધેલ તે હવે નથી, તેથી નાગિલા પાસે, સંયમ મુકીને જાઉં તો મને દોષ લાગશે નહિ. તેને કહ્યા વગર નીકળેલ તેથી હવે તેની પાસે જાઉં અને હવે ત્યા રહું. કારણ મારી પ્રિયા નાગિલા મારા પ્રત્યે સ્નેહ રાખનારી છે. હું પણ તેને પ્રિય છું એમ વિચારતો બબડતો પાળ તૂટવાથી સેતુબંધનું પાણી પુર રૂપે બહાર નીકળી જાય તેમ ભાઈની શરમ તૂટી જવાથી જવાની વિચારણા કરે છે. અને ગચ્છમાં સાથે રહીને તક શોધી રહ્યો છે.

એકવાર સાધુઓની સાથે વિહાર કરતા કરતા રસ્તામાં જે ગામ આવ્યું ત્યાંથી

પોતાનું ગામ નજીક જણાતા, ભવદેવે મહાત્માઓને જણાવ્યું કે તમે આગળ જાઓ હું ધીમે ધીમે મકાને આવીશ, કારણે કે આજે મારાથી ચલાતુ નથી, અને ખુબ થાકી ગયેલ છું એમ જણાવી બધા મહાત્માઓને આગળ મોકલી પોતે પાછળ રહ્યા, અને મહાત્મા દેખાવા બંધ થયા એટલે જે ગામથી પોતાના ગામનો રસ્તો હતો ત્યાંથી તેઓ પોતાના ગામ તરફ જલ્દી ચાલવા લાગ્યા. શાથી? નાગિલાની પાસે જવા માટે નીકળ્યા છે. તે રસ્તેથી જતા જતા પોતાના ગામ સુગ્રામ જવા માટે બે દિવસ થયા તો પણ બે દિવસ ભૂખ તરસ વેઠીને પોતાના ગામની બહાર ખંડીયેર મકાન પાસે પહોંચ્યા.

વિચારો એક મોહનું શલ્ય અંતરમાં રહેલ હતું તેને કાઢવા પ્રયત્ન ન કર્યો તેના કારણે ગચ્છ છોડ્યો, સાધુઓનો સહવાસ છોડ્યો, ભૂખ અને તરસ વેઠી, નાગિલાને મેળવવા માટે કષ્ટ પણ વેઠ્યું.

આજે તમે બધા ધર્મ માટે કષ્ટ વધારે વેઠો છે ? કે નાશવંતા પદાર્થો મેળવવા ભોગવવા, સાચવવા, ટકાવવા ન ચાલ્યા જાય તેની કાળજી રાખવા કષ્ટ વધારે વેઠો છો ? કષ્ટ વેઠવા છતાં તે કષ્ટ લાગતું નથી અને ધર્મમાં અનુકૂળતા શોધીને ધર્મ કરો છો ને ? તો મોક્ષનો અભિલાષ તથા જ્ઞાનગર્ભિત વૈરાગ્યભાવ ક્યાં મૂકવો ? આ ભવદેવ મુનિને તો નાગિલા મળશે તો પણ તે ધક્કો મારીને તેનું કલ્યાણ કરશે. કારણ યોગ્ય જીવ છે. તમારું કલ્યાણ કરવા માટે કોઈ ધક્કો મારનાર રાખ્યાં છે ખરા ?

ભવદેવ મુનિ વિચાર કરે છે કે, મારા લાંબાકાળના વિરહાગ્નિથી બિચારી બળતી-ઝળતી કૃશ શરીરવાળી બની ગઈ હશે. વિવાહ સમયે મારા પ્રત્યે નવીન સ્નેહવાળી હતી. હવે તેને ઓળખવી શી રીતે ? એમ વિચારતા-વિચારતા ત્યાં કોઈક મંદિરના દ્વાર ભાગમાં જેટલામાં ઊભા રહે છે, તેટલામાં ત્યાં આગળ ગામમાંથી પૂજાના ઉપકરણથી પૂર્ણ થાળ હાથમાં ધારણ કરેલી એક સ્ત્રી બ્રાહ્મણી પૂજારણ સાથે ત્યાં આવી પહોંચી. આ સાધુ ભગવંત છે એમ ધારી તેમને વંદના કરી. શરીર તથા સંયમયાત્રા સુખપૂર્વક ચાલે છે ? એમ બે પ્રકારે સુખશાતા પુછી. આવનાર ભવદેવ મુનિએ તેને પૂછ્યું, કે હે શ્રાવિકા ! આર્ય રાઠોડ, રેવતી તથા તેમની પુત્રવધૂ નાગિલા જીવે છે કે ? શ્રાવિકા મનમાં ચિંતવવા લાગી કે

આ તેઓ હશે કે જેની સાથે મારા લગ્ન થયા હતા, તો હવે હું તેમને પૂછું કે તમોને તેમનું શું પ્રયોજન છે ? એમ વિચારી શ્રાવિકાએ પૂછ્યું, આપ આવું શા માટે પૂછો છો ? મુનિએ કહ્યું કે આર્ય રાઠોડ અને રેવતીનો હું ભવદેવ નામનો નાનો પુત્ર છું અને નાગિલા સાથે મારા લગ્ન થયાહતા, તે સમયે મારી પ્રિયાનું મુખમંડન અપૂર્ણ મૂકીને મારા પ્રિયબંધુ મુનિ ભવદત્તના દબાણ અને શરમથી આટલા દિવસ દીક્ષા પાળી. ભવદત્ત મુનિ થોડા સમય પહેલા દેવલોક પામ્યા. એટલે હવે હું ત્યાંથી નીકળી મારી પ્રિયાનું મુખકમળ નિરખવા ઉત્સુક હૃદયવાળો અહીં આવ્યો છું. પેલી સ્ત્રીએ કહ્યું કે તમારા માતા-પિતાજી મૃત્યુ પામ્યાને ધણો કાળ વીતી ગયો, પરંતુ હજી નાગિયા જીવે છે અને તે મારી સખી છે.

## નાગિલાનો હિતોપદેશ

ભવદેવ કહે - તેનું સર્વ સ્વરૂપ જાણતી હોય તો તને હું પૂછું છું કે, તે કેવા રૂપ લાવણ્ય અને વર્ણવાળી છે ? અત્યારે તેની વય કેટલી હશે ?

શ્રાવિકા - જેવી હું છું તેવી જ તે પણ છે, તેમાં લગાર ફરક નથી, પરંતુ સુંદર ચારિત્રવાળા હે મુનિવર ! તમોને તેનું શું પ્રયોજન છે ?

ભવદેવ - પરણતાંની સાથે જ તે બિચારીનો મેં ત્યાગ કર્યો હતો.

શ્રાવિકા - તેના ભાગ્યોદયથી જ તમે ત્યાગ કરી, તેના રૂડા પ્રતાપે તેની ભવવિષવેલડી સુકાઈ ગઈ.

ભવદેવ - શુભ શીલવાળી તેમ જ સુંદર વર્તનવાળી શું તે શ્રાવક વ્રતો પાળે છે ?

શ્રાવિકા - તે એકલી વ્રતો પાળતી નથી, પરંતુ બીજાને પ્રેરણા આપી પળાવે પણ છે.

ભવદેવ - હું તો તેનું નિરંતર સ્મરણ કરું છું તો તે પણ મને યાદ કરે છે ?

શ્રાવિકા - તમે તો સાધુ થઈને ચૂક્યા તે તો નિરંતર મોક્ષમાર્ગમાં લાગી ગઈ છે. તે તો દરરોજ દહેરાસરમાં જયણાપૂર્વક કચરો કાઢવો, પાણી ભરવું, સાફસૂફી કરવી તથા પરમાત્માની સુંદર રીતે ભક્તિ કરવી, હંમેશા શ્રાવિકાના

વ્રતોનું પાલન કરવું, ભાવનાઓ ભાવવી, અતિતીવ્ર તપ તપવું, સુવિહિત સાધુઓ પાસે જઈ ઉપદેશ રસાયણનું સદા પાન કરવું, ગુરુવંદન, દેવવંદન, પ્રતિક્રમણ, પચ્ચકખાણ વગેરે ક્રિયામાં ઉદ્યમ કરે છે.

ભવદેવ - તો તેને આંખેથી નિહાળું.

શ્રાવિકા - અશુચિવાળી તેને નિહાળવાથી શો લાભ ? અથવા તો મને દેખી એટલે તેને જ દેખેલી માનો. વધારે શું કહેવું ? જે હું છું તે જ એ છે. તે છે એ જ હું છું. બંનેનો આત્મા જુદો નથી.

ભવદેવ - તો એમ સ્પષ્ટ કહી દે કે હું જ તે નાગિલા છું. હે શ્રાવિકા! તું જ નાગિલા હોવી જોઈએ.

શ્રાવિકા - ચોક્કસ ! અતિ પ્રૌઢ બ્રહ્મચર્યને ધારણ કરનારી, ચરબી-માંસ-વિષ્ટા આદિ અશુચિપૂર્ણ ચામડાની ધમણ પખાળ સરખી હું પોતે જ નાગિલા છું. અનિત્ય એવા જીવિતમાં તમે પ્રમાદી બની, કાળ પામી, દુઃખમય સંસારમાં પરિભ્રમણ કરાવનારો માર્ગ છોડી હવે અહીંથી ગુરુની પાસે પાછા જાવ. કહ્યું છે કે જેઓને તપ, સંયમ, ક્ષાન્તિ અને બ્રહ્મચર્ય પ્રિય છે તેમજ જેઓ પછી પણ તેવા ધર્મકાર્યમાં પ્રયત્ન કરે છે. તેઓ દેવોના ભવનોમાં વાસ કરે છે.

વિચારો કે ભાઈ મહારાજના ગયા પછી મોહના ઉછાળાથી એટલે કે વર્ષોથી સંયમનું પરિપાલન કરતા મોહના વિચારને કાઢવા પ્રયત્ન ન કર્યો તેના કારણે મોહે ઉછાળો માર્યો અને નાગિલાને મળવા તથા તેની સાથે રહેવા માટે જવાની ભાવના થતાં. નીકળીને પોતાને ગામે આવ્યા, ગામ બહાર નાગિલા જ નસીબજોગે મળવાથી તેઓને પણ સુંદર હિતોપદેશ આપે છે તે જોયું ને ?

નાગિલા પણ પોતે પતિના સારા માર્ગે જવાથી મનને વાળીને સુંદર રીતે જ્ઞાનાભ્યાસ કરતાં કરતાં શ્રાવિકાપણું પાળે છે, અને સંયમની ભાવનામાં રમે છે. આજે આ રીતે આરાધના કરનારા કેટલાં મળે ? સુખે જ મને દુઃખી કર્યો છે. તે ભાવના સતત રહે તો સંયમની ભાવના પેદા થાય.

આ જ વખતે ત્યાં રહેલી બ્રાહ્મણીનો પુત્ર ખીરનું ભોજન કરી ત્યાં આવી પહોંચ્યો, અને બીજું જમવાનું આમંત્રણ આવેલ છે તેથી પોતાની માતાને જણાવે છે, કે મા ! એક પાત્ર આપ. તેમાં આ ખાધેલી ખીર વમન કરી કાઢી નાખું,

પછી જમવા જઉં. કારણકે જમ્યા પછી ભૂખ લાગશે તો ખાવા ચાલશે. માટે તેને રાખી મૂકજે. તે જ વખતે ભવદેવે કહ્યું કે - આવું શું બોલે છે ? વમન કરેલું ભોજન દુર્ગંચ્છનીય હોવાથી, ખરાબ હોવાથી ખાવા યોગ્ય ગણાતું નથી, અને કૂતરા પણ પોતાનું વમેલું ભોજન જમતા નથી, માટે તે ન કરાય.

આ પ્રસંગને પામી નાગિલા વિચારવા લાગી કે હજી તેમનામાં યોગ્યતા લાગે છે. તે કારણે આવું વિચારી અને બોલી શકે છે. તેથી તક જોઈને નાગિલાએ જણાવ્યું, કે વમેલું ખવાય નહિં એટલી ખબર છે, તો તમે બીજાને શિખામણ આપો છો પણ તમારા આત્માને વિચારીને શિખામણ આપો, તમે શું કરી રહ્યાં છો ? આ દીકરામાં અક્કલ નથી તેથી ખીરને ખાવાની ભાવના રાખે છે. હું માંસ-ચરબી મજ્જાથી બનેલી છું, તમે મને વમેલી છે છતાં મને ફરીથી ભોગવવાની ઈચ્છા કરો છો. આટલા લાંબા કાળ સુધી દીક્ષા પાળી પછી તેને છોડતા તમને આજે શરમ કેમ નથી આવતી ? દ્રવ્યગુપ્તિવાળા મુનિપણામાં તમે અતિ તીક્ષ્ણ દુઃખો સહન કર્યા, હવે જો ભાવગુપ્તિવાળા બની સહન કરશો તો અત્યારે પણ જય પામશો.

આટલા દિવસતો તમે દેખાવ પૂરતી, ભાઈની શરમથી દીક્ષા પાળી, તો હવે તમે ભાવથી દીક્ષા પાળો. પાછળ ચાલનારા જો વેગથી ચાલે તો શું આગળ ન નીકળી જાય ? તો હવે પાછા ગુરુ પાસે જાવ અને પોતાના દુશ્ચરિત્રની શ્રી સુસ્થિત ગુરુ પાસે આલોચના કરી ભાવથી સુંદર ચારિત્ર ભારને વહન કરો. હું પણ હવે સાધ્વીજી પાસે દીક્ષા અંગીકાર કરીશ. આ પ્રમાણે શિખામણ અપાયેલા તે ઉત્સાહમાં આવી બોલવા લાગ્યા કે અરે શ્રાવિકા ! તેં મને સુંદર માર્ગનો ઉપદેશ આપ્યો. હું ઘણો જ રાજી થયો છું. નિશ્ચયથી નરક રૂપી અંધારા કૂવામાં પડતાં મને તેં બચાવ્યો છે. ખરેખર મારા મહારાગને તોડાવનારી હોવાથી તું મારી સાચી ભગિની છે. નરકાદિ નુકશાનથી બચાવનારી નિઃસ્વાર્થી માતા છે, સીમા વગરના મનોહર ધર્મને અર્પણ કરનાર હોવાથી ગુરુણી છે. તો હવે હું અહીંથી જાઉં છું. અને તેં કહેલા ઉપદેશનું અનુસરણ કરીશ. એમ કહી અનુપમ જિનપ્રતિમાઓને વંદન કરી ભવભ્રમણથી ભય પામેલા ભવદેવમુનિ પોતાના ગુરુ પાસે પહોંચ્યા. પોતાના પાપોની ત્રિવિધે આલોચના-પ્રતિક્રમણ-નિંદા અને પ્રાયશ્ચિત્ત કરી અતિ તીવ્ર તપ વડે શરીર બાળી નાંખી પંડિત મરણની આરાધના કરી સૌધર્મ

દેવલોકમાં ગયા.

ભવદત્ત મુનિ જેવા ભાઈ મહારાજ પાસે રહી નાગિલાનું ધ્યાન ધરતાં-ધરતાં પણ ભયદેવે સંયમનું પરિપાલન કર્યું, તેમાં શ્રાવિકા એવી નાગિલાએ કહ્યું કે ભાઈ મહારાજના વચનથી દ્રવ્ય ચારિત્રનું પાલન કર્યું હવે ભાવ ચારિત્ર પાળી આત્માનું કલ્યાણ કરો. એક લજ્જા ગુણને ખાતર ભાઈ મહારાજના વચનને માટે ચારિત્ર પાલન કર્યું. તેમાં પ્રતિબોધ કરનાર સમ્યક્ત્વની પ્રાપ્તિ અને ભાવ ચારિત્ર પાલન કરવામાં સહાયભૂત તે નાગિલાનો જ જીવ બન્યો ને ? તમારે આવા કોઈ કલ્યાણ મિત્ર છે કે જે સુખનો રાગ ઘટાડાવી સંયમનો અને દેવ-ગુરુ-ધર્મનો રાગ વધારાવી આત્માનું કલ્યાણ કરે ! અનાદિકાળથી ભટકતાં અનંતીવાર મનુષ્ય જન્મ મેળવ્યા, તેમાં રાગાદિ પરિણામ વધારનારા મા-બાપ, સ્નેહી, સંબંધી, મિત્ર વર્ગ ઘણા થયા પણ રાગ ઘટાડનાર અને આત્મિક ગુણની સન્મુખ બનાવી મિથ્યાત્વનો નાશ કરાવી સમ્યક્ત્વની પ્રાપ્તિ કરાવનાર તથા મોક્ષમાર્ગમાં સ્થિર કરાવનાર કોઈ તૈયાર કરેલ છે ? તે તૈયાર ન થાય ત્યાં સુધી આ રાગાદિ પરિણામ ઓછા થવાના નથી. એમ લાગે છે ?

નાગિલા વિષયનો રાગ દૂર કરાવી, મોક્ષમાર્ગમાં સ્થિર કરી, આલોચના પણ સુંદર રીતે કરાવી, ભાવથી છઠ્ઠા ગુણસ્થાનકનો સ્પર્શ પણ કરાવી શકી, અને કલ્યાણ સધાવી શકી.

જે નરકમાં જવાવાળા પરિણામવાળા હતા, તેઓને સુંદર ઉપદેશ આપી ઠેકાણે લાવી સૌધર્મ દેવલોકમાં મોકલ્યા. અને ત્યાં સંયમના બળેતે સૌધર્મકલ્પમાં ઈન્દ્ર સરખી ઋદ્ધિ કાંતિવાળા સામાનિક દેવ થયા.

હવે મોટાભાઈ ભવદત્ત મુનિનો જીવ પણ સૌધર્મ દેવલોકમાં રહેલો છે. તે દેવલોકથી ચ્યવી પુષ્કલાવતી નામની વિજયમાં પુંડરિક નામની નગરીના સ્વામી વજ્રદત્ત ચક્રવર્તીની યશોધરા નામની પ્રિયાની કુક્ષિરૂપી કમળમાં હંસની જેમ પુત્ર રૂપે ઉત્પન્ન થયો. તે સમયે રાણીને સમુદ્રમાં સ્નાન કરવાનો દોહલો ઉત્પન્ન થયો. ચક્રવર્તીએ સમુદ્ર સરખી મહાસીતા નદીમાં મોટી ઋદ્ધિપૂર્વક સ્નાન કરાવી તેનો દોહલો પૂર્ણ કર્યો, યોગ્ય સમયે સંપૂર્ણ લક્ષણથી યુક્ત પુત્રને જન્મ આપ્યો. દોહલાના અનુસારે તેનું સાગરદત્ત નામ પાડ્યું. દિનપ્રતિદિન દેહ વૃદ્ધિ સાથે

સમગ્ર કળાઓથી પણ વૃદ્ધિ પામવા લાગ્યો. અને જુવાનવય પામતાં અનેક કન્યાઓ સાથે લગ્ન કર્યાં. અને તે કન્યાઓ સાથે પાંચે ઈંદ્રિયોના સુખો સારી રીતે ભોગવવા લાગ્યો.

પૂર્વભવમાં સુંદર સંયમ પાળી પુણ્યાનુબંધી પુણ્ય બાંધીને આવેલ હોવાથી આ સંસારમાં સારામાં સારી સામગ્રી મળે તેને ભોગવે પણ ખરો પણ સાથે પુણ્યાનુબંધી પુણ્ય હોવાથી તે સામગ્રીમાં રાગાદિ પરિણામ ન થતાં વૈરાગ્યભાવ ટકી રહે છે. આવા જીવો સંસારમાં વસતા હોય છે પણ રમતા નથી. તે પ્રતીતિ હવે તેની વિચારણાના કારણે થઈ શકે છે.

આજે તમોને જે પુણ્યના ઉદયથી દુનિયાની સામગ્રી મળેલી છે. તેને તમે ભોગવો છો, સાચવો છો, ન ચાલી જાય તેની કાળજી રાખો છો, પણ તેમાં રાગાદિ પરિણામ વધતાં નથી ને ? જો રાગાદિ પરિણામ વધતા હોય તેવો અનુભવ થાય તો સમજવું કે આ સામગ્રી પાપાનુબંધી પુણ્યના ઉદયવાળી છે. અને જો વૈરાગ્યભાવ પેદા કરાવી-ટકાવવામાં સહાયક થાય અને રાગાદિ પરિણામ મંદ પડતા જણાતા હોય તો સમજવું કે પુણ્યાનુબંધી પુણ્યની સામગ્રી છે. આ વાતને ધ્યાનમાં રાખી વિચારણા કરશો તો તમને ક્યા પ્રકારની સામગ્રી મળી છે તેનો ખ્યાલ આવશે.

પુણ્યાનુબંધી પુણ્યથી મળેલી સામગ્રી ધર્મ ક્રિયાના અનુષ્ઠાનોનું સેવન કરતાં કરતાં ધર્મની પ્રાપ્તિ પેદા કરાવે, એટલે આરાધક ભાવ પેદા કરાવવામાં સહાયભૂત થાય, પણ પાપાનુબંધી પુણ્યના ઉદયવાળી હોય તો ધર્મક્રિયાના અનુષ્ઠાનોનું સેવન કરાવે, પણ જીવને ધર્મની પ્રાપ્તિ એટલે આરાધક ભાવ પેદા કરવામાં સહાયભૂત થતી નથી.

કોઈક સમયે સાગરદત્તકુમાર પોતાના મહેલ ઉપર આરૂઢ થયો હતો ત્યારે વાદળથી વ્યાપ્ત શરદઋતુ તેણે જોઈ. કામદેવના પુષ્પબાણને અનુસરનાર, અનુક્રમે ફેલાતો શરદમેઘ, કલિકાળના આકાશમંડલના મહાસ્થાન સરખો થઈ ગયો. અપૂર્ણપણે ફેલાતો, કૂદતો, પ્રેરાતો, સર્વાંગથી ઊંચો-નીચો થતો, ક્રમસર ફેલાતો ફેલાતો, છેવટે ટૂકડે ટૂકડા રૂપ બની અદૃશ્ય થયો. હવે સાગરદત્ત વિચાર કરે છે કે ખરેખર આ મેઘની માફક રાજ્યાદિક સર્વભોગ સામગ્રી અસ્થિર છે. ધન-જીવિત-યૌવનાદિક નજર સામે દેખાતા હોય તે ક્ષણવારમાં વિજળીની જેમ અદૃશ્ય થાય છે. તો જ્યાં

સુધી આ દેહ પંજર વૃદ્ધાવસ્થાથી જીર્ણ ન થાય ત્યાં સુધીમાં, વહેલામાં વહેલા અતિ ઉદ્યમ કરીને પ્રવ્રજ્યા ગ્રહણ કરવી એજ મારા માટે યોગ્ય છે.

ચક્રવર્તીનો દીકરો છે, યુવાનવય છે. પાંચે ઈંદ્રિયના સર્વ સુખો છે. નિરોગી શરીર છે પણ એક મેઘને નષ્ટ થતો જોઈ સર્વ ઋદ્ધિ સિદ્ધિ ક્ષણભંગુર લાગતા સંયમની ભાવના પેદા થઈ. જ્યારે તમારી પાસે તેના જેટલી સંપત્તિ નથી તેનાથી સામાન્ય, કચરા જેટલી પણ સંપત્તિ નથી, તથા ભોગવવાનું પુણ્ય પણ નથી છતાં ય, ગમે તેટલા નિમિત્તો મળે તો પણ છોડવાની ભાવના નથી થતી, તથા સંયમની પણ ભાવના થતી નથી. તેનું દઃખ રહે છે ? એ પણ નથી તો મોક્ષમાં કઈ રીતે જવાશે ? એ રોજ વિચારવા જેવું લાગતું નથી ?

ધર્મની આરાધના કરતા-કરતા આત્માની સાથે રોજ પાંચ-દશ મિનિટ આ વિચારણા ચાલુ હોય તો મિથ્યાત્વ મોહનીયનો ક્ષયોપશમ ભાવ પેદા થાય અને તે થતાં મોક્ષનો અભિલાષ પેદા થતાં સંસારના સુખો પ્રત્યે નફરતભાવ પેદા થાય અને મોક્ષમાર્ગમાં દાખલ થવાય.

સાગરદત્ત રાજકુમારે વિચારણા કરી, નીચે ઉતરી માતા-પિતાને નમસ્કાર કરી, ભવ વૈરાગ્યની વાત જણાવી સંયમ લેવા માટેની અનુમતિ માગી. માતા-પિતાએ સંસારમાં રહેવા ખૂબ સમજાવ્યો છતાં વૈરાગ્ય દ્રઢ જોતાં સંયમની અનુમતિ આપી, ત્યારબાદ ગુરુની શોધ કરી રહ્યો છે. તેમાં અનેક સાધુઓના પરિવારવાળા અમૃતસાગરસૂરિ નામના ગુરુભગવંત પધાર્યા,તેમના ચરણ કમળમાં ઘણા રાજપુત્રો સાથે સાગરદત્ત રાજકુમારે દીક્ષા અંગીકાર કરી.

સાગરદત્ત મુનિ ગુરુકુળવાસમાં રહી, નિર્મળ ચારિત્રનું પાલન કરતાં, શ્રુત સમુદ્રનો પાર પામ્યા. તેઓ કર્મનો ક્ષયોપશમ ભાવ પેદા કરી અવધિજ્ઞાનને પામ્યા.

## સાગરદત્ત મુનિ સાથે શિવકુમારનો સમાગમ :-

ભવદેવનો જીવ પણ દેવલોકમાંથી ચ્યવી તે જ વિજયમાં વીતશોકાનામની નગરીમાં પદ્મરથ રાજાની વનમાળા રાણીથી પુત્ર રૂપે ઉત્પન્ન થયો. તે રાજકુંવરનું શિવકુમાર એવું નામ પાડ્યું. યૌવનવય પામતા મનોહર એવો તે રાજકુમાર, યૌવનવંતી, સરખારૂપવાળી, કુલ બાલિકા પ્રિયાઓ સાથે વિલાસ ક્રીડા કરતો હતો.

એટલે કે અનેક રાજકુમારીઓ સાથે લગ્ન કરી પાંચે ઈંદ્રિયના સુખોને ભોગવતો રહેલો છે.

પૂર્વભવમાં કરેલી આરાધનાથી બંધાયેલા પુણ્યાનુબંધી પુણ્યથી સુખ સામગ્રી પ્રાપ્ત થાય છે. માતા-પિતાને એકનો એક દીકરો હોવાથી તેના પ્રત્યે અત્યંત સ્નેહ રાગવાળા છે.

હવે આ બાજુ સાગરદત્ત મુનિ પુર, નગર, ખાણ વડે મનોહર પૃથ્વી મંડલમાં વિચરતા વિચરતા ત્યાં પધાર્યા. રહેવા માટે અનુમતિ લઈ લોકોના ઉપકાર માટે ઉદ્યાનમાં સમવસર્યા, અને અમૃતધારા સરખી દેશનાવૃષ્ટિ કરી લોકોનું હિત કરી રહેલા તેમણે એક મહિનાના ઉપવાસ કરી સાર્થવાહના ઘરે પારણું કર્યું.

હવે આ બાજુ રાજકુમાર શિવકુમારે સાગરદત્ત મુનિ પધાર્યા છે, તે સમાચાર સાંભળ્યા એટલે પોતાની પ્રિયાઓ એટલે અંતઃપુર સાથે મહાત્માને વંદન કરવા જાય છે. ત્યાં આવીને મહાત્માને પ્રદક્ષિણા દઈ, વંદન કરી, સુખશાતા પૂછીને ત્યાં બેસે છે, બેસીને સદ્ધર્મની દેશનારૂપ અમૃતરસનું પાન કર્યું. ચૌદપૂર્વી અવધિજ્ઞાની મુનિવર કેવલજ્ઞાનીની જેમ સર્વને હિતકરનારી, જિનધર્મના મનોહર મર્મને સમજાવનારી, ગંભીર વાણીથી દેશના સંભળાવવા લાગ્યા. આ જીવનમાં રોગરહિત કાયા મળવી, મનોહર - અનુકૂળ સ્વભાવવાળી પ્રિયાઓની પ્રાપ્તિ, ઈચ્છિત કાર્યની સિદ્ધિ આ સર્વની પ્રાપ્તિ પૂર્વભવમાં કરેલા ધર્મનું ફળ છે. તે ફળ મળ્યા, પછી આ જન્મમાં ધર્મસાધી નવીન ફળ ન મેળવે તો ભાતું પૂર્ણ થયેલા મુસાફરની જેમ પરલોકમાં તે શોક પામે છે. વિષય-પ્રમાદ-કષાયરૂપ પિશાચનો ત્યાગ કરી સમગ્ર સમીહિત કરવામાં તત્પર એવા સંયમ સામ્રાજ્યને પ્રાપ્ત કરવા ઉદ્યમ કરો. ગ્રહણ-આસેવન એવી બે શિક્ષાઓ શીખીને ચારિત્રથી તિક્ષ્ણ દુઃખનો ઉચ્છેદ કરી જીવસ્થાનમાં સ્વર્ગ અને મોક્ષના સુખની રોપણી કરો.

ચૌદ પૂર્વધરો પણ દેશનામાં એ જ જણાવે છે કે વર્તમાનમાં મળેલી સામગ્રી એ પૂર્વભવના ધર્મનું ફળ છે. આ વાત તમો માનો છો ? આ વાત ઉપર શ્રદ્ધા છે, કે વર્તમાનમાં કરેલા અનેક પાપો તથા હોંશિયારીથી આ મળેલ છે, એમ માનો છો ? આજના કાળમાં પૂર્વભવના ધર્મનું ફળ છે એ વાત લગભગ ભૂંસાતી જાય છે. અને આ ભવમાં કરેલ હોંશિયારી આદિ તેનું ફળ મનાય છે. આ વાત

બરાબર છે ને ? આના કારણે પુણ્ય ઉપર જે શ્રદ્ધા વધવી જોઈએ તે વધતી નથી, અને જીવનમાં પાપનો ડર (પાપભીરૂતા) પેદા થતો નથી. તેથી મારો પરલોક બગડશે, હું ત્યાં શું કરીશ ? એ પણ વિચારણા આવતી નથી. આથી જ્યારે મરણ આવે છે, ત્યારે જીવો પસ્તાય છે પણ તે વખતે મોડું થઈ ગયેલ હોય છે, આ કારણોથી પરલોકમાં જતો જીવ શોકમાં ગરકાવ થઈ જાય છે. જો આ રીતે દુઃખી ન થવું હોય, મરણ સુધારવું હોય, અને પરલોકમાં શોકમગ્ન ન બનવું હોય તો પુણ્યનું ભાતું પેદા કરવાનો પ્રયત્ન કરવો જોઈએ. પાંચે ઈંદ્રિયના વિષયો તે પિશાચરૂપે છે, તેને મેળવવા આદિના કારણે આ ભવમાં પણ સુખી થવાતું નથી અને દુઃખ આવે છે, પરલોકમાં પણ તેનું ફળ દુઃખ જ મળવાનું, તથા પરંપરા દુઃખની થાય છે, તે ન થાય તેની વિચારણા કરી તેનો જેટલો બને તેટલો ત્યાગ કરવા પ્રયત્ન કરવો જોઈએ. અનુકૂળ વિષયો મેળવવા લોભ થાય, ન મળે તો ક્રોધ થાય ઈત્યાદિ તે વિષયને વધારનારા કષાયો પણ પિશાચ રૂપે છે. તથા આત્મિક ગુણ સિવાયના બાહ્ય પદાર્થોની વિચારણા કરવી તે પ્રમાદ કહેવાય છે, તે પણ પિશાચ રૂપે છે, માટે તેનો ત્યાગ કરવા પ્રયત્ન કરવો જોઈએ અને આત્માનું સમગ્ર રીતે હિત કરનાર સંયમને પામવા ઉદ્યમ કરવો જોઈએ. તે સંયમમાં ગ્રહણ અને આસેવન શિક્ષા પ્રાપ્ત કરી, તીક્ષ્ણ દુઃખોનો ઉચ્છેદ કરી સ્વર્ગ અને મોક્ષના સુખની રોપણી કરવી જોઈએ. એમ ચૌદ પૂર્વધર મહાત્મા કહે છે, તે વાત આપણા મગજમાં છે ને ? આ લાવવા પ્રયત્ન કરે તો જ સદ્ધર્મની જીવને પ્રાપ્તિ થાય.

સદ્ધર્મ એટલે શું ?

દાન દેતાં-દેતાં ધનનું મમત્વ ઓછું કરી, સંપૂર્ણ મમત્વ રહિત થવાની ભાવના પરિણામ તે દાનધર્મ સદ્ધર્મ કહેવાય છે. તે મોક્ષદાયક બને છે. શીલ પાળતાં-પાળતાં, ભોગની લાલસાઓના પરિણામ નષ્ટ કરવાની બુદ્ધિ, તે શીલધર્મને સદ્ધર્મ કહેવાય છે, તે મોક્ષદાયક બને છે. તપ કરતાં-કરતાં, ખાવા-પીવાના પદાર્થોની લાલસા નષ્ટ કરવાની ભાવના-પરિણામ, તે તપધર્મ સદ્ધર્મ કહેવાય તે મોક્ષદાયક બને છે. ભાવધર્મ એટલે સંસારના રાગાદિ પરિણામને નષ્ટ કરવાની ભાવના, -આત્મ રમણતામાં રહેવાની ભાવનાને ભાવધર્મ સદ્ધર્મ કહેવાય છે. તે મોક્ષદાયક બને છે.

ધર્મ એટલે શું ?

દાન દેતાં-દેતાં ધનનું મમત્વ દૂર કરવાની વિચારણા કે ભાવના ન થાય, પણ આપ્યું હશે તો મળશે, એ વિચારણા તે દાનધર્મ કહેવાય, પણ સદ્ધર્મ ન ગણાય. તે મોક્ષદાયક બનતો નથી. શીલ પાળતાં-પાળતાં, ભોગની લાલસા દૂર કરવાની ભાવના ન હોય તે શીલ ધર્મ કહેવાય, પણ તે સદ્ધર્મ ન કહેવાય તેથી મોક્ષ આપનાર ન બને. તપ કરતાં-કરતાં, ખાવાપીવાની લાલસા ન ઘટે, પણ તે વધતી જાય તો તે તપ કાયકલેશ કહેવાય, તેથી તે તપધર્મ કહેવાય, પણ સદ્ધર્મ બનતો નથી. તેવી જ રીતે ભાવધર્મમાં, સારી વિચારણાઓ-શુભભાવનાઓ ભાવતા, રાગાદિ પરિણામ ઘટાડવાની, ઓછા કરવાની ભાવના ન હોય તો તે ભાવધર્મ કહેવાય, પણ સદ્ધર્મ બનતો નથી એથી મોક્ષદાયક થતો નથી.

તમારા જીવનમાં દાનાદિ જે ધર્મની આરાધના થઈ રહેલી છે. તે ધર્મરૂપે બને છે કે સદ્ધર્મરૂપે બને છે ? તે વિચારજો. જો તે ધર્મરૂપે બનતી હશે તો મોક્ષદાયક થશે નહિં. મોક્ષ જોઈતો હશે તો સદ્ધર્મ રૂપે દાનાદિ ધર્મ બનાવવો પડશે.

જ્યારે સાગરદત્ત મુનિએ દેશના પૂર્ણ કરી ત્યારે શિવકુમાર કહે છે કે ભગવન્! મને આપના પ્રત્યે, એટલે કે આપને જોતાં ઘણોજ સ્નેહ ઉત્પન્ન થાય છે. વર્ષોથી મારી પત્નીઓને જોતાં, જે સ્નેહ પેદા થયો નથી તેનાથી વિશેષ સ્નેહ આપને જોવામાં થાય છે. અને અહીંથી જવાનું મન થતું નથી, તેનું શું કારણ હશે? ત્યારે અવધિજ્ઞાની એવા મહાત્માએ જણાવ્યું કે હે શિવકુમાર ! તારે અને મારે પૂર્વ ભવનો પ્રેમ ચાલ્યો આવે છે. આ ભવના પહેલાના ત્રીજા ભવમાં, જંબૂદ્વીપમાં નિષ્કારણ પ્રેમના પ્રતિબંધવાળો, તું ભવદેવ નામનો મારો નાનોભાઈ હતો. મારા મનના સંતોષ ખાતર તેં દીક્ષા લીધી, અને તેનું પાલન કરી તું સૌધર્મ દેવ થયો, ત્યાં પણ તું મારા ઉપર સ્થિર સ્નેહવાળો હતો. પૂર્વભવના અભ્યાસથી તને મારા ઉપર અત્યારે પણ સ્નેહ ઉત્પન્ન થયો છે. આ સાંભળતાની સાથે ભવદેવનો જીવ જે શિવકુમાર છે તેને જાતિસ્મરણજ્ઞાન પેદા થાય છે, અને પોતાના પૂર્વભવોને તે જુએ છે, અને મહાત્માએ જે પ્રમાણે કહ્યું તે પ્રમાણે દેખે છે. તેથી ત્યાંથી તેને ઘેર જવાનું મન થતું નથી, કારણ પૂર્વભવમાં પણ ઉદ્ધાર કરી દુર્ગતિમાં

જતા બચાવ્યો, એવા ઉપકારી પાસે પોતાનું જીવન સમર્પણ કરવાની ભાવના થાય છે. અહીંયા પણ આત્માનો ઉદ્ધાર કરનાર મળ્યા છે, તેથી કલ્યાણ કરી લેવાની ભાવના છે.

મહાત્મા કહી રહ્યાં છે કે હું રાગ વગરનો હોવાથી મને તારા ઉપર, તારી માફક સ્નેહ થતો નથી, પણ હિત અને ઉપકાર બુદ્ધિ થાય છે.

છઠ્ઠા-સાતમા ગુણસ્થાનકે રહેલા-રમનારા મહાત્માઓને, મળેતો સંયમપુષ્ટિ અને ન મળે તો તપોવૃદ્ધિની ભાવનાની રમણતામાં હોવાથી, દુનિયાના સચેતન કે અચેતન પદાર્થો પ્રત્યે રાગ તેમ જ સ્નેહ પેદા થતો નથી. પૂર્વના બે ભવના સંબંધવાળો જીવ મળવા છતાં, રાગાદિ ન થાય તો કેવી સંયમતા કેળવી હશે? આ રીતે રાગાદિ પરિણામની સંયમતા કેળવાય, તો જ આત્મિક ગુણનો આંશિક સ્વાદ અનુભવાય, અને મોક્ષાભિલાષની સ્થિરતા થાય.

શિવકુમારે કહ્યું કે હે ભગવંત ! આ વાત યથાર્થ છે, અને તેથી આ ભવમાં સંયમ અંગીકાર કરી આપના ચરણની સેવા કરવાની અભિલાષા કરું છું, પરંતુ હે સ્વામી ! મારા હિત માટે માતા-પિતાની આજ્ઞા માગું. મુનિએ કહ્યું કે હે ધીર ! આ ધર્મ કરવાના વિષયમાં મમત્વભાવને ધારણ ન કરીશ.

પૂર્વભવના સ્નેહના કારણે આ ભવમાં પણ ઉપકારી જીવ પ્રત્યે જીવન સમર્પિત કરવાની ભાવના થાય છે. આ બધા જીવોને નિમિત્ત મળે કે તરત જ પોતાના આત્માના હિતની વિચારણા તથા વિશેષ રીતે આત્માનું હિત જલ્દી થાય તેવી પ્રવૃત્તિ કરવાની પણ ભાવના થાય છે. જ્યારે આજે સાધુ ભગવંતને જોતાં ઘરનાં સંસ્કારોના કારણે હાથ જોડવા, વંદન કરવું, તેમની ભક્તિ કરવી, તે ભાવના થાય, પણ તેમ કરતાં કરતાં મારા આત્માને પણ સાધુપણામાં મૂકું, એટલે આ ભવમાં સંયમ જલ્દી લઈ આત્માનું કલ્યાણ કરું એવી ભાવના લગભગ થતી નથી. મહાત્માને વિનંતિ કરતાં કરતાં પણ માતા પિતાની આજ્ઞા લેવાનું જણાવે છે, કારણકે માતા-પિતાને પોતાના પ્રત્યે કેવો રાગ છે તે જાણે છે, તેથી આજ્ઞા લેવાની અનુજ્ઞા માગે છે. ત્યારે મહાત્માએ જે વાત જણાવી તે ખૂબ વિચારણીય છે. ધર્મ ભાવનામાં માતા-પિતાનું મમત્વ પણ અંતરાયભૂત બનતું હોવાથી જણાવ્યું કે, ધર્મના વિષયમાં એટલે ધર્મ કાર્ય કરવાના વિષયમાં, દુનિયાના પદાર્થો તથા માતા-પિતાના, મમત્વભાવને ધારણ ન કરીશ, નહિં તો તે પણ

ધર્મકાર્ય કરવા નહિં દે.

આજના કાળમાં મોટા ભાગના જીવો ધર્મપ્રવૃત્તિ કરે છે તે સંસારમાં મમત્વબુદ્ધિ રાખી, ધારણ કરી, તેની વૃદ્ધિ થાય તેનો આનંદ સાથે રાખીને કરે છે, એમ નથી લાગતું ? ચૌદ પૂર્વધર મહાત્મા કહે છે, મમત્વ બુદ્ધિ ધારણ ન કરીશ. તેનું કારણ શું ? વિચાર આવે છે ? માટે આજે ધર્મ કરનારા જીવોમાં ધર્મ પ્રત્યે રાગ વધવો જોઈએ તે વધતો દેખાતો નથી. અને તેથી જ ધર્મની આરાધનાથી સુખ પ્રત્યે વૈરાગ્યભાવ અને દુઃખમાં સમાધિ આવવી જોઈએ તે આવતી દેખાતી નથી.

હવે શિવકુમાર સાગરદત્ત મુનિ પાસેથી પોતાના ઘરે જાય છે. ઘરમાં વૈરાગ્યની દઢતાના કારણે તેનું વર્તન આખું બદલાઈ જાય છે. આજે તમારી સ્થિતિ જુદી છે ને ? ઘાણીવાર વ્યાખ્યાન સાંભળવા છતાં ઘરમાં વર્તન બદલાતું નથી ને ? આવાજીવોનું એક દેશનામાં કામ થઈ જાય છે. માતા-પિતાને બેસાડી નમસ્કાર કરી શિવકુમાર જણાવે છે, કે મેં દેશના સાંબળી, પરિણામ પામી, અને મને સંયમ લેવાની ભાવના થઈ છે, માટે મને રજા આપો. મારે વ્રત લઈ મારા આત્માનું કલ્યાણ કરવું છે. માતા-પિતા પુત્રને કહે છે કે હે વત્સ ! તું અમારો એકનો એક પુત્ર છે. તારા પ્રત્યે અમારો રાગ કેવો છે, તે તું જાણે છે. તારા વિના અમો એક ક્ષણ પણ જીવી શકીએ એમ લાગતું નથી. અમારે માટે તું જ શરણ, રક્ષક, દીપક, સ્વર્ગ કે મોક્ષરૂપે છે. તારા વગરના અમે હે પુત્ર ! અંધ અને બહેરા સરખા છીએ અને અમારા પ્રાણો પણ તારે આધીન છે. વિચારો, માતા-પિતાને પોતાના દીકરા પ્રત્યે કેટલો રાગ છે ? માતા-પિતાએ છેલ્લે જણાવ્યું કે - અમે સંયમ માટે રજા આપી શકીએ એમ નથી. અને કદાચ અમારી રજા વિના સંયમનો સ્વીકાર કરશે તો અમારા પ્રાણો નીકળી જશે, એટલે અમારૂં મૃત્યુ થશે માટે વિચાર કરજે.

શિવકુમાર પણ વિચાર કરે છે કે - મારા માતા-પિતાને મારા પ્રત્યે રાગ છે તેમાં તે ખોટું કહેતાં નથી. કદાચ જો સંયમ લઉં, અને ન બનવાનું બની જાય તો માતા-પિતાના અપમૃત્યુથી તેઓની ગતિ બગડી જાય, માટે જ્યાં સુધી આ બાબતમાં કોઈ નિરાકરણ ન આવે, ત્યાં સુધી ઘરમાં ચારે પ્રકારનો આહાર

ત્યાગ કરી મૌન વ્રત ધારણ કરીને રહું. એમ વિચાર કરી પાપયોગોથી વિરામ પામેલો, વૈરાગ્યમાં લીન મનવાળો, સાધુની માફક ધૃત્તિને ધારણ કરનારો, હવે રાજમહેલમાં તથા અનુકૂળ સામગ્રીમાં રમતો નથી, જમતો નથી, કોઈની સાથે બોલતો નથી, અને અંતઃપુરના એક શૂન્યખૂણામાં ઉદાસીનભાવ રાખીને બેઠો છે. અને ધ્યાન ધરે છે.

આ બાજુ માતા-પિતા-પત્નીઓ તેને બોલાવવાનો ખૂબ પ્રયત્ન કરે છે, કલ્પાંત કરે છે, રૂએ છે, માથા પછાડે છે, છતાંય તે સાંભળતો નથી અને માનતો નથી. તેના અંતરમાં રાગ ન હોવાથી તેની તેને કોઈ અસર થતી નથી. તેમાં એક દિવસ બે દિવસ પસાર થયા ત્યારે માતા પિતાએ ગામમાં, એટલે કે પોતાના નગરમાં રહેલા શ્રાવકોને, સમજાવવા માટે બોલાવ્યાં અને પ્રયત્ન કર્યો, છતાં પણ આ શિવકુમાર કોઈનું માનતો નથી. એમ કરતાં કરતાં દિવસો પસાર થાય છે માતા પિતા ચિંતિત છે. રાજકારભાર પણ થંભી ગયેલો છે, અને શોકનું વાતાવરણ સર્જાતું જાય છે. એટલે હવે ખેદ પામેલા રાજાએ વિવેકના ભંડાર જેવા દૃઢધર્મ નામના શ્રાવક પુત્રને બોલાવી, તેને ખરેખરી હકીકત જણાવી કે એવો કોઈ ઉપાય કર, કે જેથી પુત્ર આહાર ગ્રહણ કરે. જો એમ કરીશ તો તેં અમોને જીવિત આપ્યું એમ માનીશું.

વિચારો, સંસારના જીવોની પરિસ્થિતિ કેવી હોય છે ? સંસારમાં રાખવાના બધા પ્રયત્નો કરવા છતાં, જ્યારે માનતો નથી ત્યારે પણ રાગના કારણે, માતા-પિતા સંયમની રજા આપી શકતા નથી, એટલે પોતાની પાસે રાખવા-સમજાવવા માટે વિવેકી શ્રાવકના દીકરા પાસે શિવકુમારને સમજાવવા માટે પ્રયત્ન કરાવે છે.

આવી પરિસ્થિતિમાં તમે મૂકાઈ જાવ તો તમે કેવો પ્રયત્ન કરો ? કોઈ શ્રાવકનો દીકરો સંયમ લેવાની ભાવનાવાળો હોય, માતા-પિતા રજા ન આપતા હોય, દીકરો માનતો ન હોય અને તમારામાંથી કોઈને સમજાવવા માટે બોલાવે તો તમો શું-શું બોલો ? અને દીકરાને તથા માતા-પિતાને શું કહી સમજાવો ? તમે દીકરાના પક્ષમાં બેસો કે માતા પિતાના પક્ષામાં ? શું સંસારમાં રહીને ધર્મ થતો નથી, સાધુપણામાં જ ધર્મ આવી ગયો, એમ તો કદિ બોલો નહિને ? આવી રીતે હઠ કરે, તેથી કાંઈ સંયમ અપાય નહિ, ઈત્યાદિ શબ્દો બોલો નહિ ને ? તે વૈરાગ્યવાળા દિકરાના પક્ષમાં રહી માતા-પિતાને સમજાવીને સંયમનો

માર્ગ મોકળો કરો કે તેમાં અંતરાય કરનારા બનો તે વિચારજો. આ કામ પણ સહેલું નથી. એટલા માટે, શ્રાવકપુત્રે માતા-પિતાની વાત સાંભળી જણાવ્યું, કે યથાશક્તિ તે પ્રમાણે હું પ્રયત્ન કરીશ. તમોને તો બોલતાંય ન આવડે. હવે શ્રાવક કઈ રીતે પ્રયત્ન કરે છે તે પણ જોવા જેવું છે, વિચારવા જેવું છે.

માતા-પિતાને જણાવીને તે શ્રાવકપુત્ર શિવકુમાર રાજપુત્ર પાસે ગયો. જે કમરામાં તે બેઠો છે તેમાં નિસીહિ શબ્દોચ્ચારણ કરી જાણે ઉપાશ્રયમાં પ્રવેશ કરતો હોય તેમ તેણે તે સ્થાનમાં પ્રવેશ કર્યો. હે વિવેકી શ્રાવકો ! આ વિધિ તમને આવડે ? તમે ત્યાં કઈ રીતે પ્રવેશ કરો ? હે ધર્માત્માઓ ! તમોને ધર્મનું જ્ઞાન કેટલું ? અને ધર્મનો ઠેકો-કેટલો ? ક્યાં જવું છે ? તેનો કોઈ વિચાર કરો છો ? કે મારા જેવો કોઈ નહિં એમ માનો છો ?

ઈરિયાવહી પ્રતિક્રમીને, સાધુને વંદન કરાય તેમ દ્વાદશાવર્ત વંદનથી તેને વંદન કર્યું. આજ્ઞા લઈ ભૂમિ પ્રમાર્જન કરી શિવકુમાર પાસે દૃઢધર્મ શ્રાવક બેઠો.

કાંઈ ખ્યાલ આવે છે ? તમારી સ્થિતિ આ શ્રાવકની આગળ કેવી છે ? મોક્ષાભિલાષ પેદા કરી, મોક્ષમાર્ગમાં દાખલ થઈ સુંદર, આરાધના કરવી હશે તો આ જ્ઞાન મેળવવું પડશે, એમ લાગે છે ? આજે અહીં આવા જ્ઞાની કેટલાં? અને ધર્મને ડહોળનારા જ્ઞાની કેટલાં ?

શિવકુમાર વિચારવા લાગ્યો કે, યતિની માફક આણે મારો વિનય કેમ કર્યો? લાવ પૂછી જોઉં. હે શેઠ પુત્ર ! તેં તેવા પ્રકારનો વિનય કર્યો કે જે સાગરદત્ત ગુરુ પાસે કરાતો મેં જોયો હતો. શું તેવા પ્રકારના વિનય માટે હું અધિકારી છું? હું તો તેમના આગળ, તેમના ચરણ-કમળના પરાગના માત્ર પરમાણુ સરખો છું. શ્રાવક પુત્રે કહ્યું કે, તમોએ મૌનવ્રત તોડ્યું તેથી હું રાજી થયો છું. જો કે આ વિનય યતિવર્ગને કરવો યોગ્ય છે, તો પણ કાર્ય કરવા માટે તમારો વિનય કરૂં છું. આ જિનશાસનમાં ધર્મનું મૂળ હોય તો વિનય જ જણાવેલો છે. જે કારણ માટે કહેલું છે કે... ત્રણે જગતને પવિત્ર કરનાર, તંત્રવાળા મંત્રો, વૃદ્ધ

પુરુષોના હિતોપદેશનો પ્રવેશ, દેવ સમુહને વંદ્ય નિરવદ્ય વિદ્યાઓ, હંમેશા સંતોનો અને વિનીતનો આશ્રય કરે છે. જેની સરખામણીમાં કોઈ આવી શકતું નથી. એવા સંયમભાવથી ઉત્પન્ન થયેલી શુભ લેશ્યાવાળા સુશ્રાવકનો પણ વિનય કરવો ઉચિત છે.

વિચારો - વિવેકી શ્રાવક, શ્રાવકનો પણ આટલો વિનય કરી શકે છે. આજે આવા વિનીત શ્રાવકો શોધવા જઈએ તો કેટલા મળે ? રાગાદિ પરિણામની ગ્રંથિથી ગ્રસિત થયેલા ધર્મી જીવો, લગભગ મોટા ભાગના મળતા થઈ ગયા, તેના કારણે જૈન શાસન પામવાનો માર્ગ દૂર રહ્યો, અને તારા મારાપણાનો સ્વાર્થ રાગાદિ ગ્રંથિથી પેદા થઈ રહેલો દેખાય છે. તેથી ધર્મ ખૂણામાં બેઠો બેઠો રૂએ છે. આજે તો મોટાભાગના ધર્મી ગણાતા, ધર્મ કરતા જીવોનો સ્વભાવ પણ એવો હોય છે, અને થતો જાય છે કે જેના કારણે જે ઘરમાં અને કુટુંબમાં વસે છે, તે કુટુંબના માણસોને પણ તેમની ધર્મ પ્રવૃત્તિથી અહોભાવ થતો નથી. ઉપરથી ધર્મ પ્રત્યે અભાવ થતો દેખાય છે. અરે કેટલીકવાર તેમના પરિવારના દીકરાઓ મળે તો જણાવે છે કે બાપા કરતાં અમે સારાં છીએ. પૂછીએ તો કહે બાપા ધર્મ કરે છે, પણ તેમનો સ્વભાવ સુધારતા નથી. જ્યારે તેમના કરતા અમારો સ્વભાવ ઘણો સારો છે. હવે આવા જીવો દેવ-ગુરુ-ધર્મનો ગમે તેટલો વિનય કરે, પણ તેનાથી ધર્મની પ્રભાવના થવાના બદલે અભાવ થાય. આનાથી ધર્મ આવે ખરો ? આ શ્રાવક-શ્રાવકનાં વિનયની વાત છે. શ્રાવકની ધર્મપ્રવૃત્તિ જોઈને નવા માણસ (જીવ)ના અંતરમાં ધર્મની પ્રાપ્તિ થવી જોઈએ. કદાચ તે ન થાય તો પણ તેની ક્રિયાઓ અને પરિણામથી, ધર્મ પ્રત્યે અહોભાવ તો પેદા થાય જ, અને ધર્મની પણ પ્રાપ્તિ થાય.

વળી જે દ્વાદશાવર્ત્ત વંદન તે તો યતિવર્ગને જ દેખાય છે, તે વંદન તમને મેં એટલા માટે કર્યુ છે કે - અત્યારે તમે ભાવ સાધુ થયેલા છો. અત્યારે તમને માતા-પિતા દીક્ષા અપાવતા નથી, તો ભાવસાધુ બની હું ઘરમાં રહું, એ રૂપે તમે ભાવસાધુ થયેલા હોવાથી મેં તમને વંદન કર્યું છે. ખ્યાલ આવ્યો ! શ્રાવકે શિવકુમાર પાસે ખુલાસો કર્યો તે જાણ્યો ! આજે તો જાણે નહીં અને તાણે ઘણું, છતાંય માને કે અમારા જેવા કોઈ જાણકાર નહિ, આવા જીવોનું શું કલ્યાણ થાય ? ધર્મ પ્રવૃત્તિ કરવા છતાં ય કલ્યાણ થાય એમ દેખાય છે ? આત્માનું

કલ્યાણ કરવા માટે હજી કેટલો પુરૂષાર્થ કરવો પડશે એ સમજાય છે ?

હવે હું તમને પૂછું છું કે તમે જમતા નથી, બોલતા નથી, તેનું શું કારણ? ત્યારે શિવકુમારે કહ્યું કે વ્રતના દૃઢ પરિણામવાળા મારે એ અવશ્ય કરવાનું જ છે. હજી પણ માતા-પિતા દીક્ષાગ્રહણ કરવા દેતા નથી, તો હવે ભાવ સાધુ બની ઘરમાં વાસ કરું. બીજું સર્વ સાવદ્ય યોગના સંયોગ વર્જવાના ઉદ્યમવાળો હું કેવી રીતે સાવદ્ય આહારનું ભોજન કરું અને તેઓની સાથે કેવી રીતે બોલું?

સરળતા કેટલી છે ? જે શ્રાવક સમજાવવા આવેલ છે તેનું હૈયું પણ કેટલું સરળ છે, જે પ્રમાણે પોતાના ભાવો છે તે પ્રમાણે ખુલાસો કર્યો, એટલે શિવકુમારે પણ પોતાના અંતરની વાત જણાવી. આજે આવા સરળ સ્વભાવવાળા જ્યાં સુધી ન બનાય, ત્યાં સુધી જૈન શાસન અંતરમાં પેદા થવાની આશા રાખવી નહિં. ધર્મની આરાધના કરતાં-કરતાં સરળતા વધે છે ? કે માયા કપટપણું વધતું દેખાય છે ?

માટે તો આનંદઘનજી મહારાજા જેવા મહાપુરૂષે પણ ઋષભદેવ ભગવાનનાં સ્તવનમાં પણ છેલ્લે કહ્યું છે કે 'કપટ રહિત થઈ આતમ અર્પણા....' પૂજાનું ફળ અખંડ જોઈતું હોય અને ચિત્તની પ્રસન્નતા પેદા કરવી હોય તો, કપટ એટલે માયારહિત હૈયું સૌ પ્રથમ બનાવવું પડશે.

દૃઢધર્મ શ્રાવકે કહ્યું કે તમે સમ્યક્ પ્રકારે સદ્ધર્મ કરવામાં નિશ્ચલ છો. ભાવ શત્રુરૂપ કર્મને જીતવા માટે બીજા કોની આવી જયપતાકા હોઈ શકે ? પરંતુ આહારનો ત્યાગ કરીને ભાવ ચારિત્ર તમે શી રીતે વહન કરી શકશો ? પડતા દેહને આહારથી સ્થિરપણે ધારણ કરી શકાય છે, ટકાવી શકાય છે. લાંબાકાળ સુધી દીક્ષા પાળનારને જીવનના અંતે વિધિથી આહાર ત્યાગ કરવો ઉચિત છે. ગમે તે પ્રકારે આહાર ત્યાગ કરી શકાતો નથી, જેઓ દીર્ઘકાળ સુધી સંયમપૂર્વક જીવિત પાલન કરે છે. તેઓ ધન્ય છે, માટે નિરવદ્ય આહાર સ્વીકારનારા બની દિવસો પસાર કરો. નિરવદ્ય વાણી અને ચેષ્ટાપૂર્વક એકાંત ઘરના ખૂણામાં રહો.

શ્રાવકની ભાષા કેવી હોય તથા ધર્મની જાણકારી પણ કેટલી છે તે વિચારો. સંયમ અપાવવા માટે ભાવના પણ છે અને માતા-પિતાની આજ્ઞા વિના ન લેવાય એ પણ જાણે છે, છતાં જ્યાં સુધી રજા ન મળે અને સંયમની ભાવના પણ

ન તૂટી જાય, અને શક્તિ મુજબની આરાધના થાય તે હેતુથી તેની ચારિત્રની ભાવના જાણીને, નિરવઘ આહાર લેવાની તથા નિરવઘ વાણી બોલવાની વાત કરે છે. આજે આવા શ્રાવકો જો મળતા થઈ જાય તો શાસનની અપભ્રાજના તથા શાસનનું હડોળાણ જે થાય છે તે અટકી જાય, તથા શાસનનો જય-જયકાર થવા માંડે, પણ તે શાસનનો જય જોવાનું પણ આપનું પુણ્ય જોઈએ ને ?

શિવકુમાર કહે છે કે... આ સર્વ કોની સહાયતાથી કરી શકું ? સાવઘ અને નિરવઘવચન અને ભોજન પાણી કોણ જાણી શકે ? મેં જેની નિવૃત્તિ કરેલી છે તેની પ્રવૃત્તિ હવે શી રીતે બની શકે ?

ભાવચારિત્રના પરિણામના કારણે, સાવઘ પ્રવૃત્તિ મન-વચન-કાયાથી ન કરવાનો અભિગ્રહ ગ્રહણ કરી રહેલો છે. આહારાદિનો ઉપયોગ કરવો છે પણ સાવઘ નહીં જ, નિરવઘ મળે તો જ ... રાજકુમાર છે, અનેક પત્નીઓ પણ છે, એકનો એક દીકરો છે, માતા-પિતાનું અકલ્યાણ ન થાય એટલે કે અહિત ન થાય અને હિત જળવાઈ રહે તેટલા માટે તેમની આજ્ઞા વગર સંયમ લેવું નથી આને પણ મહાપુરૂષોએ સંયમમાં કહેલો છે.

સાગરદત્ત મુનિની એક દેશના સાંભળતા કેટલા ઊંચી કોટિના ભાવ પેદા થયેલાં છે ? અને આજે ? ... હવે દ્રઢધર્મે કુમારને કહ્યું કે : હે કુમાર ! તમો સાધુભૂત આત્મા બન્યા છો તો હું શિષ્યની માફક તમારી દરેકે દરેક વૈયાવૃત્યનાં કાર્યો કરીશ. સાધુને કલ્પી શકે કે ન કલ્પી શકે તે વિષયમાં હું જાણકાર અને બુદ્ધિવાળો છું. વિશુદ્ધ આહાર-પાણી હું વહોરી લાવીશ. વધારે કહેવાથી સર્યું. કુમારે કહ્યું : ભલે એમ થાઓ. એમ કહી અભિગ્રહ ગ્રહણ કર્યો કે જીવન પર્યંત મારે છઠના પારણે છઠ કરવા, અને પારણામાં આયંબિલ તપ કરવું. એ પ્રમાણે નિર્દોષ આહાર પાણી ગ્રહણ કરીશ.

દ્રઢધર્મ શ્રાવકે, આ રાજકુમારને માતા-પિતાની રજા ન મળે ત્યાં સુધી, નિર્દોષ અને શુદ્ધ આહાર લાવી આપવા તથા તેમની વૈયાવચ્ચ કરવા ભોગ આપ્યો શાથી ? માતા-પિતાના હિત ખાતર, તેની સંયમની ભાવનાને પુષ્ટ કરવા માટે, શ્રાવક પણ પોતાના કુટુંબ પરિવાર આદિની ચિંતા છોડી નિઃસ્વાર્થ બુદ્ધિથી ઉપકાર કરી શકે છે.

આજે તો કોઈને સમાધિ આપવા શ્રાવકને બોલવે અને ત્યાં અઠવાડિયું-પંદર દિવસ કે મહિનો રોકાવું પડે તો ત્યાં રહી નિર્યામણા કરાવી સમાધિ આપનાર શ્રાવકો કેટલા મળે ?

આ દ્રઢધર્મ શ્રાવકતો વૈયાવચ્ચ માટે જીવન સમર્પિત કરી ત્યાં જ રહી, સાધુની જેમ પર્યુપાસના = ભક્તિ કરે છે. તેમાં આ રીતે આરાધના કરતાં-કરતાં બાર વર્ષો પસાર થયાં, પણ માતા-પિતાએ રજા ન આપી. છેલ્લે ૧ માસની સંલેખના કરી એટલે અનશન કરી સુકૃત અનુમોદના-દુષ્કૃતગર્હા તથા ચાર શરણનો સ્વીકાર કરી, પંડિત મરણથી મરણ પામી, બ્રહ્મદેવલોકમાં વિદ્યુન્માલી નામનો સામાનિક, દશ સાગરોપમના આયુષ્યની સ્થિતિવાળો દેવ થયો. તે દેવ અતિ ક્રાંતિવાળો, અનેક સુંદરીના પરિવારવાળો, જિનેશ્વર દેવનાં સમયવસરણમાં જઈ હંમેશા સુંદર દેશના શ્રવણ કરતો હતો.

એક વખત શ્રમણ ભગવાન મહાવીર મહારાજા રાજગૃહી નગરીના બહારના ઉદ્યાનમાં પધાર્યાં છે. ત્યાં મગધ દેશના માલિક શ્રેણિક મહારાજા પોતાની ઋદ્ધિ સાથે વંદન કરવા માટે પધારે છે. રસ્તામાં બે હાથ ઊંચા કરી, એક પગે, અદ્ધર સૂર્યની સામે દૃષ્ટિ રાખી, આતાપના લઈ રહેલ મહાત્મા પ્રસન્નચંદ્ર રાજર્ષિને જોયાં. તેથી શ્રેણિક મહારાજાએ હાથી ઉપરથી ઉતરી, મહાત્માને વંદન કરી, તેમની સ્તવના કરી મનમાં સંકલ્પ કર્યો કે હું ભગવાન પાસે જઈશ અને પૂછીશ કે મેં જે વખતે મહાત્માને વંદન કરલે તે વખતે મહાત્મા કાળ કરે તો ક્યાં જાય? તેમ વિચારી ભગવાનના સમવસરણમાં આવ્યાં, ભગવાનને પ્રદક્ષિણા આપી, વંદન કરી, દેશના સાંભળવા બેઠાં. દેશના પૂર્ણ થયે પૂછ્યું કે, મેં જ્યારે મહાત્માને વંદન કર્યું ત્યારે કાળ કરત તો ક્યાં જાત ? ભગવાને કહ્યું કે સાતમી નારકીએ. શ્રેણિક મહારાજા વિચાર કરે છે કે આવા ઊંચી કોટિના મહાત્મા સાતમી નારકીએ જાય ? મારા સાંભળવામાં ભૂલ થતી નથી ને ? માટે ફરીથી પૂછયું કે હમણાં કાળ કરે તો ક્યાં જાય ? તો ભગવાને કહ્યું કે સર્વાર્થસિધ્ધ વિમાનમાં જાય, ત્યાં જ ક્ષણવારમાં દેવદુંદુભિનો અવાજ થયો, અને મહાત્માને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થઈ. આ સાંભળી શ્રેણિક મહારાજાને આશ્ચર્ય થયું. તેથી તેનો ખુલાસો ભગવાન પાસે પૂછે છે. ભગવાને કહ્યું કે જ્યારે તેં વંદન કરેલ ત્યારે મહાત્મા પુત્રના

અને રાજ્યના રાગના કારણે દૂતના મુખે સાંભળેલ શબ્દોથી મમત્ત્વબુદ્ધિ પેદા કરીને, મંત્રી-સામંતો સાથે યુદ્ધ કરતા હતા, તેમાં બધા શસ્ત્રો ખલાસ થઈ ગયા, ત્યારે માથા ઉપર મુગટ લેવા જતાં માથું બોડું જોયું, તેથી ખ્યાલ આવ્યો કે હું તો સાધુ છું. મારે દીકરો કેવો ? રાજ્ય કેવું ? મેં તો સર્વનો ત્યાગ કરેલ છે, તેથી પ્રશ્ચાત્તાપ કરી મનથી પ્રાયશ્ચિત કરતા, ભાવનામાં ચઢતા, પાછા ગુણસ્થાનકને પામી અપ્રમત્તભાવ પેદા કરી, ક્ષપકશ્રેણિ માંડી મોહનો નાશ કરી, વીતરાગદશાને પામી, હાલ કેવળજ્ઞાન પામ્યા છે, તેનો દેવો મહોત્સવ કરે છે.

શ્રેણિક મહારાજા ફરીથી ભગવાનને પૂછે છે કે ભગવન્ ! આપના શાસનમાં છેલ્લા કેવળી તરીકે કોણ થશે ? ત્યારે ભગવાને કહ્યું કે, આ વિદ્યુન્માળી દેવ જે બેઠો છે તે આજથી સાતમા દિવસે, ચ્યવન પામી તારી નગરીમાં ઋષભદાસ શેઠને ત્યાં જંબૂકુમાર નામે પુત્ર થશે, તે મારા શાસનમાં છેલ્લા કેળવી થશે. તે દેવને જોઈને શ્રેણિક રાજા પૂછે છે કે - ભગવન્ ! તેનાં શરીરની કાંતિ-ઋદ્ધિ તેમ જ તેમની સેવા કરતી દેવાંગનાઓનો પરિવાર જોતાં લાગે છે કે આ દેવ હમણાં જ ઉત્પન્ન થયેલ છે. તો આ ચ્યવશે ? ભગવાને કહ્યું : કે ભૂતકાળમાં આ દેવ સુંદર આરાધના કરીને આવેલો છે, તથા અહીંથી ચ્યવીને ચરમ શરીરી થવાનો છે. તેથી તેની ફૂલની માળા કરમાઈ નથી, અને શરીરની કાંતિ-લાવણ્ય વિગેરે એવાને એવા લાગે છે. જે દેવલોકમાંથી ચ્યવન પામી ચરમ શરીરી થવાના હોય તે દેવોની ફૂલની માળા કરમાતી નથી, શરીરની કાંતિ લાવણ્ય વગેરે પણ ઘટતાં નથી. તેવાં ને તેવાં જ રહે છે.

શ્રેણિક મહારાજા ભગવાનને પૂછવાની વિચારણા કરે છે, ત્યાં જ બીજો પ્રસંગ બને છે કે આ જંબૂદ્વીપનો અધિપતિ અનાહત નામનો દેવ, ત્યાં બેઠેલ, તે આ વાત સાંભળી, ઊભો થઈ ઉલ્લાસપૂર્વક સમવસરણમાં નાચવા લાગે છે.

તેજ વખતે શ્રેણિક મહારાજાએ ભગવાનને પૂછ્યું કે ભગવન્ ! હું આપને પૂછું છું, આપ મને જવાબ આપો છો અને આ દેવ કેમ નાચે છે ? ત્યારે ભગવાને કહ્યું કે, જે કૂળમાં જંબૂકુમાર ઉત્પન્ન થઈ છેલ્લા કેળવી થવાનાં છે, તે જ કૂળમાંથી આ દેવ ઉત્પન્ન થયો છે. તેથી તે સાંભળીને પોતાનું કૂળ કેવું ઉત્તમ છે, તેમ વિચારીને આનંદમાં આવી ગયેલ છે, તેથી નાચે છે. આ વાત

સાંભળીને શ્રેણિક મહારાજ પૂછે છે કે : આ દેવ શી રીતે થયો ? તેનું શું કારણ ? તે જણાવવા કૃપા કરશોજી. ભગવાને કહ્યું કે તેનું જીવન ચરિત્ર આ પ્રમાણે છે તે તું સાંભળ.

રાજગૃહી નગરીમાં ગુણોમાં વૈભવશાળી એક શેઠને બે પુત્રો હતાં. ઋષભદાસ અને જિનદાસ. સમૃદ્ધિ અને ઋદ્ધિસંપન્ન તેમના ઘરમાં નવ્વાણું ક્રોડ સોનૈયા હતા. માતા-પિતાના મૃત્યુ બાદ બંને ભાઈઓ સાથે રહે છે. ઋષભદાસ અને તેની પત્ની ધારિણી ભગવાનના શાસનની આરાધના કરતાં કરતાં સુખપૂર્વક ધર્મમય દિવસો પસાર કરે છે. બંને સમકિતી જીવો છે. હવે આ બાજુ જિનદાસ નામનો નાનો ભાઈ હંમેશા જુગારનું વ્યસન સેવતો હતો. પણ તેના અંતરમાં એ પાપોનો પશ્ચાતાપ હતો. પાપને પાપ માનીને જીવતો હતો. પાપ ન કરવાની ભાવના પણ રહેતી હતી, પણ કોઈને જુગાર રમતો જુએ એટલે અંતરમાં આતસ પેદા થતાં જુગાર રમવા ભાગી જતો હતો. અને જુગાર રમ્યા પછી ઘરે આવતો, ત્યારે મોટાભાઈ ઋષભદાસને ખબર પડતાં, તેઓ નાનાભાઈને રાતનાં પોતાની પાસે બોલાવી શાંતિથી સમજાવતા હતા. ત્યારે નાનોભાઈ પણ એકચિત્તે સાંભળતો અને ભાઈને જણાવતો પણ ખરો કે આપ મારા વડીલ છો, ઉપકારી છો, હિતૈષી છો, આપ મારા ભલા માટે જ વાત કરો છો, હું પણ તે પાપ ન થાય એમ માનું છુ, છતાં મારાથી કેમ થઈ જાય છે ? એવો વિચાર પણ આવે છે. અને ભાઈ પાસેથી પોતાના સ્થાને સુવા જતાં પાપનો અને અકાર્યનો પશ્ચાતાપ કરી, આંસુ પાડી પછી સૂઈ જતો. આ કાર્યક્રમ રોજ થતાં-થતાં જિનદાસના અંતરમાં પાપના પરિણામમાં કુણાશ આવતી જતી હતી. કેટલીક વાર પાપ ન કરવાની વિચારણા પણ પેદા થઈ જતી હતી, પણ જોરદાર કર્મનો ઉદય લઈને આવેલો હોવાથી પાપ છૂટી શકતું નથી. જીવના કર્મના પરિણામ વિચિત્ર હોવાથી આમ બની શકે. ઋષભદાસ રોજ રાત્રે એકાંતમાં, વારંવાર પોતાના પાપને અને જુગાર છોડી દેવા માટે કહેવા છતાં, જિનદાસ તે પાપને છોડતો નથી, એટલે કે તેને છોડવાની ઈચ્છા હોવા છતાં તેનાથી છૂટી શકતું નથી. તેમાં એકવાર ઋષભદાસે જરા વધારે જુસ્સામાં એટલે કે કડકાઈથી કહ્યું, છતાં કંઈ ફેર પડ્યો નહિ ત્યારે ઋષભદાસે કહ્યું કે, જો તું પાપને છોડી દેતો હોય તો આ બધી મિલકત તને આપી દઉં, અને હું પહેરેલે કપડે ઘરની બહાર નીકળી જાઉં. ત્યારે જિનદાસે

કહ્યું કે ભાઈ ! તમારી ભાવના ઘણીજ સારી છે, મને પાપથી છોડાવવા અને સન્માર્ગે લાવવા માટે આપ મને રોજ સમજાવો છો, હું પણ જાણું છું, છતાં કેવા કર્મનો જોરદાર ઉદય થયો છે કે જેના કારણે પાપ છૂટતું નથી. આપ જેવા ભાઈ મળવા મુશ્કેલ છે. આપ તો બધું આપી દેવા તૈયાર છો પણ મારાથી તે થઈ શકે તેમ લાગતું નથી.

જિનદાસના અંતરમાં પાપભીરૂતા કેટલી બધી રહેલી છે ? પાપને પાપ માનવા છતાં, સમજવા છતાં, ભાઈ પણ સમજાવતો હોવા છતાં છૂટી શકતું નથી. તેનુ દુ:ખ અંતરમાં કેટલું રહેતું હશે ? આજે તમારી સ્થિતિ કયા પ્રકારની છે એ વિચારો ! તમોને પાપ કરવું પડે એવો કાંઈ જોરદાર ઉદય નથી. કર્મ તમોને પાપ પરાણે કરાવે છે એવું પણ નથી. તમે ધારો તો પાપ છોડી શકો, અનીતિ આદિ પાપ છોડી શકો તેવી શક્તિ પણ છે. તો પણ પાપ કરવા છતાં ય અંતરમાં, હું પાપ કરૂં છું એવું લાગતું પણ નથી, અને તેનો પશ્ચાતાપ પણ થતો નથી. તો પછી ભગવાનના શાસનની કરાતી આરાધના સંસાર સાગરથી શી રીતે તારશે ? જો ખરેખર આરાધના કરતાં કરતાં આરાધકભાવ પેદા કરવો હશે તો સૌથી પહેલાં પાપને પાપ માનતા શીખવું પડશે. અને પાપનો ભય એટલે કે પાપભીરૂતા પેદા કરતાં શીખવી પડશે.

જ્ઞાની ભગવંતોએ પાપ કોને કહ્યું છે તે જાણો છો ? જે જીવો પોતાના પ્રત્યે એવું વર્તન એટલે આચરણ કરે, કે જે વર્તન પોતાને પસંદ ન પડે તેવું આચરણ બીજા જીવો પ્રત્યે આચરવું તે પાપ કહેવાય.

જ્યારે મોટાભાઈએ, સર્વસ્વ અર્પણ કરવા જણાવવા છતાં પાપ છૂટતું નથી, એટલે મોટાભાઈ કડકાઈથી કહે છે કે જો હવે નહીં માને અને પાપ નહીં છોડે તો કાંઈપણ આપ્યા વિના પહેરેલે કપડે ઘરની બહાર કાઢીશ, અને આ ઘરની દિશામાં પણ આવવા દઈશ નહિં, માટે પ્રયત્ન કરી પાપ છોડી દે.

આટલું કડક રીતે જણાવવા છતાં, જિનદાસ પોતે પાપ છોડવાનો પ્રયત્ન કરે છે છતાં, પણ છોડી શકતો નથી, અને જુગારીઓને જુએ કે તરત જ તે જુગાર રમવા ચાલ્યો જાય છે. ત્યારે મોટાભાઈએ વિચાર્યું કે આ હવે માને એમ નથી, અને સુધરે એમ લાગતું નથી, એટલે સગાં સ્નેહી સંબંધીઓને સારા

દિવસે જમવાનું આમંત્રણ આપી, સૌને તેડાવી, સારી વાનગીઓ બનાવડાવી જમવા બેસાડે છે, અને તે જ વખતે મોટાભાઈએ જિનદાસને બોલાવીને જણાવ્યું કે બોલ, હજી માની જતો હોય તો તને જમવા મળશે અને ન જ સુધરવું હોય તો આ ઘર છોડીને જમ્યા વગર ચાલતો થઈ જા અને આ ઘરની દિશામાં પણ આવતો નહીં. જ્યારે આ રીતે જણાવ્યું, ત્યારે જિનદાસ વિચાર કરે છે કે મારા મોટાભાઈ મને વ્યસનથી મુક્ત કરવા માટે ઘણો જ પ્રયત્ન કરે છે. પણ હું એવો પાપી અને અકર્મી છું કે જેના પ્રતાપે મને પાપ છોડવાનું મન થતું નથી. માટે ભાઈ કહે છે તેમ ઘર છોડી નીકળી જવું મારા માટે સારૂં છે. અને તે જ વખતે સ્નેહી વગેરેને નસ્કાર કરીને, ભાઈ તથા ભાભીને નમસ્કાર કરીને, તથા ઘરને પણ નસ્કાર કરીને પહેરેલે કપડે ત્યાંથી નીકળી ગયો અને ગામમાં રખડે છે.

વિચારો કે પાપભીરૂતાના કારણે, મોટાભાઈ ઘરની બહાર કાઢે છે છતાં, મોટાભાઈ પ્રત્યે દ્વેષ કે અણગમો આવતો નથી પણ ઉપકારી લાગે છે. અને પોતાના પાપના કારણે આ બને છે એમ માને છે. રાજા પાસે પોતાની અડધી મિલ્કત લેવા માટે ફરિયાદ કરવા પણ જતો નથી. કારણ મોટાભાઈ તો સર્વસ્વ આપવા તૈયાર છે. પણ હું સુધરતો નથી માટે તે મારો દોષ છે. મોટાભાઈનો જરાય દોષ નથી.

પાપ કરવા છતાં ય, પાપને પાપ માનીને, છૂટતું નથી તેનો પશ્ચાતાપ કેટલો છે ? તથા મોટાભાઈના દોષ જોવાને બદલે ગુણો જોવાની દૃષ્ટિ કેટલી સુંદર રહેલી છે. હજી ગુણસ્થાનકની પ્રાપ્તિ થયેલ નથી, પણ ગુણસ્થાનક પામતાં પહેલાં આવી પરિણતિ પેદા થાય છે કે જેના કારણે તેવા જીવોનું કલ્યાણ જલ્દી થઈ જાય. આવી કક્ષા લાવવાનો પ્રયત્ન ચાલુ છે ? આ બાજુ મોટાભાઈના અંતરમાં પણ ભાઈ પ્રત્યે દ્વેષ નથી, તેને કંઈ નથી આપવું એવું પણ નથી. જો સુધરી જાય તો, પિતાજીની બધી મિલ્કત આપવાની તૈયારી અને ભાવના છે. આ ઉદારતા કંઈ જેવી તેવી છે ? ભાઈના અંતરમાં સમકિત રહેલું છે. પોતાને મનમાં પણ થાય છે કે ભાઈને કેવું જોરદાર કર્મ ઉદયમાં આવેલું છે, કે જેના પ્રતાપે સુધારવા પ્રયત્ન કરવા છતાં સુધરતો નથી, અને પોતાનું પાપ

છોડતો નથી. માટે ભાઈને પણ ન છૂટકે ઘરની બહાર કાઢવો પડ્યો છે. વિચારો! ધર્મ પામેલા જીવોની મનોદશા કેવી હોય ?

આજે તો ધર્મી ગણાતા જીવોના ઘરોમાં મોટાભાગે નાશવંતા પદાર્થો માટે ભાઈ-ભાઈ વચ્ચે અને દેરાણી-જેઠાણી વચ્ચે કેવાં ઝગડાં ચાલે છે ? આગળ વધીને કોર્ટ સુધી પણ પહોંચે છે. શાથી ? ધર્મ અંતરમાં પરિણમ્યો નથી અને તેના કારણે સાચી ઉદારતા પણ પેદા થતી નથી. જુઓ, નાશવંતા પદાર્થોના ઝઘડા દૂર કરવા હોય તો અંતરમાં ધર્મ પેદા કરવા માટે પુરૂષાર્થ કરવો પડશે.

એ પુરૂષાર્થ માટે, સૌથી પહેલા આત્મા દુઃખી શેનાથી થાય છે તેની સાચી ઓળખ કરવી પડશે, અને તેનાથી સાવચેતી રાખવી પડશે, તો જ કલ્યાણ થાય એમ લાગે છે ને ?

હવે જિનદાસ પણ જાતવાન અને ટેકીલો જીવ છે, માટે પહેરેલે કપડે નીકળ્યા બાદ ગામમાં જુગાર રમતાં-રમતાં જે મળે તેમાંથી ગમે ત્યાં જમે - રાતના બજારમાં કોઈની દુકાનની બહાર સૂઈ જાય છે. મેલાં-ઘેલાં ફાટેલા તૂટેલા કપડાં પણ થઈ જાય છે તો પણ તે પહેરે છે અને પોતાનું જીવન જીવે છે. મનમાં જરાય ભાઈ પ્રત્યે દુર્ભાવ પેદા થતો નથી. આ કક્ષા પહેલા ગુણસ્થાકની પ્રાપ્તિની શરૂઆતની છે.

એકવાર જુગારીઓની સાથે જુગાર રમતાં-રમતાં ખૂબ હારી ગયો, અને પોતે કાંઈ આપી શકે એમ નથી, એમ જુગારીઓને લાગતાં તે બધાએ ભેગા થઈને જિનદાસને ખૂબ માર માર્યો. તેના કારણે શરીરમાંથી લોહી જાય છે, મૂઢ માર પણ સખત લાગ્યો છે, અને ચાલી-ઉઠી શકે તેવી સ્થિતિ ન હોવાથી રસ્તા વચ્ચે પડ્યો છે. ત્યાંથી તેના કોઈ સંબંધી નીકળ્યાં તેમણે જિનદાસને જોયો, અને ઓળખ્યો કે આ તો જિનદાસ છે. તેથી દોડતાં દોડતાં તેના મોટાભાઈ ઋષભદાસને સમાચાર આપવા ગયા, અને કહ્યું કે સાંભળ્યું ? તમારો ભાઈ જિનદાસ રસ્તા વચ્ચે પડ્યો છે, અને જીવન-મરણ વચ્ચે ઝોલાં ખાય છે. લોકોએ તેને ખૂબ માર માર્યો લાગે છે. આ સમાચાર આપી પેલાં ભાઈ ગયા.

ઋષભદાસ વિચાર કરે છે, કે ગમે તેમ તો મારો ભાઈ છે. મારે તેની સારી રીતે સારવાર કરી અત્રે લઈ આવવો જોઈએ, અને સમાધિ આપવી જોઈએ

તે કારણથી સામગ્રી લઈ તેની પાસે જાય છે. અને કહે છે ભાઈ જરાય ચિંતા ન કર, હું તારો ભાઈ તને ઘરે લઈ જવા આવ્યો છું, ત્યારે જિનદાસને, ભાઈને જોઈને અંતરમાં થાય છે કે, હું ભાઈને મોઢું બતાવવા લાયક નથી. જમીન જગ્યા આપે તો અંદર પેસી જાઉં. એમ વિચારી ચોધાર આંસુએ રોતા રોતા કહે છે, કે હું મોઢું બતાવવાને લાયક નથી. આપનું વચન ન માન્યું અને પાછો ન ફર્યો, તેથી આ ભવમાં જ મને પાપનું ફળ મળેલું છે. માટે હવે મારા માટે કોઈ વિશેષ પ્રયત્ન ન કરો. ત્યારે ઋષભદાસે કહ્યું કે-જે થવાનું હતું તે થઈ ગયું. હવે ચિંતા ન કર. તને સારૂં કરવા અને ઘેર લઈ જવા માટે હું આવ્યો છું.

જિનદાસ કહે છે, ભાઈ હવે હું ઘેર આવી શકું એવી મારી તાકાત નથી. તમારા જેવા ભાઈ મને મળ્યા એજ મારૂં અહોભાગ્ય છે. મને હવે પરભવનું ભાથું આપો. મારી સદ્ગતિ થઈ શકે એવો કોઈ રસ્તો બતાવો, મારૂં કલ્યાણ થાય એવું કરો.

વિચારો ! એક બાજુ આખી જીંદગી જુગાર રમી-રમીને પાપ કરેલ છે, અને છેલ્લે પરભવનું ભાથું માંગે છે. તો અંતરમાં પાપનો પશ્ચાત્તાપ કેટલો બેઠેલો હશે ? સારા પુણ્યોદયથી કુળ સારૂં મળ્યું, ભાઈ પણ સારા મળ્યાં કે જેમણે તેને સન્માર્ગે લાવવાનો પ્રયત્ન કર્યો. સન્માર્ગે ન આવ્યો તો છેલ્લે પણ ભાઈ તેને સમાધિ શાતા કરવા માટે, પરલોક સુધારવા માટે ગયેલ છે. આજે આવી ભાવનાવાળા તથા ભાઈ-ભાઈ પ્રત્યે આ રીતે લાગણી રાખી તેના આત્માની ચિંતા સાથે તેના હિતની ચિંતા કરનારા કેટલાં મળે ? માટે જ્ઞાની ભગવંતોએ કહ્યું છે કે એક પાપનો ભય સાપ કરતાં અધિક પેદા થતો જાય તેમ તેમ માયાદિ કપટ સ્વભાવ નીકળ્યા વગર રહે નહિ અને કપટ સ્વભાવ દૂર થાય એટલે પોતાના આત્માના હિતની વિચારણા પેદા થયા વિના રહે નહિ, તે પેદા થાય તો જ પરલોકની વિચારણા રાખીને આ ભવનું જીવન જીવવાનું લક્ષ્ય પેદા થાય, તો જ ઉદારતાદિ ગુણોની પ્રાપ્તિ થતાં સાચો મોક્ષનો અભિલાષ અંતરમાં પેદા થાય.

હજી જિનદાસનો આત્મા પહેલા મિથ્યાત્વ ગુણસ્થાનકે રહેલો છે, છતાં પણ કક્ષા કેટલી ઊંચી કોટિની જણાય છે. એક સારા કુળમાં જન્મ પામ્યો, તેના કારણે હું જે આચરણ કરૂં છું તે ખોટું છે, મારા કુળને છાજે એવું નથી,

એની પણ એના અંતરમાં વિચારણા કેટલી રહેતી હશે ? તો જ મરણતોલ માર પડવા છતાં હવે મરવાનું છે એમ જાણતો હોવા છતાં, ભાઈ પ્રત્યે જરાય રોષ આવતો નથી કે મને ઘરમાંથી કાઢી મુકયો, માટે મારે આ દુ:ખ ભોગવવું પડયું, ઈત્યાદિ વિચાર પણ આવતો નથી, પણ પોતાના પાપનું ફળ માને છે, તેથી જ પરલોક સુધરે તે ભાવના અંતરમા રહી છે, અને ભાઈ પાસે તેની માગણી કરે છે. આ કક્ષામાં જ જો ભગવાનની વાણી મળે તો કામ થયા વિના રહે નહિ. માટે ધર્મની આરાધના કરતાં-કરતાં આવા પરિણામની કક્ષા જલ્દી પેદા થાય, તેમાં સ્થિરતા આવે, એવો પ્રયત્ન કરો તેમાં જ મનુષ્યભવની સાર્થકતા રહેલી છે.

ફરીથી જિનદાસ પોતાના મોટાભાઈને કહી રહ્યો છે. હે બંધુ ! હું તમને સુખ આપનાર તો ન થયો પણ મારા કારણે તમો તીવ્ર સંતાપને અનુભવો છો, કારણકે તમે મને વારંવાર આ દુર્વ્યસનથી રોક્યો છતાં પણ મેં, તે ન કરવા યોગ્ય વ્યસનો સેવ્યા તેની મને ક્ષમા આપો. ત્યારે મોટાભાઈએ એવું સુંદર આશ્વાસન આપ્યું કે તેના કારણે તેના ભાવ પરિવર્તિત થઈ ગયા.

ઋષભદાસ સમકિતી જીવ છે, આટલી સાહેબી-સંપત્તિ છે છતાં તે લક્ષ્મી અને સુખનું જરાય અભિમાન નથી, તે લક્ષ્મીને સાચવવાની ચિંતા પણ નથી. ઉપકારી પ્રત્યે સદ્ભાવ રાખનાર છે. દયાળુ છે. તથા અહિત કરનાર અને ભયંકર અપરાધ કરનાર પ્રત્યે ઉપકાર કરવાની ભાવનાવાળા છે.

હવે જિનદાસે જ્યારે મોટાભાઈને કહ્યું કે હું હવે ઘરે પહોંચી શકું તેવી મારી સ્થિતિ નથી, મારો પરલોક સુધરે એવું ભાથું મને છેલ્લે આપો. તેથી મોટાભાઈને અત્યંત આનંદ થયો. મોટાભાઈએ તેને નમસ્કાર મહામંત્ર સંભળાવવા સાથે દુષ્કૃત ગર્હા કરાવી, પાપની આલોચના કરાવી, મિચ્છામિ દુક્કડં દેવડાવી, સુકૃતની અનુમોદના કરાવીને અંતસમયની આરાધના કરાવી. તે જ વખતે જિનદાસ દેવનું આયુષ્ય બાંધી, આ ભવનું આયુષ્ય પૂર્ણ કરીને જંબૂદ્વીપના અધિપતિ અનાદ્દત નામના દેવપણે ઉત્પન્ન થયો. ભવદેવનો છેલ્લો ભવ જંબૂકુમારનો હવે જાણીએ.

રાજગૃહી નગરીમાં શ્રેણિક રાજા રાજ્ય કરતો હતો. રાજગૃહીએ રાજધાનીનું

નગર હોવાથી તેની શોભા અપાર હતી, ક્રય-વિક્રય અને અવરજવરના વાહનો દ્વારા વેપારી લત્તાઓ ગાજી ઊઠતાં. તે નગરીને વિશે ગુણો વડે ગૌરવશાળી સમ્યક્ત્વથી યુક્ત ઋષભદત્ત નામનો શ્રેષ્ઠી રહેતો હતો તે ધનાઢ્ય એટલે નવ્વાણું ક્રોડ નગદ સૌનેયાથી યુક્ત હતો. રાજા શ્રેણિકની સભામાં તેનું માન-સન્માન સારી રીતે સચવાતું હતું. તેને પવિત્ર શીલને ધારણ કરનાર ધારિણી નામની પ્રિયા હતી તે પણ સમ્યક્ત્વથી યુક્ત અને જૈન શાસનની ધુરાને ધારણ કરનારી હતી. તે બંનેના વિશેષણો જ્ઞાની ભગવંતો કહે છે કે - અહર્નિશ એટલે દિવસ અને રાત્રિના સમયે સદાકાલ જેમના અંતરમાં અરિહંત એજ મારા દેવ અને સુસાધુ એ જ મારા ગુરુ એનો જપ ચાલતો હતો. એનું જ શરણ રહ્યા કરતું હતું.

વિચારો એક બાજુ પુણ્યના ઉદયથી નવ્વાણુ ક્રોડ નગદ સોનૈયા ઘરમાં છે, બીજી બાજુ જિનશાસનને પામેલા હૈયાં છે કે જેના કારણે રોજ ત્રિકાળ પૂજા, ગુરુવંદન અને ધર્મના પુસ્તકોનું જ્ઞાન મેળવવા વાંચન ઈત્યાદિ ધર્મની પ્રવૃત્તિ ચાલે છે પણ નવ્વાણું ક્રોડ સોનૈયા ને ક્યાં રાખવા ? ક્યા મૂકવા ? કોઈ જોઈ ન જાય તેની જરાય ચિંતા કે વિચારણા હૈયાના કોઈ ખૂણામાં પેદા થતી નથી, પણ રોજ હૈયાના ખૂણે ખૂણામાં એક જ રટણ સદા માટે ચાલે છે, કે અરિહંત એ જ મારા દેવ અને સુસાધુ એ જ મારા ગુરુ. આ પુણ્યાનુબંધી પુણ્યના ઉદયવાળી લક્ષ્મી મળેલી હોવાથી કોઈ બીજી વિચારણા નથી આવતી. જ્યારે આજે જોઈએ તો પહેલાં ઘર-કુટુંબ, અને ધન સાચવી અનુકૂળતા અને સગવડતા મળે તો દેવ-ગુરુ-ધર્મ યાદ આવે, અને કરે. અને સાથે-સાથે સંસારની હૂંફ એટલી બધી કે જેના પ્રતાપે અરિહંત એ જ મારા દેવ, સુસાધુ એજ મારા ગુરુનું રટણ રહેતું નથી. બાકીની ન કરવા લાયક વિચારણાઓ અંતરમાં ચોવીસે કલાક ચાલ્યા કરે છે. તો પછી વિચારો કે આ રીતનો ધર્મ દુર્ગુણોને દૂર કરી સદ્ગુણોને પેદા કરવા સમર્થ થશે ? તે નવ્વાણું ક્રોડ નગદ સોનૈયામાં રહીને પણ ચિત્તની એકાગ્રતા કરી શકે છે. જ્યારે તમને તો તેના કચરા જેટલીય સામગ્રી મળી નથી, તોપણ ચિત્તની એકાગ્રતા પેદા કરવાની ભાવના અને પુરુષાર્થ કરવાનું મન થતું નથી, બરાબર ને ?

ઋષભદત્ત અને ધારિણીને પરસ્પર સ્નેહ નખ અને માંસ જેવો હતો. ધન-

ધાન્ય, નોકર-ચાકર વગેરે અનેક હોવા છતાં તેમના સુખમાં એક ઉણપ હતી... સંતાનસુખની..

સમકિતી જીવોને, અવિરતિનાં ઉદયે, જો સાવધ રહે તો, સંસારનાં સુખની વાંછા પેદા થવા છતાં, પણ તેનાં અંતરમાં સતત ખટક અને બળાપો રહ્યા કરે કે, 'મને કેમ આવાં વિચારો આવે છે ?' તેમ ધારિણી જ્યારે પોતાનાં ઝરૂખામાં ઊભી હોય અને પાડોશનાં છોકરાઓ રમતાં જુએ, ત્યારે મોહનાં ઉદયથી જરાક વિચારે છે કે, બધુંજ છે પણ ખોળાનો ખુંદનાર એક દિકરો નથી. જો એકાદ દિકરો હોત તો કેટલું સારૂં થાત ! આ વિચાર આવે કે તરત જ મનમાં થાય કે, મને આવા વિચાર કેમ આવે છે. છતાં પણ વારંવાર પાડોશનાં છોકરાંઓને જોતાં વિચાર આવતાં આવતાં તેનો મોહનો વેગ વધ્યો, અને અંતરમાં તે વાતનું દુઃખ હોવા છતાં તે વિચારોને કારણે તેનું મન ઉદ્વિગ્ન અને ઉદાસ સદાય રહ્યા કરે છે. આ વિચાર પોતાના સ્વામીને પણ કહી શકતી નથી. તેને પોતાને એમ થાય છે કે, આ વિચાર શી રીતિએ કહેવાય ? આમ એક બાજુ મોહનો ઉછાળો વધે છે અને બીજીબાજુ દુઃખ પણ થાય છે. આ કારણે શરીર ઉપર અસર પડતાં શરીર કૃશ બનતું જાય છે. તેથી એકવાર ઋષભદત્તે પૂછ્યું કે, 'દેવિ ! શરીરમાં કોઈ રોગ પેદા થયો છે ? કોઈ નોકર-ચાકર તમને બોલે છે ? શા કારણથી મુખ ઉપર ઉદાસીનતા અને ગ્લાનિ દેખાય છે ? ત્યારે ધારિણીએ કહ્યું, સ્વામિ! આપે જે કહ્યું તેમાનું કાંઈ નથી. મને હકીકત જણાવતાં શરમ આવે છે. ત્યારે ઋષભદત્ત કહે છે કે, શરમાયા વગર વિના સંકોચે કહે, મારાથી બનશે તો તે કાર્ય કરવા પ્રયત્ન કરીશ. ત્યારે ધારિણીએ કહ્યું કે, બીજું કાંઈ નથી પણ આટલી સમૃધ્ધિ-સંપત્તિ હોવા છતાં તેને ભોગવનાર એકપણ પુત્ર નથી, તેનો વિચાર મનમાં ઉત્પન્ન થયો છે કે મને પુત્ર થશે કે નહિ ? તેજ કારણે ઉદાસીન છું.

જોયું, સમકિતી જીવોને પણ મોહનાં ઉદયથી પુત્રની ઈચ્છા થઈ જાય પણ તે પોતે જરૂર માને કે આ ખોટું છે. ઋષભદત્તે કહ્યું, દેવિ ! આવી વિચારણા આપણાથી ન થાય. પુત્ર મળવો ન મળવો તે પુણ્યને આધીન છે. ભગવાનના શાસનનો ધર્મ અપ્રમત્તપણે આરાધતાં આવાં વિચારો કરવાં નહિ. ત્યારે ધારિણી કહે છે, સ્વામિનાથ ! હું પણ સમજું છું કે આ વિચાર ન થાય. પણ બહાર રમતાં છોકરાઓને જોઉં છું, કે તરત જ એ વિચાર આવવા માંડે છે. ઋષભદત્ત

પણ તે વિચાર કઢાવવા રોજ ઘણું સમજાવે છે, ત્યારે અંતે વિચાર કરે છે કે આમને આમ રહેશે તો દિવસો જતા આ વધુ કૃશ થશે અને કોઈ રોગાદિ પેદા થશે. એમ ન બને તે માટે વિચારીને કહ્યું કે દેવિ, આપણે વૈભારગિરિ ઉપર ફરવા જવાનું છે તે દિવસ નક્કી કરી ફરવા જવા માટેનું જણાવ્યું.

જે દિવસે જવાનું નક્કી કર્યું, તે દિવસે સવારે રથ તૈયાર કરાવી દેવીને જણાવ્યું કે રથમાં બેસો, હું પણ સાથે આવું છું. આપણે વૈભારગિરિ ઉપર ફરવા જઈએ છીએ.

આ ઉપરથી એમ જણાય છે કે તે કાળમાં સ્ત્રીઓ બહાર નીકળતી નહિ હોય, અને કારણસર બહાર નીકળવું પડે તો રથમાં બેસાડી, તેથી સાથે બેસી બહાર નીકળતાં હશે.

રથ ચાલતો ચાલતો ભર બજારમાં આવ્યો ત્યારે, ઋષભદત્ત ધારિણીનો વિચાર દૂર કરવા, બજારનું વર્ણન કરે છે. તેમ કરતાં કરતાં બજાર પૂર્ણ થયે રથ દરવાજાની બહાર નીકળે છે ત્યારે જણાવે છે, કે આ જે મેદાન છે ત્યાં શ્રેણિક રાજાનાં ઘોડાઓ રખાય છે હાથીઓ રખાય છે. એમ રમણીય સ્થળો બતાવતાં બતાવતાં રથ વૈભારગિરિ પર્વતની તળેટીએ પહોંચ્યો. ત્યાં રથમાંથી ઉતરી ધારિણીને ઉતારી હાથ પકડીને વૈભારગિરિ ઉપર ચઢાવે છે. ચઢતાં ચઢતાં જે કોઈ વનસ્પતિ ઝાડ વિગેરે આવે છે તેનું વર્ણન કરે છે. આ રીતે વૈભારગિરિ ઉપર ચઢ્યાં અને જ્યાં બગીચામાં પ્રવેશ કરવાની તૈયારી કરે છે ત્યાં, એક સિદ્ધપુત્ર યશોમિત્રને આકાશ માર્ગે આવતો જોયો. એટલે ઉદ્યાનની બહાર ઉભા રહે છે.

સમકિતી જીવ પણ મોહનાં ઉદયથી કોઈ અશુભ વિચાર પેદા થયેલ હોય તો તેને દૂર કરવા-કરાવવા પ્રયત્ન કરે અને તેમાં સ્થાનફેર કરવાથી વિચાર જાય એમ લાગે તો તે સ્થાનફેર માટે ફરવા પણ લઈ જાય છે. પણ તેનો ઉદ્દેશ કે આશય શું છે તે વિચારજો. જ્યારે આજે ધર્મક્રિયા કરનારા ધર્મી ગણાતાં જીવો ફરવા માટે નીકળે ત્યારે એમ કહી શકાય ખરૂં કે. મોટાં ભાગે તો આ લોકો ફરવા નીકળતાં જ નહિ હોય ! અને કદાચ નીકળે તો આ સમકિતી જીવોની જેમ લક્ષ્ય હોય ! ત્યારે જ ... !!!

પેલો સિદ્ધપુત્ર જ્યાં ઋષભદત્ત ઉભા છે ત્યાં આવીને ઉભો રહે છે. એટલે

ઋષભદત્તે પૂછ્યું કે કઈ તરફ જાઓ છો ? ત્યારે કહ્યું કે, અહીં બાજુના પ્રદેશમાં ભગવાન્ સુધર્માસ્વામીજી સમવસર્યા છે. ત્યાં દેશના સાંભળવા જાઉં છું. ચાલો તમારે આવવું હોય તો લઈ જાઉં.

હવે ઋષભદત્ત સમકિતી જીવ હોવાથી વિચારે છે કે, ધારિણીનાં અંતરમાં જે વિચાર રહેલો છે તે કદાચ સુધર્માસ્વામીની દેશના સાંભળવાથી નીકળી જશે. અહીં હું એનાં વિચારને શી રીતે કાઢી શકીશ ! અહો ! મારો કેટલો પુણ્યોદય! આવો સુસંયોગ સાંપડ્યો ! આમ વિચારી જવાની હા પાડે છે અને યશોમિત્રની સાથે ને સાથે જાય છે.

ફરવા નીકળેલાં હોવાં છતાં જ્યાં ગુરૂનાં સમાચાર મળ્યાં કે તરત જ ફરવાનું છોડી દઈ ગુરૂ ભગવંતનાં વંદન અને દેશનાશ્રવણ માટે જાય. જ્યારે આજે ફરવા નીકળ્યા હોય, અને કોઈ સાધુ પાસે જવાની વાત કરે અથવા મોટો પર્વનો દિવસ છે એમ કહી પ્રતિક્રમણ માટે આવવાની વાત કરે તો તે ફરવા જનારાં આવે ખરાં ! આવું શાથી ! કહો કે ધર્મારાધના કરે છે પણ અંતરમાં ધર્મ પરિણામ પામેલ નથી માટે આ સ્થિતિ સર્જાય છે. જો અંતરમાં ધર્મ પરિણામ પામ્યો હોય, અથવા પરિણામ પમાડવો હોય તો ફરવા જતાં પણ કમને જાય. એવી જ રીતે સજોડે ફરવા નીકળ્યા હોય અને તેમાં ધર્મ માટે જવાની કદાચ પતિ વાત કરે તો પત્ની તેની સાથે જ જાય ને ! તે કરે તે પ્રમાણે કરવા તૈયાર જ હોય ને કે પછી પત્નીને પૂછવું પડે ? તમારો શો રિવાજ છે ?

આર્યસંસ્કૃતિનો એ ગુણ હતો કે પુરૂષની જે ઈચ્છા હોય તે પ્રમાણે પત્નીને અનુસરવું પડે, અને તે રીતે જીવન જીવાતું હોવાથી બધી મર્યાદાઓ જળવાતી હતી. આજે તમે જ સમજો કે, પત્ની તમારે અનુસારે ચાલે છે કે તમારે તેમને અનુસરવું પડે છે ? આમાં ખ્યાલ આવશે કે આજે પુણ્ય કેટલું ઓછું થઈ ગયેલ છે અને જેમ જેમ દિવસો જાય છે તેમ જીવનમાંથી પુણ્ય ઓછું થતું અનુભવાય છે ને... !

જ્યારે ઋષભદત્તે સુધર્માસ્વામી ભગવાન પાસે જવાની હા કહી તેમાં ધારિણીને પૂછ્યું નથી પણ તેના અંતરમાં જ છે સ્વામિ જે કરે જ્યાં જાય ત્યાં મારે જવાનું અને તે કહે તે મુજબ કરવાનું. હવે સિધ્ધપુત્ર-યશોમિત્ર-ઋષભદત્ત

અને ધારિણી ત્રણેય સુધર્માસ્વામી ભગવાન જ્યાં પધાર્યા છે ત્યાં જાય છે અને જયાં દેશના ચાલતી હતી ત્યાં પુરૂષની સભામાં યશોમિત્ર અને ઋષભદત્ત બેસે છે અને બેનોની સભામાં ધારિણી બેસે છે અને દેશના સાંભળે છે.

## ચારે ગતિના દુઃખોનું વર્ણન

ભગવાન સુધર્માસ્વામી દેશનામાં કહી રહેલા છે કે મનુષ્ય, જન્માદિ સર્વ ધર્માનુકૂલ સામગ્રી પ્રાપ્ત કરીને શાશ્વત સુખ માટે પ્રયત્ન કરવો જોઈએ કારણકે સંસારની આ ચારે ગતિઓ સેંકડો દુઃખોથી ભરપૂર છે.

નારકીભૂમિમાં અતિ સાંકડા મુખવાળી ઘટિકામાંથી છેદાઇ-ભેદાઇને ખેંચાવું, અગ્નિમય કુંભિમાં રંધાવું, કાગડા અને તેવા હિંસક પક્ષીઓ વડે શરીર ફોલી ખવાવું, ધગધગતી અગ્નિજ્વાલાઓથી તપાવેલી હોવાથી લાલચોળ લોઢાની પૂતળીઓ સાથે દૃઢ આલિંગન, આવા પ્રકારની નારકીની અનેક ભયંકર વેદનાઓમાંથી એક પણ વેદનાનું યથાર્થ સ્વરૂપ કહેવા અમે શક્તિમાન નથી.

ભૂખ, તરસ, તાપ, નદી, વાયરો, ઠંડી, સખત વરસાદ પરાધીનતા, અગ્નિદાહ આદિક વેદનાઓ, વ્યાધિ, શીકારીઓથી વધ, વ્યથા, ચામડી કપાવી, નિર્લાંછન, ડામ વગેરેની વેદના, પીઠ ઉપર હદ ઉપરાંતનો ભાર વહન કરવો આ વગેરે દુઃખથી તિર્યંચગતિમાં સાંસારિક સુખથી છેતરાયેલા બિચારા તિર્યંચો વિચરે છે.

દૌર્ભાગ્ય, દુર્જનની વાણીનું શ્રવણ, ગૃહસ્થપણાનું ગર્હિત ગૃહ દરિદ્રપણારૂપી મહાપર્વતની અંદર જેનો હર્ષ છૂપાઇ ગયો છે દાસપણાદિકથી દીનમુખવાળા સંગ્રામમાં મોખરે જવાથી ભેદાયેલા શરીરવાળા એવી અનેક પીડાઓથી દુઃખી મનુષ્યોના આત્મામાટે વિચાર કરીએ તો તેમને ઉચિત લેશ પણ સુખ નથી.

દેવતાઓ મરણકાળ સમયે કેવા વિલાપ કરે છે ? અરેરે, મારા કલ્પવૃક્ષો, ક્રીડા કરવાની વાવડીઓ, મારી પ્રિય દેવાંગનાઓ, તમે મારો ત્યાગ કેમ કરો છો ? દેવોને, હવે ગર્ભરૂપી નરકમાં વાસ કરવો પડશે આવા વિચારોથી અનેક દુઃખો અનુભવતા તે દેવોનું હૃદય વૈક્રિય હોવા છતાં પાકેલા દાડિમફળ ફુટવા માફક ખરેખર સેંકડો અને ક્રોડો ટૂકડા રૂપે ભેદાઇ જાય છે.

સંસારમાં નિવાસ કરતા ચારે ગતિના જીવોનાં ઘણાં દુઃખો જણાવ્યા છે. આ સમગ્ર દુઃખોથી છૂટવાની અભિલાષાવાળાએ અનુપમ. છેડાવગરના દુઃખ વગરના, અને એકાંત સુખમય સિદ્ધિ સુખ મેળવવા માટે યોગ્ય ઉચિત ઉપાય-પ્રયત્ન કરવો જોઇએ.

અહીં આ મનુષ્યગતિમાં ખરેખર પ્રશંસવા લાયક પદાર્થ હોય તો શુદ્ધ ધર્મની પ્રાપ્તિ છે. માટે આર્ય, વિવેકી પુરૂષોએ સાક્ષાત્ જિનેશ્વરોએ આચરેલી અને કહેલી દીક્ષા અને શિક્ષા-ઉપદેશનું સેવન કરવું જોઇએ.

## શુભધર્મ અને શુદ્ધધર્મનો ભેદ

અનાદિ કાળથી ભટકતાં એવા જીવો કર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ૭૦ કોટાકોટી સાગરોપમ ૩૦ કોટાકોટી સાગરોપમ, અને ૨૦ કોટાકોટી સાગરોપમની બાંધીને સંસારમાં ભટકતા ભટકતાં દુઃખ ભોગવતાં ભોગ વતાં અકામ નિર્જરાદ્વારા સીતેરમાંથી અગણ્યોસીતેર કોટાકોટી સાગરોપમ અને તેથી કાંઇક વધારે, ત્રીશમાંથી ઓગણત્રીશ કોટાકોટી સાગરોપમ અને તેથી કાંઇક વધારે, તથા વીસમાંથી ઓગણીશ કોટાકોટી સાગરોપમ અને તેથી કાંઇક વધારે સાતે કર્મોની સ્થિતિ સત્તા ઓછી કરે એટલેકે એક કોટાકોટી સાગરોપમમાં પલ્યોપમના અસંખ્યાતમા ભાગ જેટલી સ્થિતિ સત્તા ઓછી થયેલી હોય જેને જ્ઞાની ભગવંતોએ અંતઃકોટાકોટી સાગરોપમની સ્થિતિ કહેલી છે. તે સ્થિતિ પેદા થાય ત્યારે જીવ ગ્રંથી દેશે આવેલો કહેવાય છે.

ગ્રંથી એટલે અનુકૂળ પદાર્થ પ્રત્યેનો ગાઢ રાગ અને પ્રતિકૂળ પદાર્થ પ્રત્યેનો ગાઢ દ્વેષ. અથવા જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, અને અંતરાય આ ત્રણ કર્મના ક્ષયોપશમ ભાવથી રાગાદિપરિણામની જે પુષ્ટિ થવી અથવા પુષ્ટિ કરવી તેને જ્ઞાની ભગવંતો ગ્રંથી કહે છે.

આ ગ્રંથીદેશે અભવ્ય જીવો, દુર્ભવ્ય જીવો, ભારેકર્મી, અને દુર્લભબોધિજીવો અનંતીવાર આવી અનંતીવાર ધર્મક્રિયાઓ કરી પાછી ઉત્કટ સ્થિતિ બાંધી સંસારમાં ફરવા માટે જાય.

આ ગ્રંથીદેશને અનાદિયથાપ્રવૃત્તકરણ કહેવાય છે. અને આ ગ્રંથીદેશે અભવ્ય, દુર્ભવ્ય, ભારેકર્મી, દુર્લભબોધિ જીવો જેકાંઇ ધર્મની ક્રિયાઓ કરતાં નિરતિચાર

ચારિત્રનું પાલન કરે, તથા જ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમ ભાવથી સાડા નવપૂર્વ સુધીનું જ્ઞાન ભણી દેશના લબ્ધિપ્રામ કરે, છતાં પણ સુખના રાગથી ધર્મ પ્રવૃત્તિ કરતા હોવાથી તેમની કરેલી ધર્મપ્રવૃત્તિ શુભભાવના ધર્મવાળી ગણાય છે. આ જીવોને શુદ્ધ પરિણામ કોઈ પણ વખત પેદા થતો નથી જ. તેથી તેમની ધર્મક્રિયાઓ અને જ્ઞાન નિયમા પાપાનુબંધી પુણ્ય બંધાવે છે. માટે શુભ ભાવથી કરેલો ધર્મ સંસાર સાગરથી તારવા સમર્થ થતો નથી.પણ સંસારની રખડપટ્ટીનું કારણ જરૂર બને છે.

જ્યારે, જે લઘુકર્મી આત્મા અનાદિ યથાપ્રવૃત્તકરણ એટલે ગ્રંથીદેશે આવેલો હોય છે તેને ભગવાનનાં શાસનનો ધર્મ મલે, અને તે સાંભળતા સાંભળતા પોતાના આત્મામાં રહેલી ગ્રંથીને ઓળખવાનું મન થાય, અને ઓળખ્યા બાદ તેના કારણે સંસારમાં હું દુઃખી થયો છું માટે મારે દુઃખ ન જોઈતું હોય તો ગ્રંથીથી સાવધ રહી તેને સંયમીત કરતો જાઉં, અને એમ કરતા કરતા તેને ભેદવાની ભાવના થાય ત્યારે જીવને ધર્મની આરાધના કરતા આરાધક ભાવ પેદા થાય છે. અને તે પેદા થયેલો આરાધક ભાવ, તેને જ્ઞાની ભગવંતો શુદ્ધ ધર્મ કહે છે. માટે ખુદ ભગવાન સુધર્માસ્વામી પોતે ફરમાવી રહ્યા છે કે મનુષ્ય ગતિમાં પ્રશંસવા લાયક પદાર્થ હોય તો શુદ્ધધર્મની પ્રાપ્તિ છે.

આટલા વર્ષોથી આરાધના કરીએ છીએ, તેનાથી શુદ્ધ ધર્મની પ્રાપ્તિ થઈ છે ? અથવા તે પેદા કરવાનું મન પણ થયું છે ? તેના કારણે જેમ જેમ આરાધના કરીએ છીએ તેમ તેમ રાગાદિ પરિણામની સંયમતા થાય છે. એવી અનુભૂતિ થાય છે ? તોજ આ શુદ્ધ ધર્મ બની શકશે, અને કોઈ નિકાચીત કર્મ ભોગવવા લાયક નહિ હોય તો સંખ્યાતા ભવમાં મુક્તિ જરૂર થઈ જશે બોલો મુક્તિ વહેલી જોઈએ છે ?

શ્રી સુધર્માસ્વામીનાં મુખે દેશના સાંભળતાં સૌને અમૃત પીવા જેટલી તૃપ્તિ થઈ. દેશનાના અંતે યશોમિત્રે જંબૂવૃક્ષનું વર્ણન પુછ્યું એટલે કે આ જંબૂદ્વીપને વિષે જંબૂવૃક્ષ કેટલું મોટું અને કયા પ્રકારનું છે તેનું સ્વરૂપ વિસ્તારથી જણાવવા કૃપા કરશોજી એમ કહ્યું ! એટલે શ્રી સુધર્માસ્વામી ભગવાને જંબૂદ્વીપમાં રહેલા જંબૂવૃક્ષનું વર્ણન જેવા પ્રકારનું છે તેવા પ્રકારનું કહેવા માંડ્યુ, એટલે તે જેવા જેવા ગુણોવાળું છે તેવા ગુણોનું વર્ણન શરૂ કર્યું તે સાંભળતા સાંભળતા

ધારિણીના અંતરમાં ખુબ આનંદ ઉલ્લાસની સાથે ઉત્કંઠા વધવા લાગી, અને તેના કારણે અંતરમાં રહેલા મોહનો ઉછાળો પણ વધવા લાગ્યો તેના કારણે હું ક્યાં બેઠી છું અને કોને પુછુ છું એ ધ્યાન ન રહેતા શ્રી સુધર્માસ્વામી ભગવાનને પૂછે છે કે- ભગવાન્ ! આવા ગુણવાળો પુત્ર મને થશે કે નહિ ? આ સાંભળીને સુધર્માસ્વામી ભગવાન મૌન રહ્યા છે, કારણકે આ પ્રશ્ન સાવદ્ય હોવાથી સાવદ્ય વચન સાધુથી બોલાય નહિ માટે મૌન રહ્યા છે.

આજની સ્થિતિની વિચારણા કરો, આ ચરિત્ર ઉપયોગ પૂર્વક વાંચે અને વિચારે તો આજે સાધુઓમાં જે રીતે સાવદ્ય વચન આદિની પ્રવૃત્તિ વધી રહેલી દેખાય છે તે નષ્ટ થઇ જાય અને શ્રાવકો પણ સાધુ પાસે સાવદ્ય પ્રવૃત્તિ કરાવતા પણ બંધ થઇ જાય.

જ્યારે ધારિણીએ પુત્ર માટે પુછ્યું એટલે યશોમિત્ર ગુસ્સે થઇને ઋષભદત્તને કહે છે કે અહીં આવું પુછાય ? તમો આટલું પણ જાણતા નથી ? ત્યારે ઋષભદત્તે અને ધારિણીએ ઉભા થઇ માફી માગેલ છે. ત્યારબાદ દેશના પૂર્ણ થતાં ત્રાણે જણા બહાર નીકળ્યા ત્યારે રસ્તામાં યશોમિત્રે જણાવ્યું કે આ વાત ગુરૂ ભગવંતને જણાવી, એટલે કે પુછ્યું તે ઠીક ન કર્યું. મને પુછ્યું હોત તો હું જવાબ આપી દેત. બોલો હવે શું પુછવું છે ? ત્યારે ધારિણીએ કહ્યું કે મને પુત્ર થશે કે નહિ. નિમિત્તના આધારે જણાવ્યું કે તમને જંબૂવૃક્ષના ગુણો જેવો ગુણવાન પુત્ર થશે. આજથી સીત્તેરમા દિવસે સિંહ સ્વપ્નથી સુચિત તમને ગર્ભ રહેશે. તે સાંભળીને સંભ્રમથી આનંદમાં, મોહના ઉછાળાના કારણે હે, સિધ્ધપુત્ર તમારું વચન અન્યથા ન થાઓ તે માટે હું એકસોને આઠ આયંબિલ કરીશ. તે બોલ્યા બાદ ઋષભદત્તે કહ્યું કે આ શું બોલે છે ? તો તે વખતે દુઃખ પણ થયું.

સુધર્માસ્વામી ભગવાન ખુદ જાણતા હતા કે જે પુત્ર પેદા થવાનો છે તે મારી પાસે સંયમ લઇ શાસનનો છેલ્લો કેવલી થવાનો છે, છતાં પણ સાવદ્ય વચનવાળો પ્રશ્ન અને જવાબ હોવાથી જવાબ ન આપતા મૌન રહ્યા છે. ત્યારબાદ નૈમિત્તિકે જે વાત કહી તે, શ્રાવક શ્રાવકને પૂછે અને શ્રાવક જે જવાબ આપે તે, અવિરતિમાં બેઠેલા છે માટે જે ઠીક લાગે તે કહી શકે છે. તે સાંભળીને બન્ને સમકિતી હોવા છતાં મોહના ઉછાળાથી તપ કરવાનું જણાવે છે તેમાં પણ

પોતાને થાય છે કે મારાથી આ શું થઈ ગયું. આ કારણથી સમકિતી જીવો કદાચ મોહના ઉદયથી કરણી કરે એટલે તે કરણીય તો કહેવાય જ નહિ. સમકિતીની કરણીની પણ શાસ્ત્રે તે પ્રમાણે નોંધ લીધેલી જ હોય છે.

હવે ઋષભદત્ત અને ધારિણી બન્ને પોતાના ઘરે આવ્યા, અને સારા દિવસે ધારિણી એ આયંબિલની શરૂઆત કરી. તેમાં સીત્તેરમા દિવસે સિંહસ્વપ્ન આવ્યું અન ગર્ભ રહ્યો, તેવી નિશાની પણ જણાઇ, તે વાત પોતાના સ્વામીને જણાવી ત્યારે ઋષભદત્તે કહ્યું કે સિધ્ધપુત્રે કહેલી વાત અન્યથા હોય નહિ, મને પુરો વિશ્વાસ હતો. તેમાં પાંચમા દેવલોકમાંથી વિદ્યુન્માલી દેવ જે જંબૂકુમાર રૂપે થઇ શાસનમાં છેલ્લા કેવલી થવાના છે, તે ધારિણીની કુક્ષીમાં આવ્યા, અને સિંહસ્વપ્નથી નિર્દેશ થયેલા છે. આ રીતે ધારિણીના ઉદરમાં ગર્ભ વધતા વધતા જેમ દિવસો પસાર થાય છે તેમ તેમ સારી ભાવનાઓ, સારા વિચારો તથા ઉત્તમ કોટીના દોહલાઓ જેવા કે, ધર્મ પ્રભાવના, અઠ્ઠાઇ મહોત્સવો, તથા અનેક ધાર્મિક કાર્યો કરવાના મનોરથો પેદા થતા જાય છે. તે મનોરથોને ઋષભદત્તે ઘણું દ્રવ્ય ખર્ચીને પૂર્ણ કર્યા, તેથી ધારિણીની ધર્મ પ્રત્યેની અભિરૂચિ પણ વધવા લાગી. આ રીતે ગર્ભના દિવસો પૂર્ણ થતા, તેમજ સમગ્ર અનુકૂળ યોગો પ્રાપ્ત થતાં ધારિણીએ પુત્ર રત્નને જન્મ આપ્યો, એટલે જંબૂકુમારનો જન્મ થયો. પુત્રજન્મ સમયે નગરલોક સમૂહથી ચૈત્યગૃહો અને જિનાલયોમાં વિસ્તારપૂર્વક પૂજાની રચના, તથા વાજિંત્રોના શબ્દોના આડંબરથી આનંદોન્મત બનેલી નૃત્ય કરતી નગર નારીઓવાળું નગર બની ગયું. કેદખાનામાંથી કેદીઓને બંધન મુક્ત કરાવીને તથા દીનાદિક વર્ગને દાન આપવાનું વર્ધાપણા-વધામણા મહોત્સવ કરીને ઋષભદત્તે નગરને મનોહર અને રમણીય બનાવ્યું. બારમા દિવસે શુભવિધિથી સાધુ આદિને પ્રતિલાભી સમગ્ર જ્ઞાતી અને નગર લોકોને આદરપૂર્વક ઉત્તમ પ્રકારની રસવતીઓ તૈયાર કરાવી સુંદર ભોજન કરાવ્યું. શુભ મુહુર્તમાં મોટા મહોત્સવ પૂર્વક આ પુત્રનું નામ જંબૂકુમાર હો, એમ કહીને તે નામ સ્થાપન કર્યું.

સંસારમાં શ્રાવકના ઘરે દિકરો જન્મે ત્યારે હર્ષ થાય શાથી ? હાશ ! વારસદાર પાક્યો મારું નામ રાખશે, વંશ પરંપરા ચાલશે, એ ભાવનાથી ? કે મારે ત્યાં કોઈ સારા સંસ્કાર લઇને આવેલો છે તો તેને સંસ્કારનું સીંચન કરી એવી રીતે તૈયાર કરીશ કે જેથી પોતાના આત્માને સંસાર સાગરથી તારે અને

અમારો પણ ઉધ્ધાર કરે આ ભાવના થાય ? હર્ષ આ બન્ને ભાવનામાંથી કઇ ભાવનાનો થાય ? જો પહેલી ભાવના અને વિચારથી હર્ષ થાય તો સમજવું કે ધર્મક્રિયા કરીએ છીએ અને શુભભાવના રૂપે ધર્મ થાય છે પણ અંતરમાં ધર્મ આવેલો નથી. તેથી શુધ્ધ પરિણામવાળો ધર્મ પેદા થયો નથી એમ સમજવું બરાબરને ! આ બન્ને સમકિતી જીવો હતા અને પુણ્યાનુબંધી પુણ્યવાળી લક્ષ્મી પણ હતી, તેથી પોતાના ધર્મને અનુરૂપ તેનો જન્મોત્સવ કર્યો. આજે જે રીતે જન્મોત્સવ તથા બર્થડે ઉજવો છો, તેમાં ધર્મના પરિણામ વધે, ધર્મની ભાવનાઓ વધે તે રીતે ધર્મમય જીવન તે દિવસે કુટુંબ સાથે પસાર કરો છો કે કાંઇક બીજું જ થાય ? ન ખાવાનું તે દિવસે ખવાય, ન પીવાનું પીવાય તથા અનેકને ખવડાવાય અને પીવડાવાય ઇત્યાદિ ખરૂંને ?

હવે જેમ નવીન કલ્પવૃક્ષ પ્રતિદિવસ વૃધ્ધિ પામે તેમ પાંચ ધાવમાતાથી પાલન કરાતો જંબૂકુમાર શરીરથી અને કલાઓથી વિશેષ વૃધ્ધિ પામવા લાગ્યો. નિષ્કલંક અને સંપૂર્ણ સર્વ કળાઓ ગ્રહણ કરી બાલ્યકાળ વટાવીને યુવાવસ્થામાં દાખલ થયો. એટલેકે યુવાન વય પામ્યો. જ્યારે યુવા અવસ્થા પામ્યો ત્યારે તેના મુખની કાંતિ ચન્દ્રને પણ શરમાવે તેવી શોભવા લાગી. અને જંબૂકુમારના વેવિશાળના કેણ (કહેણ) આવવા લાગ્યા.

તેજ નગરના કેટલાક શ્રેષ્ઠીઓ એક વખત ઋષભદત્તશેઠને ત્યાં આવ્યા અને પોતપોતાની પુત્રીઓ સાથે જ જંબૂકુમારનો સંબંધ જોડવા વિનંતી કરી. ઋષભદત્ત તથા ધારિણી પોતાના પુત્રને વિવાહિત થયેલો જોવાને ઘણાંજ ઉત્સુક હતા. તેમણે તેમની વિનંતી સ્વીકારી અને સમુદ્રપ્રિયની સમુદ્રશ્રી, સમુદ્રદત્તની પદ્મશ્રી, સાગરદત્તની પદ્મસેના તથા કુબેરદત્તની કુબેરસેના, નામની કન્યાઓ સાથે સંબંધ જોડવામાં આવ્યો આ ચારે કન્યાઓ જંબૂસ્વામીના દેવભવની (વિદ્યુન્માલી) દેવીઓ હતી. આ ઉપરાંત કુબેરસેનની નભસેના, શ્રમણદત્તની કનકશ્રી, વસુષેણની કનકવતી તથા વસુપાલિતની જયશ્રી નામની કન્યાઓ સાથે પણ વેવિશાળની વાત થઈ. આમ દેવાંગના સમ રૂપવાલી આઠ કન્યાઓ સાથે જંબૂકુમારનો વિવાહ સંબંધ નકકી થયો.

એકદા વિહાર કરતા કરતા શ્રી સુધર્માસ્વામી ભગવાન રાજગૃહી નગરી

બહારના ઉદ્યાનમાં પધાર્યા જંબૂકુમારને તેમના આગમનની વધામણી મલી, વરસાદના આગમનથી જેમ ચાતક હર્ષિત થાય તેમ જંબૂકુમારને અતિ હર્ષ થયો.

સમકિતી જીવોનાં દિકરાઓને કેવા સંસ્કાર નખાતા હશે કે જેના કારણે સુધર્માસ્વામી ભગવાન પધાર્યા છે તે સમાચારથી જુવાન વય, આઠ પત્નીઓ સાથે વિવાહ, તથા નવ્વાણું કરોડ નગદ સૌનૈયામાં જેટલો હર્ષ નથી થતો તેનાથી કેઈગુણો અધિકહર્ષ ગુરૂભગવંત પધાર્યા તેનો થાય છે. જ્યારે આજે વિચારણા કરોતો શું પરિસ્થિતિ જણાય છે ? ખરેખર ધર્મ કરવો અને પામવો તે બેમાં કેટલું મોટું અંતર રહેલું છે તેમ લાગતું નથી ? તથા આજે સુખી ઘરના દિકરાઓની શું સ્થિતિ છે તે ખ્યાલ આવે છે ?

આગલા ભવમાં સુંદર રીતે ધર્મ આરાધના કરી સંસ્કાર દ્દઢ કરેલા હોય અને સાથે લઈને આવેલા હોય તેવા જીવોને આ ભવમાં પણ ધર્મજ ગમે, તેમ આપણે પણ આ ભવમાં સંસ્કાર દ્દઢ કરીએ તો આવતે ભવે સંસ્કાર સાથે આવે અને અધુરી રહેલી આરાધના આગળ થાય અને ધર્મ ગમતો થાય. એ માટે પણ આ ભવમાં ધર્મના સંસ્કાર દ્દઢ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

હવે જંબૂકુમાર સુધર્માસ્વામીને વંદન કરવા બહાર નીકળ્યો. જે ઉદ્યાનમાં સમવસરેલા છે ત્યાં જઈ વંદન કરી, પ્રણામ કરીને તેમની દેશના સાંભળવા બેઠો, તેમાં તેનો નંબર છેલ્લો આવેલો છે કારણતે પહેલા ગામના માણસો આવી બેસી ગયેલા હતા. તેથી છેલ્લે બે હાથ જોડી હર્ષિત હૃદયવાળો તેમની દેશના સાંભળવા લાગ્યો.

## સુધર્માસ્વામિ ભગવાનની દેશના-

લોકમાં ચોલ્લક આદિ દશ દ્દષ્ટાંતે દુર્લભ ઉત્તમ મનુષ્યપણાનો ભવપામી પ્રમાદ-મદિરામાં ઉન્મત્ત બની તમે આ કિંમતી મનુષ્ય ભવહારી ન જતાં તેમાંથી શ્રેષ્ઠ રત્નનું ફળ મેલવો કારણકે પવનની લ્હેરોથી ડોલતા વૃક્ષના પત્ર સરખું જીવોનું આયુષ્ય અતિચંચળ છે. યૌવન મદોન્મત્ત કામિનીના કટાક્ષ સરખું ચપળ છે. કાયાજૂના જર્જરિત બખોલવાળા વૃક્ષ સરખી રોગાદિક સર્પ માટે નિવાસસ્થાન જેવી છે. સર્પિણી સરખી રમણીઓ સ્વાધીન કરવી મુશ્કેલ છે. લક્ષ્મી વૃક્ષના

છાંયડા માફક બીજે ચાલી જનારી અતિચંચળ છે. એટલું જ નહિ પરંતુ અનર્થ ઉત્પન્ન કરનારી છે. જે પ્રિયના સંયોગો, તે પણ વિયોગના અંતવાળા છે. આ પ્રમાણે વિનાશ પામવાના સ્વભાવવાળા સંસારભાવને યથાર્થ વિચારી શાશ્વત સુખના સ્થાન સ્વરૂપ મોક્ષને વિષે પ્રયત્ન કરવો, તે હંમેશ માટે યુક્ત છે, તે મોક્ષનું પણ જો કોઈ અપૂર્વ કારણ હોય તો નિરવદ્ય એવી દિક્ષા છે. સારા ક્ષેત્રમાં પણ બીજ વગર ડાંગર ઉગતી નથી, તે દીક્ષા કાયર પુરૂષને દુષ્કર છે અને બહાદુર પુરૂષને સુકર-સહેલી છે. સંતોષ અને સમાધિવાળા પુરૂષને શિવસુખ અહિંજ દેખાય અને અનુભવાય છે.

સુધર્માસ્વામી ભગવાનની દેશનામાં પણ શું મલ્યું ? ગણધર ભગવંતો પણ મોક્ષ સુખની ઉપોદયતાને જ વર્ણવે છે ને ? સુખ માટે ધર્મ થાય એવી કોઈ વાત દેખાય છે ? પોતાના જ્ઞાનથી જે યથાર્થ સ્વરૂપ સંસારનું જુએ છે તેનુંજ વર્ણન કરે છે ને ? મનુષ્યનું આયુષ્ય કયા પ્રકારે છે તે બતાવે છે. પવનનાં સુસવાટાથી એટલે લહેરોથી વૃક્ષના પાંદડા ડોલતા હોય તો ઝાડ ઉપર કેટલો ટાઈમ રહે ? તેની જેમ મનુષ્યનું આયુષ્ય હોય છે. આ વાત માનીએ છીએ ખરા ? આ શ્રધ્ધા પેદા થતી જાય તો પ્રમાદરૂપી મદિરાનો મદ કાંઈક ઓછો થાય. બરાબરને ? પછી યૌવન કયા પ્રકારનું છે તે જણાવે છે, કે યૌવન મદોન્મત્ત કામિનીના કટાક્ષ સરખું ચપળ છે. જ્ઞાની ભગવંતો કહે છે કે યૌવનને વિષે મનુષ્ય જન્મમાં ધર્મ મલી જાય અને આરાધાય તો મહાફળને આપે તથા કોઈ નિકાચીત કર્મ ન નડતું હોય તો સંખ્યાતા ભવોમાં મુક્તિને નજીક બનાવી શકાય માટે યૌવનને ખાસ ઓળખીને ચાલવાનું છે. આ કાયા કયા પ્રકારની છે તે જણાવે છે. જર્જરિત બખોલવાળા વૃક્ષ સરખી કે જે બખોલમાં સર્પાદિ વાસ કરીને રહે છે તેમ આ કાયા પણ રોગાદિ સર્પો માટે નિવાસસ્થાન રૂપ છે માટે જેમ બને તેમ કાયાનું મમત્વ પણ ઘટાડવા પ્રયત્ન કરવો જોઈએ ને ! આ વિચારણાઓ રોજ ચાલુ રહે તોજ કાંઈક કલ્યાણ માર્ગ દેખાય એમ લાગે છે ? પછી જણાવે છે કે જેના પ્રત્યે અત્યંત રાગ છે તે જે માગે તે લાવી આપો છો તે કેવા પ્રકારના છે. તેમાં કહે છે કે સર્પિણી સરખી રમણીઓ સ્વાધીન કરવી મુશ્કેલ છે. વિચારો સુધર્માસ્વામી ભગવાન કહી રહ્યા છે ને ? રાગાદિ પરિણામ અનાદિ કાળથી જે વળગેલા છે તેને કાઢવા અને નાશ કરવા માટે તથા આત્માને દુ-ખી ન

કરવા માટે અને મોક્ષનો અભિલાષ પેદા કરવા માટે જ્ઞાનીઓએ શું કહ્યું છે. તે ખ્યાલમાં આવે છે ? સર્પિણી સરખી કહેલી છે. ઘરમાં એક સાપ અથવા નાગણ નીકળે તો ન રહેવાય તો નાગણ અને સર્પિણી સમાન માનો તો જ જ્ઞાન ગર્ભિત વૈરાગ્ય પેદા થાય, દૃઢ થાય, અને આગળ વધાય. લક્ષ્મી એટલે પૈસા માટે જણાવે છે કે લક્ષ્મી અનર્થને ઉત્પન્ન કરનારી છે. બોલો તમને પુણ્યથી મળેલી લક્ષ્મી અનર્થને ઉત્પન્ન કરનારી લાગે છે ? આ વિચારણાઓ જ્યાં સુધી આત્મામાં પેદા ન થાય ત્યાં સુધી શાશ્વત સુખના સ્થાનરૂપ મોક્ષ માટે યત્ન થાય એમ કહી શકાય ? એટલે જ મોક્ષ માટે આ મનુષ્ય જન્મમાં યત્ન કરવાનું જણાવે છે. અને તે મોક્ષના ઉપાય માટે નિરવદ્ય કોઈપણ કારણ હોય તો એક દીક્ષા જ છે. એમ જણાવે છે. તમને આ વાતો ગમે છે ખરી ? અમારી પાસે આવો છો છતાં સાધુપણું ગમતું નથી, ભગવાન પાસે જાઓ છો છતાં ભગવાન ગમતા નથી શાથી ? મોક્ષાભિલાષ પેદા થયેલ નથી એમ જ કહેવાય ને !

જંબૂકુમારે દેશના સાંભળી ને ત્યાંજ પોતે વૈરાગ્ય વાસિત મનવાળો થયો. કારણ લઘુકર્મી આત્મા છે પૂર્વભવમાં આરાધના કરીને આવ્યો છે. આપને લઘુકર્મી બનવું છે ? જે જીવોનો સંસાર અર્ધપુદ્ગલ પરાવર્તકાળ કરતાં કાંઈક ન્યૂન હોય તે લઘુકર્મી થઈ શકે બોલો આપનો સંસાર કેટલો લાગે છે ? લઘુકર્મી છીએ કે ભારેકર્મી ?

જંબૂકુમાર ગણધર ભગવંતના ચરણ કમલમાં પ્રણામ કરીને વિનંતી કરવા લાગ્યો કે હે સ્વામી, આપની પાસે દીક્ષા લેવાની અભિલાષા રાખું છું ગણધર ભગવંતે કહ્યું કે ધીર, તો હવે વિલંબ ન કરીશ, જલ્દી તૈયાર થા, આવી ક્ષણ ફરી પ્રાપ્ત થવી દુર્લભ છે. જંબૂકુમારે કહ્યું કે- હું માતા-પિતાની રજા લઈને જલ્દી પાછો આવું છું માટે મારી વિનંતિ છે કે, હું રજા લઈને આવું ત્યાં સુધી આપ અત્રેજ સ્થિરતા કરશો. આટલું જણાવી જંબૂકુમાર પોતાના અશ્વરથમાં બેસી ઘર તરફ ચાલ્યા. ત્યાં નગરના દરવાજા નજીક આવતા લોકોની મોટી ભીડ જોઈ. લશ્કરી સૈનિક-હયદળ-પાયદળ વગેરેનો એટલો બધો સમૂહ ભેગો થયેલો હતો કે તલમાત્ર પણ દરવાજામાં પેસવાની જગા ન મલે. દરવાજા ઉપર પણ બધા શસ્ત્રો ગોઠવાતા જોયા તેમાં વિચાર આવે છે કે અહીંથી જતાં વાર ઘણી લાગે એમ છે, અને જો કદાચ દરવાજામાં પેસતા કોઈ શસ્ત્ર મારા ઉપર પડે અને

મરણ થઈ જાય, તો અવિરતિમાં જવું પડે તેથી મારું અવિરતિમાં મરણ ન થાય એ માટે ગણધર ભગવાન પાસે જઈ જીંદગી ભરનું બ્રહ્મચર્યવ્રત લઈ લઉં, કે જેથી મરણ થાય તો વિરતિમાં જવાય. આ હેતુથી રથ પાછો વાળી જ્યાં ગણધર ભગવંત હતા ત્યાં આવે છે. વંદન કરી જીંદગીભર માટે બ્રહ્મચર્યવ્રતની માગણી કરે છે અને તે વખતે જ ગણધર ભગવંતે વ્રત આપ્યું. તે લેતાં જંબૂકુમારને ખુબ સંતોષ થયો. દીક્ષા પહેલા આ બ્રહ્મચર્યવ્રત એ પ્રણવ ૐ મંત્ર સમાન છે. જંબૂકુમાર રથમાં બેસીને ગામના બીજા દરવાજા પાસેથી પેસી પોતાના ઘરે આવ્યો. ત્યારપછી માતા-પિતાને વિનંતી કરવા લાગ્યો કે, હે પિતાજી તથા માતાજી, આજે મેં સુધર્માસ્વામી ભગવાનની નિરવદ્ય દેશના સાંભળી તેથી મારૂં મન સાવદ્ય લેપરહિત - વિરતિમાં લીન બન્યું છે.

ગણધર ભગવંતની એક દેશના સાંભળતા કેવો જ્ઞાનગર્ભિત વૈરાગ્ય ભાવ પેદા થયો, તેના કારણે આઠ પત્નીઓની સાથે પાણી ગ્રહણની વાત પણ પોતે જાણે છે. મા-બાપે પોતાના માટે નક્કી કરેલ તેપણ ખબર છે છતાં વૈરાગ્ય ભાવ પેદા થતાં બ્રહ્મચર્ય વ્રતનો નિયમ પણ લઈ લીધો કેવો વૈરાગ્ય ભાવ પેદા થયો હશે ? અને આવો સુખી માણસ ગણધર ભગવાનને વિનંતી પણ કરે કે આપ મને દીક્ષા આપો એ વિચાર કેટલો ઉત્તમ છે.

માતા-પિતા કહે છે કે પુત્ર. ભગવંતની દેશના સાંભળી તે કાર્ય તેં સુંદર કર્યું. એમ તેઓએ કહ્યું એટલે જંબૂકુમારે કહ્યું કે મને દીક્ષા ગ્રહણની અનુમતિ આપો, એ વાત સાંભળતાની સાથે મૂર્ચ્છાથી બીડાઈ ગયેલી આંખોવાળા માતા-પિતા બન્ને જમીન ઉપર ઢળી પડ્યા. નોકરોએ આવીને સ્વસ્થ કર્યા. પણ જંબૂકુમાર પોતાના સ્થાનથી ખસ્યો નહિ ત્યારે દીન વચનથી (સ્વરથી) બોલ્યા કે, તુંજ એક માત્ર અમારી આશારૂપ વૃક્ષ છો, તારા ઉપર તો અમોએ કેટલાય મનોરથોના મહેલ બાંધ્યા છે. તેને તું આમ અકાલે તોડી નાંખ નહિ. ચારિત્ર લેવાની વાત કરવી અને ચારિત્ર પાળવું તે બન્ને ભિન્ન ભિન્ન વસ્તુઓ છે. ચારિત્ર ખાંડાની ધાર સરખુ છે. તારી જેવા કોમલ કાયાવાળા માટે દુષ્કર છે, આ રીતે ઘણી યુક્તિ પ્રયુક્તિઓ દ્વારા ઘણો સમજાવ્યો પણ રેતીમાંથી તેલ કાઢવાના શ્રમની જેમ સર્વ નિષ્ફળ ગયું. ચોળમજીઠના રંગ જેવો સંવેગરંગ જેને લાગ્યો હોય તે

સંસાર પંથમાં રાચે ખરો ?

જ્યારે માતા પિતાએ ઘણી રીતે સમજાવ્યા છતાં જંબૂકુમાર સાંભળતો નથી તો પણ દીક્ષા ન લેવાય તેમ કહેતા નથી પણ થોડાક કાળ પછી લે તો સારૂં એમ જણાવે છે. તથા સાથે કહે છે કે તું અમોને, અમારા વચન ખાતર લગ્ન કરીને તારી વહુઓનાં મુખ દેખાડ અને પછી તારે સંયમ લેવું હશે તો અમે રજા આપશું, અને તારી સાથે અમો પણ સંયમનો સ્વીકાર કરશું. ત્યારે જંબૂકુમારે વિચારીને જણાવ્યું કે તો લગ્નની તૈયારી જલ્દી કરો.

જંબૂકુમારે વિચાર્યું કે કદાચ મારા રહેવાથી અને માતા પિતાની આજ્ઞા મુજબ લગ્ન કર્યા બાદ તેમનો ઉધ્ધાર થતો હોય તો ઘણુંજ સારું છે હું મજબૂત છું કે નહિ ? તે પોતે વિચારી લે છે, અને મનમાં પણ પોતાને થાય છે કે જો આઠે આવનારી પણ લઘુકર્મી હશે તો તેનો પણ ઉધ્ધાર થશે તે આઠે મને ફસાવીને સંસારમાં પાડી શકે તેમ નથી, કારણકે મારો વૈરાગ્ય મજબૂત છે.

મા બાપની આજ્ઞાથી લગ્ન કરવાની તૈયારી કરે છે. એક બાજુ જીંદગીભરનું બ્રહ્મચર્યવ્રત ગ્રહણ કરેલ છે. તો તેના વૈરાગ્યમાં મજબુતાઇ કેટલી છે ? તે વિચારો. એક દેશના સાંભળતા સંસારના સુખ પ્રત્યે વૈરાગ્ય કેવો ઉંચી કોટીનો પેદા થયો છે. વર્ષોથી સાંભળવા છતાં હજી સુખ પ્રત્યે નારાજી પણ થતી નથી અને સારૂં લાગે છે. તો મોક્ષ માટે કેટલો પુરૂષાર્થ કરવો પડશે !

આ બાજુ ઋષભદત્ત અને ધારિણી એ આઠે કન્યાના માતા પિતાને ઘેર મલવા જાય છે. અને એક સ્થાને ભેગા કરી જણાવે છે કે અમારો દીકરો અમારા કહેવાથી લગ્ન કરવાનો છે. અને લગ્ન કર્યા બાદ તે દીક્ષાની વાત કરશે તો અમો દીક્ષા અપાવાના છીએ અને અમે પણ સાથે લેવાના છીએ, તમારે તમારી કન્યાઓ આપવી હોય તો આપો નહિંતર સર્યું.

જ્યારે આ વાત જંબૂકુમારના માતા પિતાએ જણાવી ત્યારે આઠે કન્યાઓના માતા પિતા વિચારે છે કે જોતે દીક્ષા લેવાનો હોય તો અમારે અમારી કન્યા આપવી નથી. અને વિચારવા લાગ્યા કે વેવિશાલ કરી ચૂક્યા છીએ, અને જંબૂકુમાર લગ્ન કરી દીક્ષા લે તો પુત્રીઓના ભવિષ્ય માટે શું કરવું, તે ચિંતાનો વિષય બન્યો છે. આ સમાચાર કુટુંબમાં ફેલાતા કન્યાઓ પણ ભેગી થઇ વિચાર કરવા લાગી, અને

વિચારીને પોતપોતાના પિતાઓને જણાવ્યું કે, તમારે બીજો વિચાર જ કરવાનો નથી. અમે સર્વ મનથી જંબૂકુમારને વરી ચૂકેલી છીએ. માટે આ ભવમાં અમારો સ્વામી જંબૂકુમાર જ થશે. જો કદાચ તમો તેની સાથે લગ્નની ના પાડશો તો આ ભવમાં અમો બીજો સ્વામી કરવાના નથી. ત્યારે આઠેના પિતાએ કન્યાઓને જણાવ્યું કે તે લગ્ન કર્યા બાદ સવારના દીક્ષા લેવાની વાત કરશે તો તમો શું કરશો? ત્યારે કન્યાઓએ જણાવ્યું કે અમે તેમને સમજાવવા માટે ખુબ પ્રયત્ન કરશું. સંસારમાં રાખવા માટે પ્રયત્ન કરશું અને જો નહિ જ રહે તો અમો પણ તેમની સાથે સંયમ લેશુ, એટલે કે અમો પણ સંયમ લેવા નીકળશું. આ સાંભળીને આઠેય કન્યાઓના માતા પિતા હર્ષિત થયા અને જંબૂકુમારના માતા પિતાને જણાવ્યું કે લગ્નની જલ્દી તૈયારી કરો. અમારી તૈયારી છે.

વિચારો લઘુકર્મી આત્માઓનો લઘુકર્મી આત્મા સાથે મેળ થાય છે. એટલે કે જોગ મલે છે તેથી જોયુંને, કે આઠે કન્યાઓએ મા બાપને શું જણાવ્યું તે, અને આજનો વિચાર કરો શું સ્થિતિ છે ? લગ્ન કર્યા અને ન બન્યું, ન ફાવ્યું, તો છૂટાછેડા સુધી પહોંચે છેને ! આનું કારણ શું ? કહોકે જૈન ગણાતા, ધર્મી ગણાતા કુટુંબોમાં પણ, આ બનતું હોય તેમાં વૈરાગ્ય ભાવ નથી એમ જણાય છે. તથા સુખપ્રત્યે જે સૂગ થવી જોઇએ તે થતી નથી તેજ મુખ્ય કારણ છે. તેનાથી ધર્મ નિંદાય તોય પરવા નથી નથીને ? જ્યારે કન્યાઓ મા બાપને કહી રહેલી છે કે અમારા સ્વામી જે કરશે તે અમે કરશું. ક્યારે કહી શકે ! અંતરમાં કેટલો વિશ્વાસ હશે ધર્મ પ્રત્યેનો ? તે કાળની કન્યાઓ પણ મા બાપની ચિંતા દૂર કરી શકતી હતી, જ્યારે આજના. શું બોલું ? તમે સમજી લેજો.

જ્યાં લગ્નની હા આવી ત્યાં ધારિણીનો હર્ષ માતો નથી. સમકિતી છે અંતરમાં હેયપણું પણ છે છતાં સંસારમાં વહુનું મોઢુ જોવાની ઇચ્છા અને સાથે સવારે સંયમ લેતો સાથે સંયમ લેવાની પણ ભાવના છે સમજાય છે ? ધર્મ અને મોહનું યુધ્ધ બન્ને સાથે ચાલે છે ને ! છતાં મોહનો વિજય દેખાય છે ખરો ? સમકિતીના અંતરમાં હંમેશા ધર્મનો વિજય હોય છે. તમારા અંતરમાં આ રીતે મોહની સામે યુદ્ધ ચાલુ થયું ! સમકિતી જીવો છોને. ધર્મનો વિજય થતો દેખાય છે ? કે અંતરના કોઈ ખૂણામાં બેઠોબેઠો રૂએ છે. તે વિચારો.

હવે નવાણું કરોડ નગદ સૌનૈયા અને એક નો એક દીકરો તેમાંય આઠ કન્યાઓ સાથે લગ્ન. કેવા ઠાઠમાઠથી લગ્ન કરે તે વિચારો. નજીકમાં લગ્ન નક્કી કરી લગ્નની તૈયારી કરી અને વરઘોડો પણ પોતાને અનુરૂપ કાઢ્યો. હજારોલોકો ભેગા થઇ તેના વખાણ કરવા લાગ્યા, પણ જંબૂકુમાર લગ્ન કરવા જતાં પણ મનમાં વિચારે છે કે, હજારો લાખો માણસો આ ક્રિયાના વખાણ કરી કેટલા કર્મનો બંધ કરે છે ? પણ કાંઇ નહિ કાલે સવારે આના કરતા એટલો સુંદર મોટો વરઘોડો દીક્ષાનો કઢાવીશ કે લોકોના કર્મોનો ભુક્કો થઇ જશે. આ વિચારણા કરતો વૈરાગી જીવ લગ્ન કરવા માટે લગ્ન મંડપમાં આવ્યો છે. અને લગ્નની વિધિ કરી રહ્યો છે તેની પહેરામણીમાં એટલી બધી ચીજો આવી કે તેનાથી એક સોનાનો પર્વત થઇ જાય અર્થાત્ ઉભો કરી શકાય. કુળને યોગ્ય સર્વ ક્રિયાઓ પતાવીને વિકાર રહિત જંબૂકુમાર પોતાની પરિણીત સ્ત્રીઓ સાથે પોતાને ઘરે આવ્યો અને શયન ગૃહમાં આઠ પત્નીઓની સાથે બેઠો છે.

## પ્રભવકુમાર-

હવે આ બાજુ જયપુર નગરના વિંધ્ય નામના રાજાને પ્રભવ અને પ્રભુ નામના બે પુત્રો હતા. પ્રભવ મોટો હોવા છતાં તેના પિતાએ પ્રભુ નામના પોતાના નાના પુત્રને રાજ્ય અર્પણ કર્યું જયપુરનો રાજા પ્રભુ થવાના કારણે અભિમાની મોટો પુત્ર પ્રભવ જયપુરથી બહાર નીકળી ગયો. વિંધ્ય પર્વતની તળેટીમાં નાનો સંનિવેશ (રહેઠાણ-ઝુંપડુ) બનાવરાવીને રહેલો તે નજીકના સાર્થ, ગામ વગેરે લુંટીને આજીવિકા ચલાવતો હતો. જંબૂકુમારના લગ્નની વાત દિગ્દિગંતમાં ફેલાઇ ગઇ હતી. સૌ કોઇ પોતપોતાને યોગ્ય લાભ મેળવવા મથી રહ્યા હતા તેમાં આ પ્રભવ ચોર જે ધીમે ધીમે કરતાં પાંચસો ચોરોનો ઉપરી થયેલો છે તેને વાત સાંભળવા મલી, તેના કારણે તે પ્રભવના અંતરમાં થાય છે કે, આજ રાજગૃહી નગરીમાં જઇ ઋષભદત્તને ત્યાં, જંબૂકુમાર આઠ કન્યાઓની સાથે લગ્ન કરીને ઘરે ગયો છે. તેની પાસે ઘણી ઋધ્ધિ સિધ્ધિ છે, અને પહેરામણીમાં ઘણું મળેલ છે, તેથી ત્યાં ચોરી કરી બધુ લાવી જીંદગીભર સારી રીતે જીવાશે, માટે આજે આપણે સૌ રાજગૃહી નગરી તરફ જઇએ. એમ જણાવી ચોરી કરવા

રાજગૃહી નગરીમાં આવવા માટે શુકન જોઇ, એટલે કે સારા શુકન જોઇને પ્રવેશ કરી સીધા ઋષભદત્તના ઘરે જ્યાં જંબૂકુમાર છે ત્યાં પાછલા રસ્તેથી અંદર પેશી પાંચસો ચોરો દાખલ થયા તે વખતે દિવાનખાનામાં જંબૂકુમાર પોતાની આઠ પત્નીઓની સાથે બેઠેલો જોયો. પ્રભવ ચોર પાસે બે વિદ્યાઓ હતી.

૧ અવસ્વાપિની વિદ્યા કે જેનાથી જાગતા જીવોને ઉંઘ આવી જાય તે. ૨. તાલોદ્‌ઘાટિની એટલે જ્યાં જ્યાં જે જે તીજોરીને તાળા મારેલ હોય તે ઉઘડી જાય તે. આ બે વિદ્યાનો ઉપયોગ કર્યો કે તરત જ આઠ પત્નીઓ જે જાગતી હતી તે ઉંઘવા લાગી અને બધીય તીજોરીનાં તાળા ખૂલી ગયા. માત્ર એક જંબૂકુમારને તે વિદ્યાની અસર ન થઇ, તેથી જ્યાં પ્રભવ ચોરે બધાને હુકમ કર્યો કે જાવ જે જે તીજોરીમાં હોય તે પોટલા બાંધી અહીં હાજર કરો. તે જ વખતે જ્યાં જવાની તૈયારી કરે છે કે તરતજ જંબૂકુમારે કહ્યું કે ઉભા રહો હું જાગતો બેઠો છું. આ શબ્દો જ્યાં બોલ્યો ત્યાંજ પાંચસો ચોરો ત્યાંને ત્યાંજ સ્થંભિત થઇ ગયા તે જાણીને પ્રભવ ચોરને થાય છે કે જરૂર આની પાસે પણ વિદ્યા હોવી જોઇએ, તેથી પ્રભવે કહ્યું કે હે જંબૂકુમાર, જરૂર તારી પાસે બે વિદ્યાઓ લાગે છે. મારે બીજું કાંઇ જોઇતું નથી. તારી બે વિદ્યાઓ મને આપ અને મારી બે વિદ્યાઓ હું તને આપું અને હું ચાલતો થઇ જાઉં.

પ્રભવ રાજાનો દિકરો છે, ક્ષત્રિય છે, માત્ર તેને કોઇ કર્મના ઉદયથી ચોરી કરીને જીવવું પડે છે બાકી યોગ્યતા કેટલી રહેલી છે. ધન આદિનો વિશેષ લોભ નથી. માત્ર વિદ્યાઓ મલી જાય તો બધુંય મુકીને પાછા જવાની ભાવના વ્યક્ત કરે છે.

ત્યાં જંબૂકુમારે કહ્યું કે હે પ્રભવ, આ જે કાંઇ છે તે બધું કાલે સવારે મુકીને હું જવાનો છું રાત્રી પૂર્ણ થતાં સવારે હું દીક્ષા લેવા જવાનો છું. એટલે જે વસ્તુ તું લેવા આવ્યો છે તે સવારે હું છોડી દેવાનો છું. આ શબ્દો સાંભળતા જ પ્રભવના અંતરમાં વિચાર આવે છે કે, નવ્વાણું કરોડ નગદ સૌનૈયા, આટલી ચીજો પહેરામણીમાં આવેલી, આઠ પત્નીઓ એક એક કરતા ચઢીયાતા રૂપવાળી, હજી તાજા લગ્ન થયેલા છે તો પણ તેને છોડીને સંયમ લેવા જવાની વાત કરે છે તેથી આશ્ચર્ય પામી, તેને ભાઈ તરીકે સંબોધન કરીને કાંઈક પૂછવાની ઈચ્છા

થાય છે. સાથે સાથે એ પણ નકકી કરે છે કે હવે મારે ચોરી કરવી નથી.

જંબૂકુમારના વૈરાગ્યના અને દીક્ષાના શબ્દો સાંભળતા પ્રભવ આદિ ચોરોના અંતરમાં કેવી અસર થાય છે ? જુવાન વય, આટલી સાહ્યબી-સંપત્તિ, નવયૌવના પત્નીઓ મુકીને જવાની ભાવના, જો આ સેવતો હોય તો આનું ધન મારાથી શી રીતે ચોરી શકાય ? માટે મારે ચોરી કરવી નથી. આ વિચાર પ્રભવના અંતરમાં તથા પાંચસોના અંતરમાં પેદા થઇ ગયો. કેવી લઘુકર્મીતા હશે ? આજે દીક્ષા શબ્દો ઘણીવાર સાંભળવા છતાં અને સાધુઓના દર્શન-પૂજન આદિ કરવા છતાં, જીવનમાં થતા ખરાબ કામ છોડવાની ભાવના થાય છે ? પૈસા માટે થતી અનીતિ, જુઠ, ચોરી વગેરે પાપોનો ત્યાગ કરી નીતિથી જીવન જીવતો ક્યારે થાઉં આવી પણ ભાવના આવે છે ખરી ? આર્ય સંસ્કૃતિનો ગુણ નીતિથી જીવન જીવવું એ. આવો વિચાર પણ ન હોય તો જૈનપણાના સંસ્કાર ક્યાંથી અને કઇ રીતે પેદા થશે.

આર્ય એટલે નીતિથી મલતું ઘર-પેઢી-કુટુંબ પૈસો લેવા જેવો રાખવા જેવો સાચવવા જેવા માને પણ અનાતિથી મલતું ઘર આદિ હરગીજ ઇચ્છે નહિ તે આર્ય કહેવાય. અને જે નીતિથી મલતું ઘર-પેઢી-કુટુંબ પૈસો ટકો પણ રાખવા જેવો નથી, છોડી દેવા જેવો છે એવું માને તેને જૈન કહેવાય છે.

હવે પ્રભવ ચોર-જંબૂકુમારને ભાઇ તરીકે સંબોધીને વાત કરે છે કે, અરે જંબૂ ! આ પુણ્યથી મળેલી ચીજ એકદમ તું છોડી દે તે કેમ ચાલે ? થોડોક ટાઇમ રહી પછી તું છોડવાનો વિચાર કરજે. આ આઠ પત્નીઓનું શું ? ત્યારે જંબૂકુમારે કહ્યું કે કયો ડાહ્યો મનુષ્ય આ વિષયસુખોની પ્રશંસા કરે ? દિવ્યજ્ઞાનીએ દેખેલું તને એક દૃષ્ટાંત કહું છું તે તું સાંભળ-

## મધુ બિંદુનું દૃષ્ટાંત-

એક મોટી ભયંકર અટવીમાં મુસાફરી કરતાં કોઇક યુવાન પુરૂષને હણવા માટે કોઇક દૂર્ધર મદોન્મત્ત હાથી તેની પાછળ દોડવા લાગ્યો. તે હાથીથી દૂર પલાયમાન થતા એવા તેણે કોઇક સ્થાન પર જૂનો કૂવો જોયો. તે કૂવાની અંદર વડલાની વડવાઇઓ (ડાળીઓ) લટકી રહેલી હતી. તે પુરૂષ ચતુર હોવાથી તેને પકડીને કૂવાની અંદર લટકવા લાગ્યો. તેની પાછળ પાછળ હાથી આવી પહોંચ્યો,

અને લટકતા એવા તેના મસ્તક ભાગને સ્પર્શ કરવા લાગ્યો. કૂવાની અંદર નીચે નજર કરી તો મહાન અજગર દેખાયો તે કેવો હતો ? આ લટકતો પુરૂષ ક્યારે નીચે પડે અને મારી ભૂખ ભાંગે ? તેની રાહ જોતો રહ્યો છે. વળી ચારે દિશામાં નજર કરી તો દરેક દિશામાં વિજળી સરખી ચપળ લપ લપ થતી જીભવાળા યમ રાજાની ભૃકુટી-બાણ સરખા ચાર કાળા સર્પો તેને ડંખવાની ઇચ્છા કરતા હતા. તે વડવાઇના મૂળ ભાગને સફેદ અને શ્યામ એવા બે ઉંદરો તીક્ષ્ણ દાંતથી કોરતા હતા. (કોતરતા) હતા. જેથી આને નીચે પડવામાં ડાળીનું શૈથિલ્ય થાય. કોપાયમાન હાથી પોતાના દંતૂશળથી વડલાના વૃક્ષને હચમચાવવા લાગ્યો તે કારણે વૃક્ષ ઉપર લટકતા મધપૂડાની મધમાખો ઉડીને પેલા લટકતા મુસાફરના શરીર ઉપર દુસ્સહ ચટકા ભરવા લાગી.

મધપૂડામાંથી ધીમે ધીમે ટપકતાં મધના બિન્દુઓથી ખરડાયેલ વેલડી શરીર સાથે ઘસાવા લાગી એટલે મધના બિન્દુઓ શરીરે લાગ્યા અને તે બિન્દુઓને વારંવાર ઝટ ઝટ ચાટવા લાગ્યો. ચારે બાજુ ભયની અવસ્થાવાળો પણ તે મૂઢાત્મા તે મધુબિન્દુઓ કે જે મસ્તક ઉપરથી નાકની દાંડી ઉપર થઇ હોઠ પરથી જીભ ઉપર તેનો અલ્પ અંશ આવતો ત્યારે કંઇક મધુર સ્વાદનો અનુભવ કરતો. તે સમયે હાથી, અજગર, સર્પો-ઉંદર-મધમાખ, વગેરેના દુઃખોને મધના સ્વાદ સુખના આગળ તૃણ સમાન ગણવા લાગ્યો. તેજ વખતે કોઇ વિદ્યાધર મનુષ્ય પોતાના વિમાન સાથે વિદ્યાધરીને લઇને ફરવા માટે નીકળ્યો હતો. ત્યાં વિદ્યાધરીએ આવા દુઃખમાં રહેલા મનુષ્યને જોતાં પોતાના સ્વામીને દુઃખ દૂર કરવા અને તેને સુખી કરવા માટે જણાવ્યું. ત્યારે વિદ્યાધર મનુષ્યે કહ્યું, ભલે આપણે તેને સુખી કરીએ એમ કહી વિમાન લઇ તેને કુવામાંથી બહાર કાઢવા માટે ત્યાં આવે છે. અને જણાવે છે, કે હે પુરૂષ, આવા દુઃખમાં તું રીબાઇ રહ્યો છે માટે તે દુઃખથી છોડાવી સુખી કરવા માટે હું આવ્યો છું, ચાલ તૈયાર થઇ જા હું તને મારા વિમાનમાં બેસાડી લઇ જાઉં. ત્યાં પેલો પુરૂષ કહે છે કે ઉભો રહે મધપુડામાંથી એક ટીપું પડે છે તે મારા હોઠ સુખી આવે એટલે એનો સ્વાદ લઇ લઉં પછી વિચારું. આમ વારંવાર કરવાથી વિદ્યાધર પોતાની પત્નીને કહે છે કે બોલ શું કરવું છે? ત્યારે વિદ્યાધરીએ કહ્યું તે આવવા માગતો નથી. તો હવે પ્રયત્ન છોડો. બોલ પ્રભવ આમાં જીવ મધનું ટીપું લેવા રહે તે ડાહ્યો ગણાય

કે વિદ્યાધરની સાથે વિમાનમાં બેસી જાય તે ડાહ્યો કહેવાય ? પ્રભવે કહ્યું હે ભાઇ જંબૂ, તેમાં પુછવાનું જ શું ? વિમાનમાં બેસી સુખી થાય તેજ ડાહ્યો ગણાય, મૂર્ખો હોય તે મધનું ટીપું લેવા માટે રહે, એટલે જંબૂકુમારે કહ્યું કે બસ પ્રભવ, હું પણ એટલેજ સવારે સંયમ લેવા માટે જવાની તૈયારી વાળો છું. કારણકે વિમાન લઇને સુધર્માસ્વામી ભગવાન લેવા માટે આવ્યા છે તો આ વિષયસુખ જે મધના ટીપા જેવા અને ખાધે મધુર પણ પ્રાણ લે એવા કિંપાકના ફળ જેવા કહ્યા છે. માટે હું પેલા પુરૂષ જેવો મૂર્ખ નથી કે આ આઠ સ્રીઓમાં મધનો સ્વાદ લેવા માટે રોકાઉં. એટલેજ હું જવાનો છું.

## દ્દષ્ટાંત- ઉપનય.

આ દ્દષ્ટાંત વૈરાગ્ય ઉત્પન્ન કરવા માટે કહેલું છે. હવે તેનો દ્દષ્ટાંતિક અર્થ આ પ્રમાણે છે. જે ત્યાં ભૂલો પડેલો મુસાફર એટલે પુરૂષ જણાવ્યો તે ભવમાં ભ્રમણ કરતો આપણો પોતાનો જીવ સમજવો. જે અટવી તે ભવમાં રહેવું તે. જે હાથી તે યમરાજા-મરણ. જે કૂવો તે મનુષ્ય જન્મ, જે વડવાઇતે જીવિત એટલે જીવન. નીચે અજગર તે નરક અને દુર્ગતિ, જે ચાર સર્પો તે ક્રોધાદિ ચાર કષાયો, કાળા-ધોળા બે ઉંદરો તે શુક્લ પક્ષ અને કૃષ્ણ પક્ષ, એક મહિનાના બે પક્ષો, તે ઉંદરો જે વડવાઇને દાંતથી કરડીને વડવાઇઓ ઢીલી કરતા હતા તે શરીરનું વૃધ્ધત્વ થવું અને નબળાઇ આવવી, મધમાખીઓનાં ટોળા તે આધિ, વ્યાધિઓ અને કુટુંબ પરિવારમાં પેદા થયેલ પુત્ર પુત્રિ આદિ જાણવા, નાની વેલડીઓ શરીરને લાગેલીતે પ્રેમ કરનારી વ્હાલી પત્ની સમજવી. અર્થાત્ તે વિષય સુખ સમજવું. જે દુઃખથી મુક્ત કરી સુખી કરવા આવેલ વિદ્યાધર છે તે સંસારનો ત્યાગ કરાવી મોક્ષે લઇ જનાર એવા ધર્માચાર્ય એટલે ગુરૂઓ સમજવા આ રીતે મધુ બિન્દુનું દ્દષ્ટાંત સમજવું.

આ દ્દષ્ટાંત સાંભળતાની સાથેજ પ્રભવાદિ પાંચસો ચોરોના અંતરમાં ઘણુંજ આશ્ચર્ય પેદા થતાં વિચારમાં પડી ગયા કે હજી ઉગતી જુવાની સોળ વર્ષની ઉંમર, આઠ પત્નીઓનો સ્વામી છતાં કેટલો ઉંચી કોટીનો વૈરાગ્યભાવ રહેલો છે. માટે આ સંસારનો જો તે ત્યાગ કરેતો અમારા જેવાનું શું ? પ્રભવ આદિ પણ લધુકર્મી જીવો છે. જંબૂકુમારની વાત સાંભળી વિચાર કરવા લાગ્યા. પછી

પ્રભવે ફરીથી પુછ્યું કે હે જંબૂકુમાર, શાસ્ત્રમાં પણ કહ્યું છે કે 'અપુત્રસ્ય ગતિર્નાસ્તિ' પુત્ર વિનાના જીવોની સદ્‌ગતિ થતી નથી માટે હાલ થોડા સમય માટે એટલે પુત્ર ન થાય ત્યાં સુધીઅહીં રહે પછી સંયમનો સ્વીકાર કરજે.

જંબૂકુમારે કહ્યું કે ભાઇ પ્રભવ, તેં જે કહ્યું એ પણ બરાબર નથી. જે શાસ્ત્રમાં કહ્યું છે તે જ શાસ્ત્રમાં પણ પુત્ર વાળાની સદ્‌ગતિ થયેલી છે એવી વાત પણ આવતી નથી. પુત્રવાળા પણ દુર્ગતિમાં ગયેલાના દૃષ્ટાંતો પણ કહ્યા છે જો સાંભળ-

## મહેશ્વરદત્ત કથાનક-

તામ્રલિપ્તી નગરીમાં મહેશ્વરદત્ત નામનો વેપારી રહેતો હતો તેને સમુદ્રનામના પિતા અને બહુલા નામની માતા હતી. તે બંને ધન રક્ષણ કરવામાં તત્પર ચિત્તવાળા હતા. અને ધર્મની વાત પણ સાંભળતા ન હતા. નિરંતર આર્તધ્યાનના ચિત્તવાળો પિતા મૃત્યુ પામીને બીજાને ઘેર પાડો થયો અને માતા મરીને તેના ઘરની કૂતરી થઇ.

પૈસાની ચિંતા જે રાખ્યા કરે અને તેના વિચારોમાં લીન થતો જાય તે આર્તધ્યાન કહેવાય છે અને તેમાં જીવ આયુષ્યનો બંધ કરે તો તિર્યંચનું આયુષ્ય બાંધે. મા અને બાપ બન્ને પૈસાની નિરંતર ચિંતામાંને ચિંતામાં તિર્યંચમાં ગયા. તમારે મરીને ક્યાં જવું છે ? તમે તો ધર્મનિ ? કેમ ? મહેશ્વરદત્તને ગાંગલી નામની પત્નિ હતી. તે નિરંકુશ વૃત્તિવાળી થઇ, પરપુરૂષ સાથે વ્યભિચાર કરનારી, અતિલોભી, અને સ્વચ્છંદી બની ગઇ. કોઇક રાત્રિના સમયે પોતાના મનગમતા પરપુરૂષ સાથે ક્રીડા કરતી હતી, તે ગુપ્તપણે પતિએ દેખી એટલે આ એનો બીજો પતિ છે, એમ જાણી તેને તલવારથી એવો સખત ઘા કર્યો કે તે અધમુવો બની ગયો, અને પ્રહારની સખત પીડાથી તે નીચે ઢળી પડ્યો. મનમાં પશ્ચાતાપ કરતા એવા તેને છેલ્લી વખતે સુંદર પરિણામ થયા તેને કારણે તે જ વખતે મૃત્યુ પામી કુલટા સાથે કરેલ મૈથુન ક્રીડામાં પોતાના જ વીર્યમા પોતે તેના ઉદરમાં પુત્રપણે ઉત્પન્ન થયો. તે પુત્ર મહેશ્વરદત્તને ઘણોજ વહાલો થયો.

આ સંસાર. માતા-પિતાના મરણ પછી પત્ની ઉપર અંકુશ ન રહ્યો તેના

કારણે વ્યભિચારી થઇ. તેમાંય ખબર પડતા પત્નીને કાંઇ ન કરતા જાર પુરૂષને મારી નાખવાનો પ્રયત્ન કર્યો. તેને માર્યો, પણ જાર પુરૂષને પોતાના કરેલા પાપનો પશ્ચાતાપ થતાં, કર્મની કેવી લીલા તે કુલટાના જ ઉદરમાં પુત્ર તરીકે ઉત્પન્ન થયો. અને મહેશ્વરદત્તને વહાલો બન્યો, જે એક દિવસનો શત્રુ હતો તેજ તેનો પુત્ર, અને પૂર્વ ભવની ખબર ન પડવાથી તેના પ્રત્યે અંતરનો સ્નેહરાગ, કેવી વિચિત્રતા છે !

પોતાના પિતા સમુદ્રની સંવત્સરીના દિવસે, સમુદ્ર પિતાનો જે જીવ અત્યારે બીજાને ત્યાં પાડારૂપે છે, તેને ખરીદ કરી હણીને સ્વજનો માટે તેના માંસનું ભોજન કરાવ્યું. પેલા કુલટાના પુત્રને ખોળામાં બેસાડી જેટલામાં મહેશ્વર પેલા પાડાનું માંસ ભક્ષણ કરતો હતો, અને તેનાં હાડકાં બહુલા નામની કૂતરી તરફ ફેંકતો હતો તેટલામાં મહિનાના ઉપવાસ કરેલા મુનિવર પારણાની ભિક્ષા માટે ત્યાં આવી પહોંચ્યા. અને તેજ વખતે પુત્રને પેશાબની શંકા થવાથી થાળીમાં પેશાબ કરે છે તેને મહેશ્વરદત્તે કરવા દીધેલ છે. જ્ઞાન વિશેષથી મહાત્માએ ઉપયોગ મૂકી તેનો યથાર્થ વૃતાન્ત જાણ્યો. મસ્તક ડોલાવી ચપટી વગાડીને ગોચરી વહોર્યા વગર મહાતપસ્વી મહાત્મા જે માર્ગેથી આવ્યા હતા તે માર્ગે પાછા ફર્યા.

હવે મહેશ્વરદત્ત પણ મહાત્માના પગલે પગલે પાછળ જઇ ત્યાં પહોંચી ચરણમાં પડી કુશલ સમાચાર પુછી, હે ભગવંત, મારે ત્યાંથી આપે ભિક્ષા કેમ ગ્રહણ ન કરી ? તેમ કહ્યું. ભગવંતે કહ્યું કે માંસ ખાનારના ઘરની ભિક્ષા લેવી અમને યોગ્ય નથી. મહેશ્વરે પુછ્યું કે તેનું શું કારણ ? મુનિએ કહ્યું કે માંસ ખાવું એ અધર્મ વૃક્ષનું મૂળ છે. સ્થલચર, જલચર, ખેચરાદિ જીવોનાં વધના કારણભૂત માંસ ભક્ષણ એ મહાદોષ ગણેલો છે.

જે કોઇ માંસ વેચે, ખરીદ કરે, મારવા માટે તેનું પોષણ કરે, તેના માંસને રાંધીને સંસ્કારિત કરે, ભક્ષણ કરે, તે સર્વ જીવના ઘાતક સમજવા.

જેમ મનુષ્યનું અંગ દેખીને શાકિનીને તેનું માંસ ખાવાની ઇચ્છા થાય છે, તેવી રીતે માંસાહારીઓને વિશ્વના પ્રાણીઓ દેખીને માંસ ખાવાની ઇચ્છા થાય છે તે સાક્ષાત જુઓ. જે કોઇ પરલોક તથા કર્મોને માને છે તેણે, હિંસાથી પાપ થાય, દુર્ગતિ થાય, એમ માનીને હિંસાની વિરતી જ કલ્યાણ કરનારી છે તેમ માનવું જોઇએ. તે કારણથી તેની જુગુપ્સાવાળો હું માંસાહારી કુળોમાં ભિક્ષા

લેવા જતો નથી. તારા ઘરે તો વિશેષ પ્રકારે- આટલું કહી મહાત્મા મૌનપણે ઉભા રહ્યા. ફરીથી મહેશ્વરદત્તે પુછ્યું, એટલે મુનિ તેના માતા પિતાનો સર્વ વૃત્તાન્ત કહેવા લાગ્યા. પિતા પાડો બન્યો તેના, સંવત્સર દિવસે તેનું માંસ ખાવું. એક વર્ષ પછી કૂતરીનો જન્મ થયો તે પતિના હાડકા ખાય છે શત્રુ-પુત્રને ખોળામાં બેસાડી પ્રેમ કરે છે. ઇત્યાદિ વિસ્તારથી મહાત્માએ જ્ઞાનથી જોયેલ સર્વ હકીકત જાણાવી. ત્યારે મહેશ્વરદત્તે કહ્યુ કે તેનો વિશ્વાસ મને છે, પણ ઘરમાં શી રીતે કરવો અને જાણવું ? ત્યારે મહાત્માએ કહ્યું, ઘરે જઇ ઘરમાં કૂતરીને પેશવા દે, તે જ્યાં ફરે ત્યાં ફરવા દે અને પૂર્વ ભવના ધનનાં સંસ્કારના કારણે જ્યાં તે જમીન ખોદવા પ્રયત્ન કરે ત્યાં ખોદકામ કરતા ધન રહેલું હશે. તે તું જાણજે. મહેશ્વરદત્ત તહત્તિ કરી ઘરે ગયો. કૂતરી આખા ઘરમાં ફરી અને ધનની મુચ્છર્રાના કારણે જ્યાં જમીન ખોદવા પ્રયત્ન કરે છે, ત્યાં ખોદતા ધન નીકળ્યું. તેથી મહેશ્વરદત્તને ખાત્રી થઇ. ત્યાં મુનિએ કહેલ વાત પર શ્રધ્ધા પેદા થતાં સંસાર પ્રત્યે વૈરાગ્ય ભાવ પેદા થયો અને મહાત્મા પાસે સંયમ લઇ પોતાના આત્માનું શ્રેય એટલે કલ્યાણ કર્યું. માટે હે પ્રભવ, પરલોકનું સ્વરૂપ મેં જાણ્યું છે, અને પુત્રોથી કઇ રીતે રક્ષાણ થાય છે તે મને ખબર છે. તેથી હે મિત્ર, પુત્ર ખાતર અમૃત પાન કરવાના આનંદ સરખી દીક્ષાનો ત્યાગ કઇ રીતે કરી શકું ?

આ વાત સાંભળીને પ્રભવાદિ ચોરોના અંતરમાં મોક્ષના સુખની અભિલાષા પેદા થવા માંડી. તેજ સુખ મેળવવા લાયક એમ લાગવા માંડ્યું, છતાં મિથ્યાત્વના કારણે સંસારનું સુખ હજી એકદમ ભયંકર લાગતું ન હોવાથી ફરીથી જંબુકુમારને કહે છે કે ભાઇ, તારી વાત સાચી છે. પણ તારા પ્રત્યે તારા માતા પિતા આટલો સ્નેહ રાખે છે. તથા અતિ પ્રેમની લાગણીવાળા પ્રત્યક્ષ દેખાય છે, તેઓ તમારા વગર કેવી રીતે જીવશે ?

પ્રભવના અંતરમાં પણ, ચોર હોવાં છતાં, ચોરીનું વ્યસન હોવા છતાં, એક જંબુકુમારના પરિચયથી અને તેનો હિતોપદેશ સાંભળવાથી કેટલી યોગ્યતા પેદા થતી જાય છે. એને પણ અંતરમાં થાય છે ને કે આટલી સાહ્યબી, માતા, પિતા, પ્રિયાઓ આદિ છોડીને જવાની વાત કરે છે ? માટે થોડો કાળ રોકાય તે માટે પ્રયત્ન કરૂં ? માટે કહે છે ને ? પણ સંયમ લેવાનો સર્વથા નિષેધ તો કરતો નથી ને ? જ્યારે આજે તો નહિ ભણેલા, અધકચરા જીવો, કોઇ સંયમ લેવા

જતા હોય, માતા પિતા રજા ન આપતા હોય તો, સમજાવવા જાય તો દીક્ષાર્થીને શું શું કહે છે ખબર છે ને ? શું સંયમમાંજ ધર્મ આવી ગયો સંસારમાં રહીને ધર્મ થતો નથી ? આવું પણ બોલનારા છે ને. શાથી ? કહોકે સંયમ પ્રત્યે રાગ નથી.

જંબૂકુમારે કહ્યું કે માતા-પિતા-પુત્ર-પુત્રીઓ-પ્રિયાઓ કોઈપણ એકાંતે નથી, આ એકજ ભવમાં પરિવર્તન થાય છે. કહ્યું છે કે-અનાદિ અનંત એવા સંસારમાં કોની સાથે જીવને કયા કયા પ્રકારનો સંબંધ થયો નથી ? આમાં સ્વ-પર કલ્પના કરવી નિરર્થક છે. આ સંસારમાં માતા થઈને પુત્રી, બહેન કે ભાર્યા થાય છે. વળી પુત્ર પિતાપણાને ભાઈપણાને વળી શત્રુપણાને પણ પામે છે. પરલોકની વાત તો બાજુ પર રાખો. પરંતુ અહિંજ તેવા ક્લિષ્ટ કર્મવાળા માતા આદિ પ્રાણીઓનો પણ ફેરફાર સંબંધ દેખાય છે. હે મિત્ર, સાવધાન થઈ ક્ષણમાત્ર એક દૃષ્ટાંત કહું છું તે સાંભળ. જે જીવોને મહા વૈરાગ્ય ઉત્પન્ન કરનાર છે. એકજ ભવની અંદર પરસ્પર વિચિત્ર કેવા સંબંધો થયા તે ઉપર કુબેરદત્ત અને કુબેરદત્તા યુગલનું કથાનક છે.

## કુબેરદત્ત અને કુબેરદત્તા યુગલ-

મથુરા નગરીમાં સુંદર શરીર અને મનોહર લાવણ્યવાળી કુબેરસેના નામની વેશ્યા હતી. પ્રથમ ગર્ભના અતિભારથી તેને અતિશય પીડા ઉત્પન્ન થઈ. ત્યારે તેની માતાએ કહ્યું કે હે પુત્રી, આ ગર્ભભારથી સર્યું. કોઈ પણ પ્રકારે આ તારો ગર્ભ પાડી નાખું. આવું દુઃખ ભોગવવાથી આપણને શો લાભ ? એ વાતમાં પુત્રી સમ્મત ન થવાથી, ગર્ભકાળ પૂર્ણ થતાં એક પુત્ર અને એક પુત્રી એમ જોડલાં બાળકોને જન્મ આપ્યો. માતાએ કહ્યું કે હે પુત્રી, આ બાળક યુગલનો ત્યાગ કર. વેશ્યાધર્મના મર્મને નુકશાન કરનાર આ બાળક યુગલથી સર્યું. કુબેરસેના એ કહ્યું હે માતાજી, તમે ઉતાવળા ચિત્તવાળા છો, વળી તમારે આ કાર્ય કરવું જ છે તો દશ દિવસ પછી જે તમને ઠીક લાગે તેમ કરશો. પછી કુબેરસેનાએ કુબેરદત્ત અને કુબેરદત્તા એવા નામવાળી બે મુદ્રિકા-વીંટી તૈયાર કરાવરાવીને દશમી રાત્રિના સમયે ઉત્તમ જાતિની ચાંદીની બનાવેલી પેટીમાં રત્ન અને રેશમી વસ્ત્રો

પાથરીને તેમાં બંનેના હાથની આંગળીમાં મુદ્રિકા પહેરાવીને તે બંને બાળકોને સાથે સુવડાવ્યા. યમુના નદીના પ્રવાહમાં તે પેટીને વહેતી મૂકી.

આ સંસાર જોયો ? પૈસા અને કામ વાસનાના લોભે, પોતાનો ધંધો ચલાવવા માટે, પોતાના જાણેલા પોતે પેદા કરેલા બાળકોને, આ રીતે પાણીમાં મુકવામાં પણ સગીમાને કોઇ સંકોચ દેખાય છે ? આજે તો આનાથી પણ આગળ વધી ગયેલા છે ને ?

ભવિતવ્યતા-યોગે પ્રાતઃકાલના સમયે શૌરિકપુરમાં નિવાસ કરનાર બે શેઠીયાઓ શૌચ માટે નદી કિનારે આવેલા તેમણે તે પેટી દેખી અને સ્વીકારી. પેટી ખોલીને જોયું તો તેઓએ બાળક યુગલને જોયું. કાલિન્દી દેવતાએ આપેલ ભેટનો અણધાર્યો લાભ સ્વીકારી એકે પુત્રનો અને બીજાએ પુત્રીનો સ્વીકાર કર્યો. અને મુદ્રિકાના નામ હતા તે નામ રાખ્યા અનુક્રમે બંને બાળકો શરીરથી વૃદ્ધિ પામવા લાગ્યા.

પુણ્ય લઇને આવેલા જીવો હોય તો જ્યાં મુકો ત્યાં તેના આયુષ્ય પ્રમાણે એટલે જેટલું આયુષ્ય હોય તે મુજબ જીવ્યા વગર રહે નહિ. પાપના ઉદયથી જન્મ વેશ્યાની કુખે અને જન્મ્યા બાદ, પુણ્ય બાંધીને આવેલ હોવાથી ઉછેર શેઠીયાઓને ત્યાં થાય છે. આનું નામ સંસારની વિચિત્રતા.

ત્યાર પછી નવીન યૌવન પામેલા તે બન્નેને, અતિશય રમણીયતા વડે રંજિત થયેલા હૃદયવાળા, એવા તે બન્ને શેઠીયાઓએ, તે બંનેના સરખા રૂપ-રંગ-રેખા વિશેષ ફલવાળા બનો એમ ધારી લગ્ન કર્યા- બીજા દિવસે તે દંપતિએ પાસા -ક્રીડાની રમત ચાલુ કરી ત્યારે કુબેરદત્તે પાસા નાખ્યા તે સાથે પોતાની મુદ્રિકા સરી પડી તે મુદ્રિકાને કુબેરદત્તા બારીકીથી અવલોકન કરતા પોતાની મુદ્રિકા સરખી જ બરાબર મળતી આવતી હોવાથી વિચાર કરવા લાગી અને મનમાં સંકલ્પ પ્રગટ થયો કે કદાચ આ મારો ભાઇ તો નહિ હોય ? વળી તેના પ્રત્યે આલિંગન કે સુરત ક્રીડા માટે મારૂં મન ઉત્તેજિત થતું નથી. માટે નક્કી આ વિષયમાં કોઇ દેવીસંકેત છૂપાયેલ હોવો જોઇએ.

બન્ને લગ્ન ગ્રંથીથી જોડાયા છતાં હજી બન્નેય બ્રહ્મચર્યવાળા છે. મનમાં વિષય બાબતના વિચાર પણ આવતા નથી કેટલી ઉત્તમતા છે. તથા બ્હેનને મુદ્રિકા જોતાની સાથે જ પોતાના મનમાં આ જરૂર ભાઇ હોવો જોઇએ એમ વિચાર

આવે છે. અને મનમાં આશ્ચર્ય પામે છે. તથા થાય છે કોઇ અઘટીત પગલું થયેલ લાગે છે. ત્યાર પછી તત્કાલ દ્યુતક્રીડા બંધ કરી બન્ને મુદ્રિકાઓ કુબેરદત્તના હાથમાં મુકી માતા પાસે પહોંચી.

માતાને સોગનથી બાંધીને પુછ્યું કે હું તારા ઉદરથી જન્મેલી છું કે કોઇ દેવતાએ અર્પેલી પુત્રી છું ? એટલે માતાએ જે પ્રમાણે વૃતાંત બન્યો હતો તે પ્રમાણે જાણાવ્યો. શોકમગ્ન બનેલી તેને સર્વ વૃતાંત કુબેરદત્તને જાણાવ્યો. બે સમાન મુદ્રિકા દેખવાથી ઉત્પન્ન થયેલા વિતર્કવાળા કુબેરદત્તે પણ તેજ વૃતાંત માતાને જાણાવ્યો. અનુચિત આચાર રૂપ શોકાગ્નિથી વ્યાપેલા અંતઃકરણવાળા તેઓ બન્નેએ પોતપોતાના માનેલા માતા પિતાને કહ્યું કે અમો બન્ને ભાઇ-બ્હેનો છીએ એવું તત્વ જાણ્યા વગર તમોએ અમારો વિવાહ કર્યો તે અનુચિત કાર્ય કર્યું છે. પરંતુ પરસ્પર પાણિ ગ્રહણના સ્પર્શ સિવાય કોઇપણ દોષનું સેવન થયું નથી માટે અમને સ્વગૃહે જવાની રજા આપો. કુબેરદત્તાએ પોતાની મુદ્રિકા પાછી લઇ લીધી. પિતાને ઘેર પહોંચી. ત્યાં તે જ કારણથી માતા-પિતા રૂદન કરતા હતા છતાં પણ આ સંસારના સ્વરૂપને વિચારતી વૈરાગ્યભાવ પેદા થતાં દીક્ષા અંગીકાર કરી અને પેલી મુદ્રિકા પોતાની પાસે છુપાવીને રાખેલી હતી. તીક્ષ્ણ તરવારની ધાર સરખા તીવ્ર તપો તપતી હોવાથી તેને અવધિજ્ઞાન ઉત્પન્ન થયું. તે અવધિજ્ઞાનનો ઉપયોગ મુકીને જોયું કે મારો ભાઇ ક્યાં છે ? અને શું કરે છે ? તેમાં દેખ્યું કે કુબેરદત્ત વેપાર માટે મથુરા નગરીમાં ગયો છે અને પોતાની જ માતા કુબેરસેના સાથે સંસાર ભોગવી રહ્યો છે.

એટલે કુબેરદત્તા સાધ્વી વિચારે છે કે અહો, અવિવેકની અધિકતા, અહો કિંપાક ફલનો વિપાક અહો અવિરતિ અને મોહની વિડંબના ?

સંસારની વિચિત્રતા તો જુઓ. આ ભવમાં પણ પોતાને ખ્યાલ ન હોવાથી પોતાની જનેતા (માતા) સાથે સંસાર ભોગવે છે. કેવું આશ્ચર્ય ! આ વિચાર કરે છે કે બનનાર બની ગયું તો પણ હવે પાપરૂપ અંધકુવાના કોટરમાં અટવાયેલા એવા તેઓનો કોઇ પણ પ્રકારે ઉધ્ધાર કરી પાર ઉતારું. એટલેકે તેઓને સમજાવીને બચાવી લઉં. સંયમી જીવોને, જાણ્યા પછી પોતાના સંસારી સ્નેહી આદિનો ઉધ્ધાર કરવાનું મન થાયને ? પાપથી પાછા વાળી તેઓનો ઉધ્ધાર કઇ રીતે

થાય તે વિચારીને પ્રવર્તિનીની આજ્ઞા લઇ તે મથુરા નગરીએ પહોંચ્યા. કુબેરસેના વેશ્યા પાસે મકાનના થોડા ભાગની વસતિ માટે માગણી કરે છે. અને ન ઓળખાય તેવી રીતે કુબેરદત્તા સાધ્વી ત્યાં રોકાય છે. કુબેરસેના પણ પોતાના બાળકને સાધ્વી પાસે રાખી પોતાના ઘર-કાર્યમાં ગુંથાયેલી રહેતી હતી. તે સમયે વિશિષ્ટ આસન પર બેસી કુબેરદત્તને પ્રતિબોધ કરવા માટે બાળકને રમાડતી અને બોલાવતી કહેવા લાગી કે- હે બાળક તું મારો ભાઇ-ભત્રીજો-દિયર-પુત્ર, કાકાનો છોકરો-અને પૌત્ર છે. જેનો તું પુત્ર છે તે પણ મારો ભાઇ-પિતા-પુત્ર-પતિ-સસરા અને દાદા છે. જેના ગર્ભથી તું ઉત્પન્ન થયો છે તે પણ મારી માતા-સાસુ-શોક્ય-ભોજાઇ-દાદી અને પુત્રવધુ છે.

## એક ભવમાં અઢાર સંબંધ- સગપણ.

કુબેરદત્તે આ વિચિત્ર હકીકત સાંભળીને આશ્ચર્યપૂર્વક સાધ્વીને પુછ્યું કે હે આર્યા, આવું અયોગ્ય કેમ બોલો છો ? પરસ્પર વિરૂધ્ધ જણાતી હકીકત અરિહંતના દર્શનમાં ક્યાંય દેખાતી નથી.

કુબેરદત્તમાં પણ કેટલી યોગ્યતા રહેલી છે. માટે તે સાધ્વીને શાંતિથી જણાવે છે કે આવું બોલવું અરિહંતના દર્શનમાં શોભે નહિ. સાધ્વીએ પ્રત્યુત્તર આપ્યો કે હે શ્રાવક, મને આમ આક્ષેપ કરવાનું સાહસ ન કર. હું જે કહું છું તે સત્ય હિતકારી યુક્તિ અને હેતુપૂર્વક કહું છું. પ્રત્યક્ષ દેખાતી વાતમાં તર્કને સ્થાન નથી. અવધિજ્ઞાનથી આ વસ્તુ મેં જાણેલી છે તે આ પ્રમાણે-

**બાળક સાથેના ૬ સંબંધ**

૧. આ બાળક મારો ભાઇ છે. કારણ કે અમારા બન્નેની માતા એક છે. ૨. આ બાળક ભાઇનો પુત્ર હોવાથી ભત્રીજો છે. ૩. પતિની જ માતાએ જન્મ આપેલ હોવાથી પતિનો નાનો ભાઇ હોવાથી દિયર છે. ૪. પતિનો પુત્ર હોવાથી પુત્ર છે. ૫. માતાના ભર્તારનો ભાઇ હોવાથી કાકા છે. ૬. શોક્યના પુત્રનો પુત્ર હોવાથી પૌત્ર છે.

**બાળકના પિતા સાથેના ૬ સંબંધ**

૧. બાળકના પિતા પાગ, એક માતાએ જન્મ આપેલ હોવાથી મારા ભાઇ

છે. ૨. ભાઈના પિતા હોવાથી તે મારા પણ પિતા છે. ૩. શોક્યે જન્મ આપેલ હોવાથી મારો પુત્ર છે. ૪. મને એક વખત પરણેલી હોવાથી મારા ભર્તાર છે. ૫. સાસૂના ભર્તાર હોવાથી મારા સસરા છે. ૬. પિતા મહી= દાદીના પતિ હોવાથી પિતામહ એટલે દાદા છે.

**બાળકની માતા સાથેના ૬ સંબંધ**

૧. જેના ગર્ભથી આ બાળક જન્મ્યો છે તેણે મને જન્મ આપેલ હોવાથી મારી માતા છે. ૨. પતિની માતા હોવાથી સાસૂ છે. ૩. પતિની પત્ની હોવાથી શોક્ય છે. ૪. ભાઈની ભાર્યા હોવાથી ભોજાઈ છે. ૫. પિતાની માતા હોવાથી પિતા મહી = દાદી છે. ૬. અને શોક્યના પુત્રની ભાર્યા હોવાથી પુત્ર વધુ છે.

## અઢાર સંબંધ સૂચવનારી ગાથાનો અર્થ-

હે બાળક ! તું ૧ ભાઈ, ૨ ભત્રીજો, ૩ કાકો, ૪ પૌત્ર, ૫ દિયર, ૬ પુત્ર. હે બાળક ! તારો પિતા તે મારા ૧ દાદા, ૨ પતિ, ૩ ભાઈ, ૪ પુત્ર, ૫ સસરો, ૬ પિતા. હે બાળક ! તારી માતા તે મારી ૧ માતા, ૨ સાસુ, ૩ શોક્ય, ૪ વહુ, ૫ ભાભી અને ૬ દાદી આ એકજ જન્મમાં આટલા સંબંધો થયા છે.

સંસારમાં જીવોને મોટે ભાગે એક ભવમાં આટલા સંબંધો થાય એમ લાગે છે.

આ સંબંધો પોતાની માતાથી અને પોતાના ભાઈથી પેદા થયેલ દીકરાને હિસાબે છે. બાકી સામાન્યતયા વિચારતા સંબંધો અઢારથી ન વધે એમ લાગે છે.

આ સાંભળી સંસાર ઉપરથી ઉત્પન્ન થયેલ વૈરાગ્યવાળા કુબેરદત્તે, કુબેરસેનાના પ્રતિબોધ માટે કહ્યું કે હે આર્યા, હું વાત વિશેષથી જાણવાની ઈચ્છાવાળો છું. ત્યાર પછી શરમથી સ્તબ્ધ બનેલો વધારે સાંભળવાની ઈચ્છા કરે છે.

એક વૈરાગ્ય ભાવ પેદા થયો. માત્ર પોતાના સંબંધો જાણવાથી અને તેના કારણે સંસારનું સ્વરૂપ જાણવાથી, અને તેના કારણે સંસારનું સ્વરૂપ ખ્યાલમાં આવતા પોતાના આત્મામાં પોતાને ઘૃણા-તિરસ્કાર પેદા થવા માંડ્યો, તેથી વાત સાંભળતા પણ શરમ આવે છે. પણ વિશેષથી સાંભળતા વૈરાગ્યની દૃઢતા થાય અને માતાને પણ વૈરાગ્ય થાય તે હેતુથી વિસ્તારથી જાણવા માગે છે. ત્યારે

સાધ્વીજીએ પણ સમાન આકારવાળી બે મુદ્રિકાઓ બતાવવી. તેમજ કુબેરસેનાના પેટમાં દુઃખવું, ત્યાંથી માંડીને યુગલજન્મ વગેરેનો વૃતાન્ત પ્રતિપાદન એટલે વિસ્તારથી કહ્યો. આ સાંભળીને કુબેરદત્તનો આત્મા વિશેષ વૈરાગ્યવાસિત બની ચિંતવવા લાગ્યો કે મારા અજ્ઞાનને ધિક્કાર થાઓ. કે જેણે આવું અકાર્ય કરાવ્યું. ક્રોધાદિક સર્વ પાપો કરતાં પણ અજ્ઞાન ખરેખર મહાદુઃખદાયક છે. જેનાથી આવૃત થયેલ લોક હિતાહિત પદાર્થને જાણતો નથી.

અંતરમાં વૈરાગ્ય ભાવ પેદા થતાં અને પોતાનું અકાર્ય જોતાં કેટલો પશ્ચાતાપ અને ખેદ થાય છે ? આજે ધર્મ પ્રવૃત્તિ કરતાં તમારૂં અજ્ઞાન તમને ખટકે છે ખરું ? ધર્મક્રિયા કરતા કરતા જો વૈરાગ્યભાવ અંતરમાં પેદા ન થાય તો ધર્મ ક્રિયાઓનું કાંઇ વિશેષ ફળ ન મળે અને સંસારસાગરથી તારનારી બની શકે નહિ.

ક્રોધાદિક સર્વ પાપો કરતાં અજ્ઞાન પાપ ઘણું દુઃખદાયક છે એમ લાગે છે ?

અજ્ઞાન માટે જ્ઞાની ભગવંતોએ કેટલું કહ્યું. કારણ અજ્ઞાન જ સર્વ પાપોને પેદા કરાવનાર છે. જીવને પાપને પાપ ન માનવા દેવામાં પણ ભાગ ભજવતો હોય તો તે અજ્ઞાન જ છે ને ? અને તેના કારણે, એટલે અજ્ઞાનથી આવૃત્ત થયેલ લોક હિતાહિત પદાર્થને જાણતો નથી. આવા પ્રકારનું શરમ ઉત્પન્ન કરાવનાર નવીન અંજન સરખા શ્યામ કાદવનો લેપ લાગવાથી હવે હું મારું મુખ પણ બતાવવા સમર્થ નથી. શું હું આત્મહત્યા કરું ? હે આર્યા, હવે હું સળગતા ભડકાઓવાળા અગ્નિમાં પ્રવેશ કરીશ, નહિંતર આવા મહાપાપોથી મારો છૂટકારો કેવી રીતે થાય ? સાધ્વીએ કહ્યું કે હે ધર્મશ્રધ્ધાવાળા ઉત્તમ શ્રાવક, પોતાનો વધ કરવો તે પણ અનુચિત છે. પાપનો ક્ષય કરવા માટે શ્રી જિનેશ્વરોએ ઉપદેશેલી દીક્ષા ગ્રહણ કર, ત્યારપછી તેના વચનથી તેણે દીક્ષા અંગીકાર કરી. તીવ્રતમ અને ઉત્તમ ચારિત્ર પાલન કરીને સ્વર્ગે ગયો. કુબેરસેના પણ બાર વ્રતધારી શ્રાવિકા બની. કુબેરદત્તા સાધ્વી પણ બન્નેને પ્રતિબોધ પમાડી પોતાની પ્રવર્તિની પાસે પહોંચી સંયમ સામ્રાજ્યની આરાધના કરવા લાગી.

માટે હે પ્રભવ, આ જગત વિષે ભવની, શોક કરવા લાયક કુચરિત્રની ચેષ્ટાઓનો સમ્યક્પ્રકારે લાંબો વિચાર કર. જો હું તેનો વિચાર કરું છું તો મારૂં ચિત્ત પણ દ્વિધામાં પડી જાય છે. એટલા માટે સવારે સુધર્માસ્વામી પાસે સંયમ અંગીકાર કરીશ.

આ વાત આઠે પત્નીઓ સાંભળે છે સાંભળતા સાંભળતા તેઓ, જંબૂકુમારને સંસારમાં રાખવાના હેતુથી, વિચારો કરીને હવે એક એક પત્ની કથાઓ દ્વારા સંસારમાં રાખવા પ્રયત્ન કરે છે તેની વાત શરૂ થાય છે.

જંબૂકુમારની સંસારના સંબંધ બાબતની વાત સાંભળીને પ્રભવ આદિ પાંચસો ચોરોના અંતરમાં વિચાર આવે છે કે સત્ય હકીકત આ જ છે. અમોએ અત્યાર સુધી ખુબ ખરાબ કામો કર્યા છે. હવે તો જંબૂકુમાર જો સવારે સંયમ લે તો તેની સાથે અમો પણ લઈશું. તેવી વિચારણા સ્ફુરાયમાન થતી જાય છે. અને રાગાદિ પરિણામની મંદતા થતી જાય છે. હવે જંબૂકુમારની પત્નીઓનો જે વાર્તાલાપ થાય છે તે સાંભળવા માટે પાંચસો ચોરો ત્યાં બેઠા છે અને વાર્તાલાપ સાંભળે છે.

ધ્યાન રાખજો લગ્નની પહેલી રાત્રી છે. છતાં અંતરમાં સૌને વૈરાગ્યભાવ પેદા કરાવી સંયમી બનાવવાના જંબૂકુમારના અંતરમાં ભાવ છે. ભગવાન સુધર્મા સ્વામીની એક દેશના સાંભળી સંસારની અસારતા કેવી દ્રઢપણે અંતરમાં બેસી ગઈ છે. સમ્યક્ત્વની પ્રાપ્તિ પણ કેવી મજબૂત થયેલી છે. આવું સુખ પણ કેવું અસાર લાગે છે. જ્યારે આજે તમારું સમકિત કાંઈ જુદા પ્રકારનું લાગે છે ને? મોક્ષ જોઈએ છે એમ કહેવું અને સંસારમાં સુખ માટે પાપ મજેથી કર્યા કરવા અને મળેલા સુખમાં લહેર કર્યા કરવી તથા ધર્મ ક્રિયા કરતા મને મોક્ષ મલશે એમ માનવું ? કોઈ દિ' મોક્ષ મળે ? જેટલા મોક્ષે ગયા તે આ રીતે ગયા છે? બોલો આ રીતે મોક્ષ મળે ખરો ?

## (પહેલી પત્નીની કથા) - બક ખેડૂતની કથા.

પહેલી સમુદ્રશ્રીએ જંબૂકુમારને કહ્યું કે સ્વામીનાથ, તમે જે મોક્ષસુખ મેળવવા ઈચ્છોછો તે સુખ સંયમ લઈને પણ જો કદાચ ન મલ્યું તો પેલા ખેડૂતની જેમ પાછળથી પસ્તાવાનો વખત ન આવે, એટલેકે આ સુખ અને મોક્ષના સુખ બન્નેના સુખથી વંચિત ન થવાય માટે અમારી સાથે થોડોક સમય રહો. તે ખેડૂત કઈ રીતે પસ્તાયો તે જણાવે છે.

સુસીમ ગામમાં બક નામનો ખેડૂત રહેતો હતો. વર્ષાકાળમાં તેણે પોતાના

ખેતરમાં કંગુ અને કોદરા વાવ્યા. વરસાદ સારો થવાથી તેનું ખેતર સારૂં પલ્લવિત થયું. ભાગ્ય યોગે તેને મહેમાન તરીકે બહારગામ જવાનું થયું. જમાણમાં તેને ગોળ અને માંડા મલ્યા. હંમેશા કોદરા ખાનારને આ ભોજન અમૃત સમાન લાગ્યું. તેથી તેણે પ્રશ્ન પુછ્યો કે આવું ભોજન કઇ રીતે મળે ? જવાબમાં કહ્યું કે ઘઉંનું વાવેતર કરીને તેને લણીને તેનો લોટ કરવો. પછી તેને શેકવો વગેરે... આ માંડા ખાવાની લાલચે, લોભે, રસનેન્દ્રિયને આધીન થતાં પોતાના ગામમાં આવી કંગુ અને કોદરાનું આખુ ખેતર ભરેલું હતું નવપલ્લવિત થયેલુ હતુ તેને લણવા માટે દીકરાઓને વાત કરી. રાત્રે જણાવ્યું કે કાલે સવારે વહેલા ખેતરમાં આવી જજો અને આખું ખેતર વાઢી નાખવાનું છે. અને નવો પાક એટલે નવું ધાન્ય વાવવાનું છે. દીકરાઓએ બાપાને ઘણું સમજાવ્યું છતાં બાપ માનતો નથી. રસનાને આધીન થયેલો છે તેથી તેને હવે કોદરાનું ભોજન ગમતું નથી તેથી કોઇનું માનવા તૈયાર નથી. ત્યારે સવારના પહોરમાં પોતે દાતરડું લઇ ખેતરને એટલે થયેલા પાકને વાઢવા બેઠો અને માણસો રાખીને એક દિવસમાં જ્યાં પાક આવવાની તૈયારી હતી તે બધાય છોડવા વાઢી નાખ્યા. અને ખેતર ખાલી જમીનવાળું કરી નાખ્યું. પછી કુવો ખોદાવવા માંડ્યો પણ પાણી નીકળ્યું નહિ. ત્યારે બીજી બાજુ કૂવો ખોદાવવા માંડ્યો પણ ક્યાંય પાણી ન નીકળ્યું એમ કરતા કરતા પૈસા હતા તે પણ ખલાસ થયા. બધો પાક પણ નષ્ટ થયો અને ઘઉં કે શેરડી વાવી શકાઇ નહિ. એટલે તેના પાકને અનુરૂપ જમીન ન હોવાથી બધુય નષ્ટ થયું તેથી પસ્તાવા લાગ્યો અને લમાણે હાથ દઇ રોવા માંડ્યો. ત્યારે દીકરાઓ પણ તેમની વાત સાંભળતા નથી. જેમ બક ખેડૂતને ચારે બાજુથી પસ્તાવાનો વખત આવ્યો તેમ સ્વામીનાથ, આ પ્રત્યક્ષ સુખને મુકીને પરોક્ષ મોક્ષના સુખને મેળવવાની વાત કરો છો પણ તે સુખ ન મલ્યું તો બક ખેડૂતની જેમ પસ્તાશો. માટે થોડોક સમય અમારી સાથે રહો પછી સંયમ લઇશું. જવાબમાં જંબૂકુમારે કહ્યું કે માંસ લોલુપી કાગડાની જેમ હું મુરખ નથી કે જેથી મારે પસ્તાવાનો અને મરણનો વખત આવે.

નર્મદા નદીને કાંઠે વિંધ્ય નામના જંગલમાં એક હાથી હતો તે નદી અને કોતરોમાં ફરતો ફરતો પોતાનો કાળ પસાર કરતો હતો. તેમા એક વાર પાણી પીને પોતાના સ્થાને કોતરમાં આવતા આવતા પડી ગયો. અને ત્યાં તેનું આયુષ્ય

પૂર્ણ થતાં મરણ પામ્યો. તેવામાં એક દિવસ તે નર્મદા નદીમાં ઘોડાપુર આવતા તે હાથી પાણીમાં તણાવા લાગ્યો. તેમાં તેનો ગુદાનો ભાગ પહોળો થઇ ગયો એમાં એક કાગડો માંસ ખાવા માટે અંદર પેઠો અને ઘણું માંસ જોતા આનંદ પામવા લાગ્યો. તે માંસ ખાતો જાય અને બહાર આવી હાથીના કલેવર ઉપર બેસતો જાય એમ કરતાં કલેવર આગળ વધતા સમુદ્રના મધ્ય ભાગમાં આવ્યું. અને કાગડાને પણ હવે પોતાના સાથી કાગડાઓ પાસે જવાનું મન થતા પેટ ભરીને ઉડે છે. અને ચારે બાજુ જાય છે પણ મધ્ય સમુદ્રમાંથી ઉડતાં જ્યાં જાય ત્યાં ઉપર આકાશ અને નીચે પાણી દેખાય છે તેથી ઉડતો ઉડતો તપાસ કરી થાકે એટલે પાછો આવે. અને કલેવર ઉપર બેસે એમ કરતા કરતા તે કલેવર સમુદ્રમાં ડુબવા લાગ્યું પરંતુ ખાવાની લાલચે કાગડો તેમાંથી બહાર નીકળ્યો નહિ જેથી તે હાથીની સાથે તે પણ મરણને શરણ થયો. તેમ હું કાંઇ કાગડા જેવો મુર્ખ નથી કે તમારા જેવી એટલે હાથી જેવા કલેવરવાળી તમારામાં હું ફસાઉં, અને સંસારમાં રખડપટ્ટી કરું. મને તો સુધર્માસ્વામી ભગવાને જે સુખ દેખાડ્યું છે તે સુખ તેઓજ મને આપશે તેથી હું તો સવારે સંયમ લેવા જઇશ.

ત્યારબાદ પહેલી પત્ની શાંત થતાં તેનું ઉપરાણુ લઇ બીજી પદ્મશ્રી નામની પત્ની બોલી કે સ્વામીનાથ, વધુ સુખનો લોભ કરશો તો વાનરની જેમ પસ્તાશો. તે વાનરની કથા આ પ્રમાણે છે.

## (બીજી પત્નીની કથા) વાનરની કથા

કોઇ એક જંગલને વિષે ઝાડ ઉપર કુદાકુદ કરતા પોતાનું જીવન પસાર કરતું એક વાનર યુગલ હતું. તે ફરતુ જાય અને ગેલ કરતું જાય. તેમાં અચાનક કોઇ તીર્થ સ્વરૂપ ગણાતા પહાડ પાસે આવ્યા, ત્યાં વાંદરીનો જીવ તે પથ્થર પર પડતાં જ સ્ત્રી અવતાર રૂપે મનુષ્યપણું પામી અને તે જોઇને વાંદરો પણ કુદી પડ્યો તો તે પણ રાજપુરૂષ જેવો મનુષ્ય અવતાર પામ્યો. બન્ને આશ્ચર્ય પામ્યા, તેમાં કર્મની વિચિત્રતાના યોગે વાંદરાના જીવને મનુષ્ય કરતા દેવ થવાની ઇચ્છા થઇ. તેથી તે ફરીથી ઝાડ ઉપર ચઢી પથ્થર પર પડવા માટે વાંદરીના જીવને પૂછે છે, ત્યારે વાંદરીના જીવે કહ્યું કે હવે અતિ લોભ કરવો સારો નથી. મને ઠીક

લાગતું નથી કારણ વાંદરાના ભવમાંથી આવો સારો અવતાર મલ્યો છે માટે દેવ થવાની ભાવના ન રાખો. પણ વાંદરાના જીવે માન્યું નહિ અને તે પથ્થર પર પડ્યો. અને પડતાની સાથે જ પહેલાની જેમ વાનર થઇ ગયો. પછી ફરીથી પડે છે પણ હવે તે વાનરનો વાનર જ રહે છે. તેથી પસ્તાય છે, રૂવે છે, ઘણો વિલાપ કરે છે, પણ તેમાં કાંઇ ફેર થતો નથી, ત્યારે વાનરીનો જીવ સમજાવે છે કે તમે હાથે કરીને લોભ કરવા ગયા તેનું ફળ છે. હવે શા માટે પસ્તાવો કરો છો ? તમારા કરેલા ભોગવો. છતાં તે વાનરીનો જીવ પણ મનુષ્ય અવતાર પામેલી હોવા છતાં તેની સાથે રહે છે. અને સેવા કરે છે તેવામાં કોઇ રાજા તે જંગલમાં શિકાર કરવા આવેલ છે. ત્યાં સુંદર રૂપવાળી સ્ત્રીને વાંદરાની સાથે જોઇ. તેને જોતા અંતરમાં કામરાગ પેદા થતા, વાંદરાને દૂર ખસેડી, તેની પાસે જઇ સમજાવી, ઘોડા પર બેસાડી, પોતાના નગરમાં લાવીને, પોતાના મહેલમાં રાખી અને મુખ્ય પટ્ટરાણી બનાવી, હવે વાંદરાનો જીવ એકલો રહ્યો તે ઘણો વિલાપ કરે છે પણ શું વળે. તેમાં ત્યાં કોઇ મદારી વાંદરા પકડવા માટે આવેલ તેમાં આ પકડાયો તેને લઇ જઇ ખેલ નાટક આદિ કરતા શીખવીને ગામે ગામ ફરતા ખેલ નાટક આદિ કરાવીને પોતાની આજીવિકા મેળવે છે. તેમાં ફરતા ફરતા તે મદારી જે નગરમાં રાજાને ત્યાં વાંદરીનો જીવ છે તે ગામમાં આવે છે. અને ખેલ કરે છે આ સમાચાર રાજાને મળે છે. એટલે રાજાએ તે મદારીને રાજદરબારમાં ખેલ કરવા બોલાવ્યો. તેમાં તે રાજા પોતાના અંતઃપુર સાથે ખેલ જોવા બેઠો છે. ત્યાં વાંદરાને શણગારીને રાજસભામાં લાવે છે તે વખતે વાંદરાએ બધાને જોતા મુખ્ય પટ્ટરાણી રૂપે બેઠેલ પોતાની પત્ની વાંદરી ને જોઇ અને તે ખ્યાલ આવતા ખેલ કરવાના હોસ કોસ ઉડી ગયા અને તે તેણી પાસે જઇને રોવા માંડે છે. તે વખતે પણ રાણીનો જીવ કહે છે કે હું શું કરૂં ? તમારા કર્મનું ફળ તમે ભોગવો. વાનરીનો જીવ પણ રાખવા તૈયાર નથી માટે જે રીતે આવેલ તે રીતે પાછા જવું પડ્યું. તેમ તમે પણ લોભ અધિક કરશો તો પસ્તાવું પડશે માટે હાલ અમારી સાથે રહો. પછી સાથે સંયમનો સ્વીકાર કરીશું.

સંસારમાં પોતાના સ્વામીને રાખવા માટે પહેલી પત્નીનું ઉપરાણું લઇને બીજી પત્નીએ કહ્યું કે સ્વામિનાથ, મોક્ષનું સુખ લેવા માટે અતિલોભ કરશો તો આસુખ છોડવા છતાં જો તે સુખ નહિ મળે તો બન્ને બાજુથી પસ્તાવાનો વખત આવશે

માટે વાનરે ન માન્યું અને દેવતાઇ સુખનો લોભ કરવા ગયો તો મળેલું સુખ પણ ગયું અને જેમ પસ્તાવાનો વખત આવ્યો તેમ તમારે પણ થશે. માટે થોડોક સમય અમારી સાથે રહો. વાનરની કથામાં જોયું કે જંગલમાં ફરતા ફરતા કોઈ તીર્થસ્થાન પાસે પથ્થર હતો, તે પથ્થરના પ્રભાવે એકવાર જે કોઈ તેના પર પડે તે પોતાની ગતિ કરતાં ઉંચી ગતિ પ્રાપ્ત કરે. તે વાનર યુગલને ખબર ન હોવા છતાં વાનરીનો જીવ તેના ઉપર પડતા સુંદર દેહવાળી મનુષ્યની સ્ત્રી બની, વાનર પણ પડ્યો તો તે પણ મનુષ્ય થયો. વાનરને મનુષ્યપણું પરાધીન રૂપ લાગતા દેવ થવાની ઇચ્છા થતાં, વાનરીએ ના પાડવા છતાં, ફરીથી પડતું મુક્યું તેમાં વાનર થયો હવે ગમે તેટલી વાર પડતું મુકે પણ હવે ગતિ બદલાય નહિ.

આમાં કારણ એ પણ જાણવું કે જે જીવોએ પૂર્વભવે આયુષ્ય બાંધતા બાંધતા વચમાં ભોગવવા લાયક બીજીગતિ બંધાઈ ગયેલ હોય તો તે અવશ્ય ભોગવવી જ પડે છે. એટલે કે આ વાનર યુગલના જીવોએ પૂર્વભવે આયુષ્યનો બંધ કરતાં તિર્યંચ આયુષ્ય બાંધતા તિર્યંચ ગતિનો વચમાં બંધ પુર્ણ કરી મનુષ્ય ગતિનો વિપાકોદયથી ભોગવવા લાયક બંધ કરેલ હતો. તેથી તે પથ્થર પર પડતાં જ મનુષ્યગતિ ઉદયમાં આવી શકી તેમાં પણ વાનરના જીવે થોડોક કાળ મનુષ્ય ગતિ ભોગવવા લાયક બાંધેલ હતી તેથી તેને દેવ થવાની ઇચ્છા થતાં ફરીથી પડતું મુક્યું તેમાં પોતાની તિર્યંચ ગતિ ભોગવવા લાયક બંધાયેલ તે ઉદયમાં આવી ગઈ અને વારંવાર પડવા છતાં મનુષ્ય ગતિ ન મળી. તેમાં બંધાયેલી તિર્યંચગતિ હતી પણ પછી મનુષ્ય ગતિ આયુષ્ય બાંધતા બંધાયેલ ન હોવાથી તિર્યંચરૂપે જ રહ્યો. વાંદરીએ પૂર્વભવે આયુષ્ય બાંધતા મનુષ્ય ગતિ વિપાકોદયથી ભોગવવા લાયક લાંબા કાળની બાંધેલી હશે તેથી તે મનુષ્યરૂપે જ રહી. આથી મનુષ્યગતિમાં રહેલ તે વાનરીના જીવને તિર્યંચનું આયુષ્ય ઉદયમાં ચાલે છે અને મનુષ્યગતિ ઉદયમાં છે એમ માનવું જોઈએ. કારણકે જ્ઞાની ભગવંતોએ કહ્યું છે કે એક ભવમાં આયુષ્ય તો એકજ ઉદયમાં જે ચાલતું હોય તે હોય અને ગતિ વિપાકથી ભોગવવા લાયક જે પ્રમાણે બાંધેલ હોય તે પ્રમાણે ઉદયમાં આવતાં બે ગતિનો ઉદય પણ હોઈ શકે છે.

એવી જ રીતે બીજી જગ્યાએ ચંદરાજા કુકડો થયો એ વાત આવે છે. તેમાં

પણ ચંદરાજાના જીવે પૂર્વ ભવમાં આયુષ્ય બાંધતા બાંધતા તિર્યંચગતિ વિપાકોદયથી ભોગવવા લાયક એટલે સોળ કે અઢાર વર્ષ ભોગવવા લાયક તિર્યંચગતિ બાંધેલ હોવાથી મનુષ્ય આયુષ્યના ઉદયકાળમાં તિર્યંચગતિનો વિપાકોદય થતાં તે અવશ્ય ભોગવવી પડી, એટલે જ્યારે ચંદરાજાનો જીવ કૂકડા રૂપે બન્યો ત્યારે મનુષ્ય આયુષ્યનો ઉદય હતો અને ગતિ તિર્યંચની હતી એમ જાણવું આવું ઘણા જીવોને થઈ શકે છે. તેવી જ રીતે આ વાનર યુગલ કથાનકમાં પણ બન્યું છે.

જીવોને પરિણામની વિચિત્રતા ડગલેને પગલે થતી હોવાથી કેવું પરિણામ આવે છે. તે આવા કથાનકો જણાવે છે, તો મોક્ષે જવું હોય, મોક્ષનો પરિણામ પેદા કરી તેમાં સ્થિર રહેવું હોય અને મોક્ષ માર્ગમાં દાખલ થઈ સુંદર મને અને એકાગ્રચિત્તે આરાધના કરવી હોય તો મનના પરિણામને સ્થિર કરવા કેટલો પ્રયત્ન જોઈએ તે વિચારશો. આજે જેવા પરિણામથી ધર્મની આરાધના થાય છે તે જોતાં મોક્ષ માર્ગમાં દાખલ થઈ આગળ વધી શકાય તેવો વિશ્વાસ આવે છે ખરો ?

પહેલા ગુણસ્થાનકે રહેલો આત્મા અરિહંત પરમાત્માનું દર્શન કરે, અને તે જો લઘુકર્મી હોય, ગ્રંથીદેશે આવેલો હોય, તો તે દર્શનથી, અનાદિ કાળથી જીવ જે સાત પ્રકારના ભયવાળો હોય છે તે ભયથી રહિત થાય છે. અર્થાત્ તે સાતે પ્રકારના ભય વગરનો અભય એટલે નિર્ભય બને છે. તે સાત પ્રકારના ભયના નામ આ પ્રમાણે-

૧. ઈહલોકભય એટલે મનુષ્યથી મનુષ્યનો ભય.

૨. પરલોક ભય- મનુષ્યને પશુ આદિકનો કે નરકાદિ દુર્ગતિનો ભય એટલેકે દુર્ગતિમાં જઈશ તો શું થશે.

૩. આદાન ભય- દ્રવ્યાદિ હરણનો ભય એટલેકે ચોર ડાકુ, લુટારૂં લુંટી જશે. લઈજશે તો શું થશે.

૪. અકસ્માત્ ભય- ૫. આજીવિકા ભય, ૬. મૃત્યુનો ભય અને ૭. અપયશનો ભય.

ભગવાનનું દર્શન આ સાતે પ્રકારના ભયથી નિર્ભય બનાવે છે. વર્ષોથી દર્શન કરીએ છીએ નિર્ભયતા પેદા થતી દેખાય છે ? કે સાતેના ભયથી ભયભીત છીએ? જો ભયભીત રહેતા હોઈએ તો ભગવાનના દર્શનમાં ખામી છે. તે સુધારવા પ્રયત્ન

કરવો જોઇએ. જ્યાંસુધી જીવમાં નિર્ભયતા ન આવે ત્યાં સુધી ગ્રંથીને ઓળખીને તેને સમજી સાવચેત રહેવાનું સામર્થ્ય પેદા થતું નથી. આ સામર્થ્ય પેદા થાય ત્યારે જીવને મોક્ષનો અભિલાષ પેદા થાય અને તે વધતા વધતા મોક્ષ માર્ગ જાણવાની જિજ્ઞાસા પેદા થાય, અને તેમાં સ્થિરતા પ્રાપ્ત થાય આજે તમારી આ વાનર જેવી હાલત નથીને ? તેનો રોજ વિચાર કરજો. બરાબર ને ?

હવે જંબૂકુમાર બીજી પત્નીને જવાબ રૂપે અંગારકારકની કથા કહે છે તે આ પ્રમાણે અંગારકારક (કોલસા પાડનાર) ની જેવો હું નથી કે જેથી તૃપ્તિ ન પામું.

કોઇ એક ગામમાં કોઇ ગ્રામ્ય રહેતો હતો. તે રોજ જંગલમાં કોલસા બનાવવા માટે જતો હતો. તેમાં એક વાર ઉનાળાના સમયમાં પોતાની સાથે પાણીની ભરેલી મશક તથા ભાથું બરાબર લઇ ગામથી દૂર જંગલમાં ગયો. ત્યાં ઉપરથી ગરમી સખ્ત પડતી અને ઝાડપાન સળગાવે તેની પણ ગરમી સખ્ત લાગતી હતી. તેના કારણે થોડી થોડી વારે પાણીની તૃષા (તરસ) વધતા પાણી પીવા લાગ્યો. મધ્યાન્હ કાળ એટલે બપોરનો કાળ થતાં પોતાની પાસે રહેલું પાણી ખૂટી ગયું. અને મધ્યાન્હ કાળે તરસ પણ વધવા લાગી ગરમી પણ સખત લાગવા લાગી. પરસેવાથી રેબઝેબ થતાં, તરસ વધતા, પાણીની શોધમાં દોડવા લાગ્યો પણ કોઇ જગ્યાએ પાણી ન મળતાં એક ઝાડ નીચે મૂર્ચ્છા ખાઇને પડી ગયો. અને ઉંઘ આવી ગઇ. તેના કારણે ઉંઘમાં તેને એક સ્વપ્ન આવ્યું અને તે સ્વપ્નમાં પાણીની તૃષાના કારણે વાવ, કૂવા, તળાવ વગેરેનું બધુ જ પાણી પી ગયો તો પણ તરસ શાંત ન થઇ. તેથી દરિયાનું અને સમુદ્રનું પાણી પણ પીવા લાગ્યો, તો પણ તેની તૃષા શમી નહીં. અને તે તૃષાના કારણે જાગ્રત થયો અને ફરતો ફરતો કોઇ ખંડીયેર કૂવો હતો તે કૂવા પાસે આવ્યો. અને અંદર નજર નાખી તો કૂવામાં પાણી ન હતું. તેથી પાણી મળ્યું નહિ તેના કારણે ત્યાં રહી વિચાર કરવા લાગ્યો તો તેમાં કૂવાની આજુબાજુ વનસ્પતિ ઉગેલી હતી તેથી અહીં પાણી મળશે તેમ જાણી તે વનસ્પતિ ઉખેડવા માંડ્યો. તેના કારણે કાદવ મિશ્રિત થોડું પાણી મળ્યું એટલે કાદવ હાથમાં આવ્યો અને તેને જીભ વડે ચાટવા લાગ્યો. જેને નદી-તળાવ-સમુદ્રના પાણીથી સંતોષ ન થયો,

તરસ છીપી નહિ. તેને કાદવ ચાટવાથી સંતોષ થયો ખરો ? પણ જીવને જેમ દાહ જ્વર પેદા થાય અને તેને આટલામાં શાંતિ ન થાય તેમ આ જીવને (અંગારકારકને) પણ કાદવ ચાટવાથી જરા પણ શાંતિ ન થઈ અર્થાત થતી નથી. તેમ હું તેના જેવો મૂર્ખ નથી કે જેથી તમારી સાથે હું રહેવા ઈચ્છું.

આ સંસારમાં પણ અનંતીવાર દેવલોકના સુખો જે સમુદ્રો જેવા છે તે ભોગવવા છતાં ભોગની તૃષા શમતી નથી અને શમી નથી તો પેલો અંગારકારક જેમ પાણીની તૃષા શમાવવા કાદવના બાચકા ભરે તેમ કાદવ જેવા મનુષ્યનાં સુખો છે તેના બાચકા ભરતા કાંઈ તૃષા શમે ખરી ? અને જ્ઞાની ભગવંતોએ મનુષ્યનાં સુખોને કાદવ જેવા કહ્યા છે. કારણકે જ્યાં હાથ નાંખો ત્યાં ખરડાય, ખાવામાં હાથ ખરડાય, પીવામાં ખરડાય, કોઈ પદાર્થ ભોગવવામાં પણ ખરડાય. જેમ જેમ ભોગો ભોગવો તેમ તૃષા શમવાને બદલે વધતી જ જાય છે તેજ રીતે, હે પ્રિયા, કાદવ જેવી તમારી સાથે મને રહેવાની જરાય ઈચ્છા નથી તેથી તમારો ત્યાગ કરી સવારે સુધર્માસ્વામી ભગવાન જે સુખ આપવાના છે. તે સુખ મેળવવા તેમની પાસે સંયમ લઈશ.

જંબૂકુમારની સોળ વરસની વય છે ભગવાન સુધર્માસ્વામીની એક દેશનાથી કેવો ઉંચી કોટીનો વૈરાગ્ય પેદા થયો છે કે જેને કારણે એક એક પત્નીઓને જડબાતોડ જવાબ આપે છે. અને ચુપ કરે છે. તથા પાંચસો ચોરો અને આઠ પત્નીઓનાં અંતરમાં સંસારની અસારતાની સાથે વૈરાગ્ય ભાવની વૃદ્ધિ કરે છે. આવા ચરિત્રોને સાંભળીને તથા વૈરાગ્ય પોષક આવી કથાઓને સાંભળીને જો વૈરાગ્યભાવ પેદા ન થાય તો ભારે કર્મીતા છે. એમ માનવું પડે ને ? મનુષ્યનાં ભોગો કાદવ જેવા એટલે હાથ આદિ ખરડાય અને તૃષા શમાવે એમ નથી તેમ લાગે છે ખરૂં ? કાદવ જેવા ભોગોને ભોગવતા સાચવતા ન ચાલ્યા જાય તેની કાળજી રાખતા આનંદ નથી આવતો ને ? આ રોજ વિચારણા કરવી પડશેને?

હવે બે પત્નીએ જણાવેલ વાત સાંભળી તે બન્નેને ઉત્તર આપી બોલતી બંધ કરી એટલે ત્રીજી પત્ની પદ્મસેના નામની તે કહે છે કે સ્વામીનાથ, જીવોના પરિણામ કર્મને આધીન છે. એમ જ્ઞાની ભગવંતો કહે છે. તો તમોને પુણ્યાનુબંધી પુણ્યના યોગે જે આ સામગ્રી મળેલી છે તે હાલ ભોગવો એટલે હાલ અમારી

સાથે રહો પછી સંયમનો સ્વીકાર કરીશું. સંસાર તરફ પોતાના સ્વામીને ખેંચવા માટે પરિણામ કર્મને આધીન હોય છે. એમ જણાવે છે. કારણ સમજ્યા ? હાલ તમો આ મળેલી સામગ્રી મુકીને એટલે પુણ્યથી મળેલી સામગ્રી છોડીને મુક્તિનું સુખ મેળવવા માટે પ્રયત્ન કરવા જાઓ છો. પણ જો મુક્તિનું સુખ ન મળ્યું તો કર્મને આધીન એવા પરિણામના કારણે બન્ને બાજુથી પસ્તાવાનો વખત આવશે માટે હાલ થોડો સમય અમારી સાથે રહો પછી આપણે સૌ સંયમનો સ્વીકાર કરશું. સંસારમાં પ્રવૃત્તિ અને નિવૃત્તિ કરનારા તો નૂપુરપંડિતા અને ગોમાયુ જેવા ઘણાં હોય છે.

## (ત્રીજી પત્નીની કથા) નુપુરપંડિતાની કથા

રાજગૃહી નગરીમાં દેવદત્ત નામનો સોની રહેતો હતો. તેને એક પુત્ર હતો. જેનું નામ દેવદિન્ન હતું. તે યુવાન વય પામ્યો, ત્યારે તેને દુર્ગિલા નામની કન્યા સાથે પાણિગ્રહણ કરાવીને લગ્ન કરાવ્યા. એક વાર દુર્ગિલા પોતાની સખીઓ સાથે ગામ બહાર તળાવમાં સ્નાન કરવા ગઈ. ત્યાં બાજુમાં રહેલા ઝાડ ઉપર કોઈ યુવાન આવીને બેસી ગયેલ અને આ સ્ત્રીઓ તળાવમાં સ્નાન કરતી હતી તેને જોયા કરતો હતો. તેમાં દુર્ગિલા પોતાના ઉપરના વસ્ત્રો કાઢી સ્નાન કરતી તે જોઈને તે યુવક દુઃશીલ હોવાથી કામવિવશ બન્યો. દુર્ગિલા પણ તેના રૂપને જોઈને તેના પર આસક્ત થઈ. તે વખતે બન્નેની આંખો મળી તેમાં કટાક્ષમાં દુર્ગિલા બોલી કે એકવાર આપણે મળશું. આટલું કહી વસ્ત્રો પહેરી સ્નાન કરી બહાર નીકળી, અને સખીઓ સાથે પોતાના ઘરે આવી. આ સંસાર ! સંસારમાં આવા પ્રકારના બનાવો બન્યા જ કરે તેમાં કોઈ આશ્ચર્ય નથી. રાગાદિ પરિણામને વિવશ બનેલા જીવો શું ન કરે એ આશ્ચર્ય કહેવાય ! માટે જ જ્ઞાની ભગવંતોએ રાગાદિ પરિણામને વશ કરવા માટે જ જગતમાં જૈનશાસન રહેલું છે એમ જણાવ્યું છે. ધર્મની પ્રવૃત્તિ કરતા કરતા તથા અનંતી પુણ્યરાશીથી મળેલ જૈન ધર્મ, તેને આરાધતા આરાધતા, જો રાગાદિ પરિણામની મંદતા ન થાય, તેની પ્રત્યે દ્વેષબુદ્ધિ ન થાય, અને રાગાદિ પરિણામ વધતા દેખાય તેમાં આનંદ આવતો દેખાય, તો કાંઈ આ ધર્મ મોક્ષ આપશે ખરો ? હવે આ બાજુ આ યુવાન

પણ પોતાના ઘરે ગયો. પણ આ સોનીના છોકરાની વહુ (પત્ની) નું સરનામું આદિ કાંઇ જાણતો નથી, કોણ છે તે પણ ઓળખતો નથી. તેથી કામથી વિવશ થયેલા તેના વિચારમાં સુનમુન થતો જાય છે. અને બીજે દિવસે તે તળાવ પાસે આવીને બેસે છે, પણ તે દેખાતી નથી. તેથી વધારે વિવશતા પેદા થતી જાય છે. તેવામાં તે તળાવ પાસે અને ઝાડ પાસે છોકરાઓ રમવા માટે આવે છે તેઓને પૂછે છે કે કાલે અહિંયા સ્નાન કરતી હતી તે બાઇ કોણ છે ? ક્યાં રહે છે ? તે તમે જાણો છો ? તેવામાં એક છોકરો બોલ્યો કે હા, તે દેવદત્ત સોનીના છોકરાની પત્ની છે. અને તે આ શેરીમાં રહે છે. આટલા સમાચાર જાણ્યા તેથી વિચાર કરે છે કે મારાથી તો જવાય નહિ. કોને મોકલું એ વિચારમાં ને વિચારમાં દિવસો પસાર કરે છે. રાતના ઉંઘતો નથી અને દિવસના પણ ચેન પડતું નથી. કયો ઉપાય કરૂં અને એને મેળવું. ત્યાં સોનીના ઘરે તે દુર્ગિલા પણ આ યુવાનને જોયા પછી તેના પ્રત્યે આસક્ત થયેલી છે. તેથી તે પણ તેને મળવા માટેના વિચારો કર્યા કરે છે. અને ઘરનું બધુય કામ કરે છે તેમાં એને પણ ચેન પડતું નથી. બન્ને કામની વિવશતાના કારણે દુ:ખી થતાં જાય છે. આ સંસાર...એક વિચાર રાગાદિનો પેદા થયા પછી જો તેને કાઢવાનો પ્રયત્ન કરવામાં ન આવે તો તે વિવશતા પેદા કરાવીને આર્તધ્યાનનાં વિચારોમાં મગ્ન બનાવે છે. તેવામાં એકવાર તે ગામમાં જ્યાં યુવક રહેતો હતો તે યુવકને ત્યાં કોઇ તાપસી એટલે તાપસનો વેશ પહેરી તાપસીપણું પાળતી કોઇ તાપસી ભિક્ષા માટે આવી. ત્યાં આ યુવકને વિચાર આવ્યો કે આ સુંદર તક છે. આને સારૂં સારૂં ભિક્ષામાં આપી રોજ અહીંજ લાભ આપજો એમ જણાવું. અને પછી તેને સર્વ વાત કહી તે સોનીના ઘરે મોકલીને સંદેશો મોકલું તો આનાથી મારા કામની સફળતા થશે. એટલે તાપસીને રોજ ભિક્ષાએ બોલાવી સારૂં સારૂં ભોજન આપી વિશ્વાસ પેદા કર્યો. તેમાં એકવાર તે યુવકે જણાવ્યું કે એક મારૂં અંગત કામ કરવાનું છે તે તમો કરી આપશો ? તમારાથી થાય એમ લાગે છે. એમ વિશ્વાસમાં લઇ બધી વાત જણાવી એને તે તાપસીને તે સોનીના ઘરે ભિક્ષા માટે મોકલી. તે વખતે ઘરમાં આ દુર્ગિલા એકલી જ હોવાથી તાપસીએ ધીરે રહીને કહ્યું કે જે યુવકે તળાવમાં સ્નાન કરતી એવી તને જોયેલી તે યુવક તને મળવા માગે છે, તો તે કયા સમયે મળે તે મને જણાવ તો હું સંદેશો આપુ. ત્યારે દુર્ગિલાએ

ખુબ ગુસ્સે થઇ કડક શબ્દમાં કહ્યું કે તમો આ વેશમાં રહીને આવું ખરાબ કામ કરાવવા માંગો છો ! મેં કોઇને વચન આપ્યું નથી. અને એવી હું નથી. ખબરદાર, આજે બોલ્યા તો બોલ્યા હવે આવી રીતે કદી બોલતા નહિ નહિંતર તમારી ફજેતી થશે. આ સાંભલીને તાપસી ડઘાઇ જ ગઇ, અને જેવી આવી હતી તેવી પાછી જતી રહી. અને તે યુવકને જઇને કહે કે તે તો સદાચારી છે. આવું કામ કોઇ દિવસ કરે એમ નથી અને ઉપરથી મને કેટલું કહ્યું, હવે હું જવાની નથી. ત્યારે યુવકે જણાવ્યું કે કાંઇ નહિ. આટલું જ કહ્યું છે ને ! ચિંતા ન કર, ફરીથી કોકવાર જોઇશું. તેમાં એકવાર તે તાપસીને પાછી તૈયાર કરીને બરાબર સમજાવીને મોકલી ત્યારે તે વખતે તે સોનીના છોકરાની વહુ બહાર વાસણ માંજતી હતી, એટલે વાસણ માંજવાના પડતા મૂકી અંદર ગઇ, ત્યારે તાપસીએ વાત કરી અને કહ્યું કે તારા વગર તે યુવક રહી શકતો નથી. માટે તને મળવા કયા ટાઇમે આવે તે ખાસ પુછાવ્યું છે. ત્યારે તે દુર્ગિલા ગુસ્સે થઇ તેને ધૂતકારી કાઢીને કાંડુ પકડીને, પાછળ બે ત્રણ ધબ્બા મારીને, પોતાના ઘરનો પાંછલો દરવાજો અશોક વાટિકામાં જવાનો હતો, તેમાંથી તેને બહાર કાઢી. તાપસી પણ ડરીને જલ્દી જલ્દી તે યુવકના ઘરે ગઇ અને જણાવ્યું કે તું માનતો નથી પણ તે બાઇ જરાય તને ઇચ્છતી નથી અને મારૂં અપમાન કરી મને ધબ્બા મારીને પોતાના પાછલા બારણેથી મને કાઢી મૂકી. માટે તેને છોડ. તે મનમાંથી કાઢી નાખ, ત્યારે તે યુવકે પાછળ પડેલા ધબ્બામાં કેટલા આંગળા પડ્યા છે તે ગણ્યા અને વિચાર કરીને કહે છે કે એ બાઇએ સાંકેતિક સંદેશો કહેવડાવ્યો છે તે હું સમજી ગયો છું.

સંસારમાં કામથી વિવશ બનેલા જીવો સાંકેતિક ભાષાથી પણ સમજી શકે છે કેવો છે આ સંસાર, તમને લાગે છે ખરો ? કે મધુબિંદુનું એક બુંદ લેવાની ઇચ્છા છે !

તાપસી એ જણાવ્યું શું સંકેત છે ? ત્યારે કહ્યું કે તમારા કપડા પર પાંચ આંગળા પડેલા હોવાથી મને અંધારી પાંચમે આવવાનું જણાવે છે. અને અશોક વાટિકામાંથી બહાર કાઢી માટે ત્યાં મલવાનું જણાવ્યું છે. તે પણ અંધારી રાતે કારણ કે ડાઘ કાળા પડેલા છે. માટે આ સંકેતથી તે અંધારી પાંચમની વાટ જોતો જોતો પોતાના દિવસો પસાર કરે છે. અને તેજ અંધારી પાંચમે સાંજના

સમયે પાછલા રસ્તેથી અશોકવાટિકામાં પેઠો. તે વખતે આ દુર્ગિલા પણ ગવાક્ષમાં ઉભી ઉભી તેની રાહ જોતી હતી. બન્નેની આંખો મળી પછી ત્યાં તેને બેસવાનું જણાવ્યું, અર્થાત્ ત્યાં રહેવાનું કહ્યું. હવે રાતના સમયે પોતાના સ્વામી સાથે સૂતેલી છે. તેમને ઘસઘસાટ ઉંઘતા જોઈ હાજતના બ્હાને નીકળીને અંધારામાં અશોકવાટિકામાં ગઈ. ત્યાં તે યુવક સાથે કામક્રીડા કરીને તેની સાથે ઉંઘે છે તેવામાં તેનો સસરો દેવદત્ત હાજતના કારણે ઉઠયો. દિકરાને એકલો સુતેલો જોયો તેથી તપાસ કરે છે તેવામાં અશોક વાટિકામાં પરપુરૂષની સાથે પુત્રવધૂને ઉંઘતી જોઈને પાછો આવી ફરીથી ઘરમાં તપાસ કરી અને નકકી કર્યું આ એજ છે. તેથી શિક્ષા કરવા માટે ધીમે રહીને તેના પગનું એક નૂપુર કાઢી લીધું. તે કાઢતા દુર્ગિલા જાગી ગઈ અને સમજી ગઈ. એટલે સસરાના ગયા પછી જારપુરૂષને સમજાવી રવાના કર્યો અને કહ્યું હવે આપત્તિ છે પણ શું કરવું તે માટે તું મને મળતો રહેજે. બીજા વેશે તે પણ ગયો. આ બાજુ દુર્ગિલા ત્યાંથી ઘરમાં આવીને પોતાના પતિ પાસે સુઈ ગઈ ઉંઘવાનો ડોળ કરે છે, પણ ઉંઘ આવતી નથી. તેથી પોતાના પતિને કહે છે કે મને આજે અહિં ઉંઘ આવતી નથી. તેથી અશોક વાટિકામાં જઈને સૂઈ જઈએ ત્યારે તે દેવદિન્ન સીધો અને સરળ હોવાથી તેની પત્નીના કહેવાથી તેની સાથે અશોકવાટિકામાં સૂઈ ગયો. ત્યાં પત્નીને ઉંઘ આવતી નથી તેથી વિચાર કરીને પોતાના પતિને કહે છે હે સ્વામીનાથ ! તમારા કુળમાં આવો રિવાજ છે ? મને સમજણ પડતી નથી. ત્યારે દેવદિન્ને કહ્યું કે શું થયું! ત્યાર બાદ પોતાના પતિને વિશ્વાસમાં લઈ કહ્યું કે આ અશોકવાટિકામાં આપણે બન્ને સૂતેલા છીએ. વળગીને પડેલા છીએ. તેમાં તમારા બાપા આવ્યા અને મારા પગમાંથી એક નૂપુર કાઢી ગયા. આવી રીતે આવે તે ઉચિત ગણાય! ત્યારે દેવદિન્ન કહે છે કે સવારે હું બાપુજીને ઠપકો આપીશ તે વખતે દુર્ગિલા કહે છે કે તે તમોને જુદુ સમજાવશે કે કોઈ પરપુરૂષની સાથે સૂતેલી હતી. તેથી સાક્ષી માટે મેં કાઢી લીધેલ છે. માટે તે વખતે શું કહેશો ! દેવદિન્ન કહે છે કે એ બને જ નહિ અશોકવાટિકામાં જ હું અને તે અમે બન્ને જ સૂતેલા હતા. બીજુ કોઈ હતું જ નહિ એમ જણાવીશ. અને બાપુજીને ઠપકો આપીશ. આ રીતે પોતાના પતિને વિશ્વાસમાં લઈને સસરાને જૂઠા પાડવા માટે તૈયારી કરી. આ રીતે રાત્રિ પસાર કરી સવાર પડી એટલે દેવદિન્ન બાપાને કહેવા લાગ્યો કે તમે આ શું

કર્યું ! આવું થતું હશે ! ત્યારે દેવદત્તે પોતાના દિકરાને કહ્યું કે, મેં બરાબર ખાત્રી કરેલી, બે વાર જોઈ ગયો, તું અંદર સૂતેલો હતો અને આ બહાર પરપુરૂષની સાથે સૂતેલી હતી. ત્યારે દેવદિન્ને કહ્યું કે પિતાજી ! આપના જોવામાં ભ્રમ થાય છે તે વખતે હું જ સૂતો હતો આ સાંભળીને દેવદત્તને ઘણી ચિંતા થઈ. આ વાત દુર્ગિલા સાંભળતી હતી, તેથી તે પણ વચમાં બોલવા લાગી કે આ રીતે તમો મને દુરાચારિણી તરીકેનો આક્ષેપ કરો છો તે બરાબર થતું નથી. આ રીતે બોલવું ઉચિત નથી હું જ પોતે કોણ સાચા છે તે જાણવા ગામ બહાર યક્ષના મંદિરે પરિક્ષા કરીને બતાવીશ. અને તે વખતે દેવદત્તે અને દુર્ગિલા એમ બન્નેએ તે વાત કબૂલ કરી.

ગામ બહાર જે યક્ષનું મંદિર હતું તેનું નામ શોભનયક્ષ હતું તેનો એવો પ્રભાવ હતો કે અસત્યવાદી મનુષ્યો તેની જંઘામાંથી બહાર નીકળી શકતા ન હતા. દુર્ગિલાને પોતાનું ખોટું કૃત્ય સાચું કરી બતાવવું હતું. તે કેવી રીતે પાર પડે તે માટે રોજ ખૂબ વિચારણા કરવા લાગી. અને મગજ કસવા માડયું. તેવામાં એક સુંદર યુક્તિ તેને શોધી કાઢી. પોતાના જારપુરૂષને, જ્યારે હું યક્ષ પાસે વાજતે ગાજતે જવા નીકળું ત્યારે ગાંડો થઈ રસ્તા વચ્ચે મને સ્પર્શ કરી વળગી પડવાનું કહેણ મોકલ્યું. પેલો પુરૂષ પણ આબેહુબ રીતે ગાંડો થઈને દુર્ગિલા જે માર્ગેથી યક્ષ પાસે જતી હતી, ત્યાં રસ્તામાં આવીને વળગી પડયો. નગરજનો સ્નેહી સંબંધીઓ સાથે હતા તેઓ એ તેને દૂર કર્યો અને આ રીતે નગરજનો સાથે તે ગામ બહાર યક્ષના મંદિરમાં ગઈ અને બોલી કે - એક મારો પતિ દેવદિન્ન અને બીજો ગાંડો પુરૂષ એ સિવાય બીજા કોઈ પુરૂષે મારા શરીરનો સ્પર્શ કર્યો ન હોય તો મને સતી તરીકે સિધ્ધ કર. અને મને નીકળવાની જગ્યા આપ ! યક્ષ પોતે પણ વિચારમાં પડી ગયો. શું કરવું તેની તેને પણ મુઝવણ પેદા થઈ. કારણ યક્ષ જાણે છે કે દેવદત્ત સાચો છે અને આ દુરાચારિણી છે. પણ યુક્તિ એવી ગોઠવીને એવી રીતે પૂછે છે કે શું કહેવું. એ યક્ષ હજી વિચાર કરે છે ત્યાં દુર્ગિલા તેની જંઘામાંથી પસાર થઈ ગઈ. લોકોએ તેનો જય જય કાર કર્યો અને સસરા એવા દેવદત્તની અપકીર્તિ થઈ. લોકોએ દુર્ગિલાનુ નૂપુરપંડિતા એવું નામ પાડ્યું.

સ્ત્રીની શક્તિ કેટલી હોય છે તે વિચાર્યું ને ! તેથીજ જ્ઞાની ભગવંતોએ

અબળાને સબળા કહેલી છે. તેના મનને ઓળખવું યક્ષને પણ મુશ્કેલ પડે છે, તો સામાન્ય મનુષ્યની વાત જ શી ? દેવદત્ત સાચો છે. છતાં તેનો પરાભવ થયો તે જાણીને વધારે ચિંતામાં પડવાથી તેની ઉંઘ ઉડી ગઈ. રાતના બિલકુલ ઉંઘ આવતી જ નથી. આ હકીકત લોકો દ્વારા જાણીને રાજાએ પોતાના અંતઃપુરના રક્ષણ માટે રાતનો પેહેરેગીર બનાવ્યો.

આ વખતે રાજાની એક રાણી હાથીના મહાવતના પ્રેમમાં પડેલી છે. તેવા સમાચાર રાજાને મળેલ હોવાથી, કઈ રાણી છે તે જાણવા માટે નિદ્રા રહિત ચોકી કરે તો ખબર પડે, તેથી દેવદત્તને નવો ચોકીયાત બનાવેલ છે. હવે રાતના બીજા પહોરે તે મહાવત પાસે જવાનો સમય થયો, એટલે રાણી ઉઠી. ગવાક્ષ માંથી જોયું તો પેહેરેગીર જાગતો હતો તેથી વારંવાર ડોકીયા કરી પાછી જતી રહેતી હતી. તેમાં આ દેવદત્ત તેને જોઈ ગયો અને જાણી ગયો કે રાણી સાહેબને ક્યાંક જવું છે તેથી ડોળ કરી આંખો મીંચીને પડ્યો રહ્યો ત્યારે રાણીએ જોયું કે રક્ષક સૂઈ ગયો છે. તેથી ગવાક્ષ ઉપર ચઢી નીચે જે હાથી હતો તેણે પોતાની સૂંઢ ઊંચી કરેલી છે તેમાં રાણી બેઠી અને હાથીએ પોતાની પીઠ ઉપર બેસાડી. હાથી મહાવત પાસે લઈ ગયો ત્યાં હાથી બેઠો એટલે નીચે ઉતરી, એટલે મહાવત રાણી ઉપર ગુસ્સે થયો અને કહ્યું, કેમ મોડી થઈ ત્યારે તેણીએ નવો રક્ષક આવ્યાની વાત કરી. તે સૂતો નહતો માટે મોડું થયું. તેમાં ગુસ્સામાં મહાવતે હાથીને બાંધવાની સાંકળ વડે તેને મારી. મહાવતને રાણીએ કરેલ નવા રક્ષકની વાતથી થોડું સમાધાન થયું તેથી મારવાનું બંધ કર્યું. રાણી સાથે પોતાનું કામ પતાવી જ્યારે ચોથો પહોર બાકી રહ્યો ત્યારે જે પ્રમાણે રાણી આવેલ તે રીતે પોતાના ગવાક્ષથી અંદર ગઈ. આ જોવાથી દેવદત્તને વિચાર આવ્યો કે રાજાની રાણી પણ જો આવી હોય તો દુનિયામાં બીજી સ્ત્રીઓ આવી હોય તેમાં નવાઈ શી ? આ વિચારથી પોતાની પુત્રવધૂને દુરાચારી દેખેલ તે વિચાર દૂર થતાં ગાઢ નિદ્રા આવી અને તે નિરાંતે સૂઈ ગયો.

એક કામને વિવશ બનેલા જીવો કેટલું કષ્ટ સહન કરે છે તે જોયું ! એવી રીતે ધન એટલે પરિગ્રહને પણ વિવશ (વશ) બનેલા જીવો પણ કેટલું કષ્ટ વેઠે છે. જો આવી રીતે જીવોને મોક્ષનો અભિલાષ કે મોક્ષની રૂચિ પેદા થઈ જાય તો કોઈ નિકાચીત કર્મ ન હોય તો મહાવિદેહ ક્ષેત્રમાં જઈને મુકિત થઈ જાય

કે નહિં ? મોક્ષે જવા માટે પહેલા મિથ્યાત્વ ગુણસ્થાનકે રહીને આવી રૂચિ કે અભિલાષ પેદા કરવો પડશે. બોલો તેનો પ્રયત્ન ચાલુ છે ને ? અરિહંત પરમાત્માના આત્માઓને જ્યારે આ રૂચિ પેદા થાય છે, અથવા અરિહંત સિવાયના આત્માઓને પણ જ્યારે આ રૂચિ પેદા થાય છે ત્યારે, સમ્યક્ત્વની પ્રાપ્તિ થાય છે. બોલો આરાધના કરતા કરતા તમારી રૂચિ કઈ તરફ છે ? તમો આ સ્થાનમાં આરાધના કરો છો તેથી સંસારના સુખ મેળવવા માટે આરાધના કરતા નથી તે વાત મંજૂર છે પણ અરિહંત પરમાત્માઓ જે છોડીને ગયા છે તે છોડવાની બુદ્ધિ પેદા થાય એ માટે આ આરાધના કરો છો ખરા ? સુખ નથી જોઈતું તે મંજૂર, પણ પુણ્યથી મળેલ સામગ્રી છોડવા જેવી માની તે છોડવાની બુદ્ધિથી કેટલા આરાધના કરે છે. અરે તેની હુંફ ધર્મક્રિયા કરવામાં સાથે લઈને આવે છે. જરાક આઘુપાછું થવા માંડે તો સરખું કરવામાં જે આરાધના થતી હોય તે ઓછી થઈ જાય એ બરાબર છે ને ?

અહી પણ કામને વિવશ (પરવશ) બનેલ રાણીઓ અંતઃપુરમાં પણ હોય છે તે જાણ્યા પછી ગાઢ નિદ્રા આવતા દેવદત્ત સવાર થવા છતાં પણ જાગ્યો નહિ. બીજા માણસોએ રાજાને વાત કરી. રાજાએ તેમાં કાંઈ રહસ્ય હશે એમ માનીને તેને ઉઠાડ્યો નહિ સુવા દીધો. જ્યારે ઉઠ્યો ત્યારે રાજાએ એને ખાનગીમાં બોલાવી ઊંઘ આવવાનું રહસ્ય પૂછતાં અને દેવદત્તે પણ જે સત્ય અહેવાલ જોયેલો હતો તે રાજાને જણાવ્યો. રાજાએ તેને રજા આપી.

ત્યાર બાદ રાજાએ કારીગરોને બોલાવીને લાકડાનો મોટો હાથી બનાવરાવ્યો, અને તે હાથી પોતાના દિવાનખાનામાં રખાવી અંતઃપુરની પત્નીઓને બોલાવી, દરવાજો બંધ કરાવી, રાજાએ સૌને હુકમ કર્યો કે કપડા કાઢી હાથીની આ બાજુથી ઉપર ચઢી પેલી બાજુ નીચે ઉતરો. આ હુકમ થતાં એક પછી એક પત્ની કપડા કાઢી રાજાની આજ્ઞા મુજબ કરવા લાગી. તેમાં જે રાણી (પત્ની) મહાવતની સાથે લાગુ પડેલ હતી, તે પોતાના સ્વામીને જણાવે છે કે, સ્વામી, મને હાથીને જોઈને ભય લાગે છે. ત્યારે રાજા સમજ્યો કે જરૂર આ જ એવી હોવી જોઈએ. રાજાએ હુકમ કરીને કપડા કઢાવ્યા. અને જોયું તો વાંસામાં સાંકળનો માર પડેલો તેના ઘા હતા. ત્યાર બાદ રાજાએ તેની પાસે બધી વાત જાણીને બધાને રવાના કર્યા. અને રાજાએ વિચાર કર્યો કે આને સખ્ત સજા કરીશ. રાજસભા ભરી તેમાં

મહાવત અને રાણીને બોલાવીને હાજર કર્યા. અને કહ્યું, આ બન્નેને હાથી ઉપર બેસાડી પહાડ ઉપરથી હાથી સાથે ખીણમાં પડતું મુકાવીને મરાવી નાખવાના છે. તે માટે દિવસ નક્કી થયો હાથી ઉપર બેસાડી જે પહાડ ગામ બહાર હતો તેના ઉપર ચઢાવવા લાગ્યો. હજારો માણસો જોવા માટે એકઠા થયા છે. જ્યારે મહાવતે હાથીને ઠેઠ પહાડની ટોચ ઉપર ચઢાવ્યો અને પછી રાજાના હુકમ મુજબ એક એક પગ મહાવત હાથીનો ઉંચો કરાવતો જાય છે. તેમ તેમ જોનારા હજારો માણસો રાજાને વિનંતી કરે છે કે રાજન્, ખરાબ કામ, ઉપર બેઠેલા બે જણાએ, એટલે મહાવત અને રાણીએ કર્યું છે તેમાં હાથીનો શું દોષ ? ગમે તેમ કરીને પણ હાથીને મરવા ન દ્યો. હાથી બચે એમ કરો ત્યાં સુધીમાં તો હાથીના ત્રણ પગ ઉંચા થઈ ગયેલ. માત્ર એક પગે ઉભેલો હતો. તેવામાં રાજાનો હુકમ થયો કે હે મહાવત, જો હાથી બચી શકે એમ હોય તો તેને બચાવ તો તમને બન્નેને મારવાની જે સજા છે તેના બદલે દેશ નિકાલની સજા કરીશ. ત્યારે મહાવત વિચાર કરે છે કે મરવા કરતા દેશનિકાલની સજાથી હજી જીવતા રહેવાશે માટે પ્રયત્ન કરૂં. તેમ વિચારી પોતાની કુશળતાથી હાથીનો એક એક પગ જમીન ઉપર મુકાવ્યો અને જે રસ્તે ઉપર ચઢેલ તે રસ્તે પાછો ઉતાર્યો. રાજાએ મહાવત અને રાણી બન્નેને દેશ નિકાલની સજા કરી. હવે મહાવત અને રાણીબન્ને જતાં જતાં શહેર ગામડા જંગલ વગેરે વટાવી કોઈ ગામના પાદરે એટલે ગામ બહાર આવ્યા અને ગામ બહાર રહેલા દેવાલયમાં રાત્રિવાસો રહ્યા.

હવે આ બાજુ ગામમાં રાજાને ત્યાં રાતના ચોરો ચોરી કરવા પેઠા તેમાં ચોરી કરી નીકળતા હતા. તેમાં પેહેરેગીરને ખબર પડતા ચોરો ભાગ્યા. તેમાંનો એક ચોર પોતાનો જાન બચાવવા દોડતો દોડતો આ દેવાલયમાં આવ્યો પેઠો અને બારણા બંધ કર્યા. બહાર પેહેરેગીરોએ ચોકી ભરવા માંડી. અંધારામાં અંદર જતાં મહાવત અને રાણી સૂતેલા છે તે ખબર ન હોવાથી તેમની બાજુમાં જ બેસે છે. મહાવત થાકી ગયેલ તેથી ઘસઘસાટ ઉંઘે છે પણ રાણીને ઉંઘ આવતી નથી તેથીતે જાગતી પડી છે. તેવામાં ચોરે પોતાનો હાથ લાંબો કરતા તેને રાણીનો સ્પર્શ થયો. રાણી વિચારે છે કે બીજું કોઈ છે તેથી તેને પૂછે છે. હકીકત જાણી રાણી કહે છે કે મને પત્ની તરીકે સ્વીકારતા હો તો હું તમને બચાવું. ચોરે કહ્યું કઈ રીતે ? ત્યારે રાણીએ બધી વાત કરી અને આ ચોરીનું પોટલું

તેના માથા પાસે મુકી દઈને સવારે બહાર નીકળતા હું તમારે માટે કહીશ કે આ મારા સ્વામિ છે. આ ચોર ક્યારે આવ્યો તે ખબર નથી. તેથી મુદ્દામાલ સાથે તે પકડાશે અને આપણે બચી જઈશું તેમાં તમારૂં રક્ષણ થઈ જશે. ચોરે વિચાર કર્યો કે જો હાલ અત્યારે મારૂં રક્ષણ થતું હોય તો હા પાડવા દે. એમ કહીને તે બન્ને સૂઈ ગયા. સવાર પડી. ઉઠીને બારણું ખોલ્યું તેમાં તેઓને પકડ્યા ત્યારે કહ્યું કે અમો તો ચોર નથી મુસાફર છીએ. ફરતા ફરતા અંધારૂં થતાં અમો અહીં આવીને સૂઈ ગયા અને અમને ખબર પણ નથી. ત્યા બાદ મહાવતને પકડ્યો તેની પાસેથી ચોરીના માલનું પોટલું મલતા ચોર જાણી પકડીને રાજા પાસે લઈ જાય છે, ત્યારે મહાવત કહે છે કે હું ચોર નથી, આ ચોર છે. અને મારી પત્નીને પણ તે લઈ જાય છે માટે મારી પત્ની મને પાછી અપાવો ત્યારે પેહેરેગીરે કહ્યું કે તું પોતે ચોર છે તારી સાથે તારી પત્નિ ક્યાંથી હોય ? માટે ચાલ, રાજા તને સજા કરશે. રાજાને વાત કરી, એટલે રાજા કહે છે, મારે મોઢું જોવું નથી. તેને લઈ જઈ શૂળીએ ચઢાવી ધો.

રાજાના હુકમથી પેલા મહાવતને શૂળીએ ચઢાવવામાં આવ્યો તેથી તેના શરીરમાંથી લોહી નીકળવા માંડે છે તેમાં પાણીની સખ્ત તરસ લાગતાં પાણી પાણી કરે છે, પણ હજારો માણસ હાજર હોવા છતાં કોઈ પાણી આપતું નથી. તે જ વખતે ત્યાંથી જિનદાસ નામનો શ્રાવક પસાર થાય છે અને પાણી પાણી શબ્દ સાંભળતા દયા આવતા તે ચોરની પાસે જઇને કહે છે કે હું તને મંત્ર આપુ તે ગણ. હમણાં હું પાણી લઇને આવું છું. એમ કહી નમો અરિહંતાણં પદ આપ્યું. તે મહાવત પણ આટલી વેદનામાં નમો અરિહંતાણં પદ બોલવા લાગ્યો. શ્રાવક પણ પાણી લેવા ગયો. જ્યાં પાણી લઇને આવ્યો અને પાણી આપવા જાય છે ત્યાં જ તે મહાવતનો જીવ જતો રહે છે, એટલે મૃત્યુ પામ્યો. પણ આટલી વેદનામાં નમો અરિહંતાણં પદ બોલતા બોલતા તેમાં મનની એકાગ્રતા થતાં દેવનું આયુષ્ય બંધાઇ ગયું અને તે વ્યંતરદેવપણે ઉત્પન્ન થયો. આ રીતે ચોર ન હોવા છતાં ચોર તરીકે સજા થઇને મૃત્યુ પામ્યો. લોકોએ રાજાને વાત કરી કે જિનદાસે તેને પાણી લાવી આપ્યું તેથી રાજાજ્ઞાનો ભંગ કરેલ છે. એના કારણે રાજા એ તે જિનદાસને પકડાવી જેલમાં દાખલ કર્યો. એટલે કે પુરી દીધો. હવે મહાવતનો જીવ જે વ્યંતરદેવ થયો છે તેને પોતાના જ્ઞાનથી

હકીકત જાણી, અને તરતજ પોતાનો ઉપકારી એવો શ્રાવક દુઃખ ભોગવે છે તેમ જાણી તેને છોડવવા માટે તત્કાલ ત્યાં આવ્યો. અને આખા નગર ઉપર ઉલ્કાપાત મચાવ્યો. તથા રાજા પાસેથી તે શ્રાવકને છોડાવી તેની પ્રભાવના કરી, અને આખા ગામનો નાશ કરવા માટે પ્રયત્ન કરી રહ્યો છે ત્યારે જિનદાસ શ્રાવકના કહેવાથી તે પાછો જતો રહ્યો આ રીતે શ્રાવકે આખા ગામનું રક્ષાણ કરાવ્યું.

આ બાજુ પેલી કુલટા રાણી ચોર સાથે એકલી નીકળી પડી. ચાલતા ચાલતા ચોરને પોતાના ગામ તરફ જતાં વચમાં મોટી નદી આવી તે પાણીથી ભરપૂર છે. તેથી ચોરે રાણીને કહ્યું કે આ પાણીમાં તને ઉપાડીને સામે કાંઠે લઇ જવાની મારી શક્તિ નથી. કારણકે એક તારો ભાર અને બીજો આ અલંકારનો ભાર તેના કારણે ઉપાડી નહિ શકું તેથી પહેલા તારા શરીર ઉપર રહેલા અલંકારો અને વસ્ત્ર કાઢીને મને આપ કે જેથી તેનું પોટલું બાંધી સામે કાંઠે હું મુકી આવું પછી તને લઇ જઇશ. તે રાણીના જીવે વસ્ત્ર અને આભૂષણ ઉતારીને આપતા તેની પોટલી બાંધી ચોર માથા ઉપર મુકી રવાના થઇ ગયો અને સામે કાંઠે પહોંચી કહ્યું કે હવે હું આવવાનો નથી તું તારે ત્યાંજ રહેજે. કારણ તેં તારા ભરથારને એટલે જેની સાથે તું આવી તેને મરાવી નાખી મારી સાથે ચાલી આવી તો તું મને પણ શું ન કરે ? માટે હું વિશ્વાસ રાખું નહિ એમ કહી ચોર ચાલતો થયો. રાણીએ ઘણી બૂમો પાડી પણ તે ચોર નાસી ગયો.

હવે આબાજુ રાણી ઝાડીમાં બેઠેલી છે. અને રૂએ છે તેજ વખતે મહાવતનો જીવ જે વ્યંતર દેવ થયો છે તે વિચાર કરે છે કે જે રાણી મારી સાથે આવેલી તે ક્યાં છે. વિભંગજ્ઞાનથી જાણીને, તેના આ હાલ જોતાં તેને પ્રતિબોધ કરવા માટે અનેક રૂપ વિકુર્વ્યા. તેમાં પાણીમાં તરતા માછલા રૂપે, કાગડા રૂપે અને શિયાળરૂપે થઇને. તે શિયાળ મોંઢામાં માંસનો ટુકડો લાવી એક બાજુ મુકી પાણીમાં રહેલા માછલા પકડવા મોઢું નાખે છે ત્યાં કાગડો માંસનો ટુકડો લઇ ઝાડ ઉપર ચઢી જાય છે. માછલું પાણીમાં પેસી જાય છે. તે જોઇને રાણી શિયાળને કહે છે કે તું આવો મુર્ખ રહ્યો. પહેલા મળેલો આહાર ખાઇ પછી માછલું લીધુ હોત તો પસ્તાવાનો વખત ન આવત ત્યારે શિયાળ મનુષ્ય ભાષામાં બોલે છે કે બીજાને શિખામણ આપવા કરતા પોતાની જાતને જોઇ શિખામણ આપ. હું

તો ખોરાક વગરનો રહ્યો પણ તું બધાથી રહી તેનું શું ? માટે તું તારૂં જો. આ જ્યારે શિયાળે જાણાવ્યું એટલે રાણી ઝંખવાણી પડી ગઇ અને પસ્તાવો કરતા કરતા રોવા લાગી. અને પૂછે છે કે તમે મનુષ્ય ભાષા બોલો છો માટે શિયાળ લાગતા નથી. કોણ છો ? એટલે મહાવતનો જીવ દેવ જે રીતે થયો તે રીતે હકીકત જાણાવી અને કહ્યું કે હું પ્રતિબોધ કરવા માટે આવેલો છું. જો મને જિનશાસન ન મલ્યું હોત તો મારૂં શું થાત તે વિચારી તને પણ જૈન શાસન જાણાવવા આવ્યો છું. એટલે તે પ્રતિબોધ પામી. કપડા લઇ આવી પહેરાવી, જ્યાં જૈન મંદિર, સાધ્વી આદિનો યોગ મલે, તે નગરમાં મુકી દેવ ચાલતો થઇ ગયો. માટે સ્વામિનાથ ! પરિણામની ધારા જીવોની એક સરખી રહેતી નથી બદલાયા કરે છે તેથી હાલ તમો ઉતાવળ કરી મોક્ષનું સુખ મેળવવા માટે મળેલા સુખનો ત્યાગ કરવા ઇચ્છો છો તો પાછળથી પરિણામની ધારા બદલાતા પસ્તાવાનો વખત આવશે માટે હાલ અમારી સાથે રહો.

આ કથામાં જોયું કે સ્ત્રી ચરિત્ર કેટલું વિસ્તારથી મહાપુરૂષોએ જાણાવેલું છે. સ્ત્રીના મનને પહોંચવું દુષ્કર છે. તેથી અબળા ગણાતી સ્ત્રીઓને સબળા અથવા પ્રબળા કહેવાય છે. બીજું મહાવત એટલે રાજાને ત્યાં રહેલો હાથી સાચવનાર માનવ રાણીની સાથે દુરાચાર સેવતો હતો. તેમાં કેટલા કર્મ બાંધેલ તેથી ચોર ન હોવા છતાં ચોર તરીકેની સજા થઇ પોતાનો પ્રાણ ખોવો પડ્યો. પણ પુણ્ય યોગે જિનદાસ નામનો શ્રાવક મળ્યો. એક નમો અરિહંતાણં પદના રટણથી પાણીની તરસ ભૂલાઇ ગઇ. તે પદમાં મનની સ્થિરતા થઇ. આયુષ્યનો બંધ તેજ વખતે થતાં વ્યંતરદેવનું આયુષ્ય બંધાયું. દેવ બનીને જિનદાસ શ્રાવકને પણ દુઃખમાંથી છોડાવ્યો તથા રાણીના જીવને પણ પ્રતિબોધ કરીને જૈનશાસન પમાડ્યું આ આખી કથામાં પરિણામની ધારા (જીવની) કેવો ભાગ ભજવે છે. તે બતાવવામાં આવેલ છે.

જ્ઞાની ભગવંતોએ નવકારમંત્રને જગતમાં, રહેલા સર્વ મંત્ર-તંત્ર કરતાં ઉત્કૃષ્ટ મંત્ર એટલે કે, સર્વ મંત્રનો શિરોમણી મંત્ર ગણેલ છે. તેથી જ નવકારમંત્રના અડસઠ અક્ષરમાંથી કોઇ એકાદ અક્ષર બોલતા આવડે તો તે જીવો ગ્રંથીદેશે આવેલા છે એમ કહ્યું છે. અને તે નવકાર મંત્રના અડસઠ અક્ષરમાં, એક એક અક્ષર બોલતા બોલતા અત્યાર સુધીમાં અનંતા જીવો મોક્ષે ગયેલા છે. માટે નવકાર

મંત્ર ગણવાના અધિકારમાં પણ જ્ઞાની ભગવંતોએ ત્રણ ગુણ જણાવ્યા છે. ૧. ખાંતો=ક્ષમા ભાવ. ૨. દાંતો=ઇન્દ્રિયની સંયમતા અને ૩. શાંતો=સમતા ભાવ.

આ ત્રણ ગુણ પેદા થયેલા હોય અથવા પેદા કરવાની ભાવના એટલે લક્ષ્ય હોય તેવા જીવોને નવકારમંત્ર ફલીભૂત થાય છે.

વર્ષોથી નવકારમંત્ર ગણીએ છીએ. આ ઉપર જણાવ્યા તેમાંનો કોઇ ગુણ છે ? અથવા પેદા કરવાનું લક્ષ્ય હોય તો જરૂર મોક્ષાભિલાષ છે એમ કહેવાય.

આ પત્નીઓની કથાઓ પાંચસો ચોરો સાંભળે છે. તે સાંભળતા સાંભળતા જંબૂકુમાર શું જવાબ આપે છે તેની રાહ જોતા અને સાંભળતા વૈરાગ્યની દ્રઢતા પેદા થતી જાય છે અને સંસારના સાચા સ્વરૂપનું ભાન પેદા થતું જાય છે. અને સંયમની ભાવના વધતી જાય છે. અને વિચારે છે કે જો સવારમાં જંબૂકુમાર બધાની સાથે નીકળે તો આપણે પણ સંયમનો સ્વીકાર કરવો.

જવાબમાં જંબૂકુમારે કહ્યું કે વિદ્યુન્માલીની જેમ હું વિષયાસક્ત નથી કે જેથી પરાભવ પામું. તે વિદ્યુન્માલી વિદ્યાધરની કથા આ પ્રમાણે -

કોઇ એક વિદ્યાધર રાજાના બે પુત્રો છે તેમાં મોટાનું નામ મેઘરથ અને નાનાનું નામ વિદ્યુન્માલી છે. તે બન્ને યૌવન વય પામી અનેક વિદ્યાઓ સિદ્ધ કરી પોતાના ગામમાં વિચરે છે. તેમાં ચાંડાલીની વિદ્યા સિદ્ધ કરવાની ભાવના થતાં માતા પિતાની આજ્ઞા લઇ પોતાનું ગામ નગર છોડીને પૃથ્વી પર આવ્યા. આ વિદ્યા સિદ્ધ કરવા માટે નીચકુળની કન્યા સાથે લગ્ન કરી એક વર્ષ બ્રહ્મચર્ય પાળે તો વિદ્યા સિદ્ધ થાય. તેમાં બન્ને ચાંડાળનો વેશ ધારણ કરી કોઇ ગામ બહાર ચંડાળના આવાસો રહેલા છે કે જ્યાં, ઝુંપડપટ્ટી અને તે ઝુંપડાઓની ચારેબાજુ આખા ગામની અશુચિ ઠલવાય તેના ઢગલા પડેલા છે. અને ચારે બાજુથી દુર્ગંધ પેદા થયા કરે છે તે ઝુંપડપટ્ટીમાં બન્ને એક એક ઝુંપડું ભાડે રાખી ત્યાં રહ્યા. અને તે ચાંડાળોની એક એક કન્યા જે જોવી ન ગમે, કાળી, કૂબડી એવી કન્યાઓ સાથે લગ્ન કરી એટલે પરણીને પોતાની ઝુંપડપટ્ટીમાં રહે છે અને વિદ્યા સિદ્ધ કરવા માટે ઉદ્યમ કરે છે. આ વિદ્યા સિદ્ધ કરતાં એક વરસ સુધી મૌન ધારણ કરવાનું, બ્રહ્મચર્ય પાળવાનું અને ચંડાલની કન્યા સાથે લગ્ન કર્યા છે તે જે રસોઇ આપે તે ખાવાની. તેને સ્પર્શ પણ કરવાનો નહિ.

આ રીતે બન્ને વિદ્યાધરોએ વિદ્યા સિદ્ધ કરવા માંડી. તેમા મોટો મેઘરથ બરાબર પાલન કરતો વિદ્યા સિદ્ધ કરી રહ્યો છે નાનો વિદ્યુન્માલી વિદ્યા સિદ્ધ કરે છે તેમાં છ માસ પૂર્ણ થયે કોઇ પદાર્થ ખાવામાં આવતા ઝાડા થઇ ગયા. તેના કારણે અશક્તિ ખુબ પેદા થતાં ઉઠવાની શક્તિ ન રહી તેથી જે કન્યા સાથે લગ્ન કરેલ છે તે પકડીને ઉઠાડે છે પગ ચંપી કરે છે. તેના કારણે સ્ત્રીનો સ્પર્શ થતાં વિષય વાસનાના જોરે આસક્તિ પેદા થઇ. તેથી વિદ્યા સિદ્ધ કરવાની મુકીને તેની સાથે ભોગ ભોગવવા લાગ્યો. અને વિદ્યા સિદ્ધ કરવાનું ભૂલી ગયો. તેમાં એક વર્ષ પૂર્ણ થતાં મેઘરથને વિદ્યા સિદ્ધ થઇ એટલે વિદ્યુન્માલીને કહે છે કે ભાઇ, વિદ્યા સિદ્ધ કરી ? ત્યારે તેણે કહ્યું, હું તો ભૂલી ગયો અને આમાં આસક્ત થઇ ગયો હવે તું પોતાના ગામ જા અને એક વરસ પછી લેવા આવજે હું વિદ્યા સિદ્ધ કરી લઇશ. આ સાંભળી મેઘરથ પોતાના ગામ ગયો. હવે વિદ્યુન્માલી તેની પત્ની સાથે ભોગ ભોગવતા તેને ગર્ભ રહ્યો અને આ બાજુ વર્ષ પૂર્ણ થયું ત્યારે મેઘરથ યુવરાજ તરીકે રાજાના ઘોડા ઉપર બેસી રાજપોષાક પહેરી પોતાના ભાઇને લેવા માટે ત્યાં ચાંડાલ વાસમાં આવ્યો. ત્યારે તે વિદ્યુન્માલી પોતાની પત્ની સાથે અશુચિના ઢગલા ઉપર બેસી ગેલ કરતો હતો. બે ત્રણ આટાં માર્યા વિદ્યુન્માલી મલ્યો નહિ તેથી તપાસ કરતા અશુચિના ઢગલા પર બેઠેલો જોયો. ઘોડો એકબાજુ ઝાડ સાથે બાંધી તેની પાસે જાય છે અને કહે છે મને ઓળખે છે ? ત્યારે વિદ્યુન્માલીએ કહ્યું કે તમને કોણ ન ઓળખે ? રાજકુમાર છો. ત્યારે મેઘરથે કહ્યું એમ નહિ હું તારો ભાઇ છું. તેં વાયદો આપેલો કે એક વરસ પછી આવજે હું વિદ્યા સિદ્ધ કરી લઇશ. બોલ વિદ્યા સિદ્ધ કરી છે ? તને લેવા આવ્યો છું. મા બાપ ખુબ યાદ કરે છે. ત્યારે વિદ્યુન્માલીએ કહ્યું કે ભાઇ તારો ઉપકાર જેટલો માનું એટલો ઓછો છે, પણ તારા ગયા પછી આ બાઇ ગર્ભવતી બની માટે તેની સેવામાં વિદ્યા સિદ્ધ કરવાનું ભુલી ગયો છું. માટે એક વરસ પછી આવજે હવે હું વિદ્યા સિદ્ધ કરી લઇશ. મેઘરથ પણ નિરાશ થઇ પાછો ગયો. જ્યારે એક વરસ બાદ ફરીથી આવ્યો ત્યારે એક દિકરો હતો. અને બાઇ ફરીથી ગર્ભવતી બનેલ હતી. અને અશુચિના ઢગલા ઉપર ખોળામાં બાળકને લઇને રમાડી રહ્યો હતો. ત્યારે મેઘરથે કહ્યું ભાઇ આવવું છે હું લેવા આવ્યોં છું. ત્યારે પણ વિદ્યુન્માલીએ કહ્યું કે આ બાઇ ઉપર આટલો

બોજ મુકીને શી રીતે આવું. અને વિદ્યા સિદ્ધ પણ કરી નથી. હવે ફરીથી એક વરસ પછી જરૂર આવજે. હું વિદ્યા સિધ્ધ કરી તારી સાથે જરૂર આવીશ, તે વખતે મેઘરથે તેને ઠપકો પણ આપ્યો અને વિદ્યુન્માલીએ તેને હસીને વધાવી લીધો. જ્યારે ત્રીજી વાર મેઘરથ આવ્યો ત્યારે વિદ્યુન્માલીએ કહ્યું કે ભાઇ હવે વારંવાર આવવાના આંટા ન મારો. હવે મને આવવાની બિલકુલ ઇચ્છા નથી. ત્યારે મેઘરથે કહ્યું મા બાપ ખુબ યાદ કરે છે. તારૂં કુલ કયું ? કયાં ઉત્પન્ન થયેલો છે ? શું સામગ્રી છે ? યાદ કર ? ત્યારે તેણે કહ્યું ભાઇ હવે અહીંથી હું છુટી શકુ એમ નથી. એટલો આસક્ત બનેલો છું. માટે મારાથી અવાશે નહિ. આ સાંભળી મેઘરથ નિરાશ થઇ ચાલ્યો ગયો. કથાનક પૂર્ણ કરી જંબૂકુમાર કહે છે- હે સ્ત્રીઓ ! હું તો ઉત્તમોત્તમ સુખનો અર્થી છું તેથી આવા વિષયસુખના તુચ્છ લોભમાં હું નહિ લપટાઉં. માટે હું તમારી સાથે રહેવા ઇચ્છતો નથી. સવારે સુધર્માસ્વામી ભગવાન પાસે ઉત્તમોત્તમ સુખ લેવા માટે જઇશ.

વિચારો, આજે તમારી દશા કયા પ્રકારની છે. આ વિદ્યુન્માલી વિદ્યાધર મનુષ્ય રાજાનો દિકરો એક ચાંડાલની વિદ્યા સિધ્ધ કરવા માટે નીકળેલો તેમાં વિષયાસક્તીના કારણે જ્યાં ન રહેવાય તેવા સ્થાનકમાં જીંદગીભર રહી ગયો. માટે જંબૂકુમાર પણ કહે છે કે આ મનુષ્યનાં ચાંડાલ જેવા સુખોમાં હું રહેવાની ઇચ્છાવાળો નથી. તમને આ મનુષ્યનાં અનુકૂળ પદાર્થો જંબૂકુમારને લાગ્યા એવા લાગે છે ? અથવા તેનાં અંશ જેટલા પણ સુખો ખરાબ લાગે છે ખરા ? કારણ મોક્ષના સુખને મેળવવામાં તથા મોક્ષના અભિલાષને પેદા કરીને તેમાં સ્થિર થવામાં તે અનુકૂળ પદાર્થો અંતરાયભૂત થાય છે એમ લાગે છે !

આ સાંભળીને પ્રભવાદિ પાંચસો ચોરોના અંતરમાં વૈરાગ્યની દ્રઢતા પેદા થઇ અને થાય છે કે, ભગવાનની એક દેશનામાં કેવો વૈરાગી આ જંબૂ બની ગયો છે કે આટલા કાલાવાલા અને કથાઓ કહેવા છતાં કોઇ અસર થતી નથી. વૈરાગ્યની પુષ્ટિની પણ તે કેવી સુંદર કથાઓ જણાવી રહ્યો છે.

જ્ઞાની ભગવંતોએ કહ્યું છે કે મનુષ્યનાં શરીરમાંથી નીકળતી દુર્ગંધ ઉર્ધ્વ એટલે ઉંચે પાંચસો યોજન દૂર ઉડે છે કે જેના કારણે મોટા ભાગે દેવતાઓ આવતા નથી. તેથી મનુષ્ય આવાસ તે ચંડાલ આવાસ જેવો છે અને તેના ભોગો

અશુચિથી ભરેલા ચંડાલ જેવા છે એમ લાગે તોજ જ્ઞાન ગર્ભિત વૈરાગ્ય ભાવ પેદા થાય. તોજ સાચો મોક્ષનો અભિલાષ પેદા થાય તેમાં સ્થિરતા આવે તોજ ગ્રંથીભેદ થઇ શકે અને સમકિતની પ્રાપ્તિ થઇ શકે. આમાંની કોઇ પરિણતી ધર્મ આરાધના કરતા કરતા અનુભવાય છે ખરી ?

જંબૂકુમારની વાત સાંભળીને જો વૈરાગ્ય ભાવ પેદા ન થાય તો જ્ઞાની ભગવંતો કહે છે કે જરૂર આપણે ભારે કર્મી છીએ. પાંચસો ચોરોને જેમ અસર થાય છે તેમ ત્રીજી પત્નીને પણ વૈરાગ્ય દૃઢ થવાથી તે ચૂપ થઇ ગઇ. તેનું ઉપરાણું લઇને હવે ચોથી પત્ની કનકસેનાએ કહ્યું કે સ્વામિનાથ, સાધુપણું લેવાનો બહુજ આગ્રહ રાખશો તો શંખધમકની જેમ પરિણામે દુઃખી થશો, માટે હમણાં થોડોક સમય રોકાઇ જાવ.

દરેક પત્નીઓ એટલે આઠેય પત્નીઓ પોતાના સ્વામીને સંસારમાં રોકવા માટે પ્રયત્ન કરે છે અને તેને માટે કથાઓ શોધીને લાવે છે છતાં પણ યોગ્યતા કેટલી છે કે સ્વામીનાથ જો રોકાશે નહિ અને સંયમ સ્વીકારશે તો તેમની સાથે અમે આઠેય સંયમનો સ્વીકાર કરીશું. તમારે માટે, પતિ-પત્નીને આવા ભાવ ખરા? ધર્મની આરાધના સાથે જ કરવાની એવી પણ મનોદશા ખરી ? બહાર ફરવા જવાનું હોય તો સાથે ખરાને ? શાથી ? ત્યાં રસ છે અહીંયા એટલો રસ નથી બરાબરને ?

## (ચોથી પત્નીની કથા) શંખધમકની કથા.

શાલિગ્રામમાં એક ખેડૂત રહેતો હતો. તે પોતાના ખેતરમાં થતાં અનાજનું રક્ષણ કરવા માટે શંખ વગાડીને દૂર દૂરથી આવતા પશુ પંખીને ભગાડી મૂકતો હતો. એક વાર, પોતાના ખેતરમાં ઓરડી બનાવેલી તેના ઉપર ઘાસ વગેરે મૂકીને એવી રીતે સૂતેલો કે કોઇને ખબર ન પડે કે અહીં માણસ છે. અને રાતના જાગીને શંખ ફૂંકતો (વગાડતો) હતો. તેવામાં કેટલાક ચોરો બાજુના ગામમાંથી ગાયોનું ધણ ચોરીને ત્યાંથી પોતાના ગામ તરફ લઇ જતા હતા. તેજ વખતે આને શંખ ફૂક્યો. તેથી ચોરો ગભરાણા કે જરૂર અહીંયા કોઇ ભૂત હોવું જોઇએ. હમણાં આવશે અને આપણને મારી નાખશે માટે ગાયોને પડતી મુકી આપણે

ભાગી જઇએ. નગરના લોકો પણ આપણી પાછળ આવતા આવતા નજીક આવ્યા લાગે છે એમ સમજી ગાયોના ધણને ત્યાંને ત્યાં મુકીને નાશી ગયા. સવારે તે ખેડૂતે ધણી વિનાનું તે ગાયોનું ધણ જોયું તે પોતે લઇ પોતાના ગામમાં પેઠો અને લોકોને જણાવ્યું કે રાતના દેવતા પ્રસન્ન થયો અને મને આ ગાયોનું ધણ આપ્યું છે. તેથી હું લઇ આવ્યો આ રીતે તે સુખી થયો, તેમાં ફરીથી કેટલાક દિવસો બાદ ચોરો સારી ચોરી કરીને તે રસ્તેથી જતાં હતા તેવામાં શંખ વગાડ્યો એટલે ચોરો વિચાર કરે છે કે તે વખતે પણ આવોજ અવાજ આવતો હતો. તેથી અવાજ સાંભળવા ઉભા રહ્યા અને વિચાર કરે છે આ કોઇ ભૂતનો અવાજ નથી, અને પાછળ પણ કોઇ આવતું નથી. સામા ખેતરમાંથી અવાજ આવે છે તેથી જ્યાંથી અવાજ આવતો હતો તે ખેતરમાં ગયા. તેની ઓરડી પાસે જઇ અને ઉપર ચઢી જોયુંતો ખેડૂત શંખ વગાડતો હસતો હતો. તેથી પકડી નીચે ઉતારી થાંભલા સાથે બાંધીને ખુબ માર્યો અને કહ્યું કે તે વખતે પણ ગાયોનું ધણ લઇ ગયો છે. અને અમોને હેરાન કર્યા છે. એમ કહી માર મારી બાંધીને ચોરો પલાયન થઇ ગયા. તેની ઓરડીમાં હતું તે પણ લૂંટી ગયા. હવે અહીંયા આ ખેડૂત ગમે તેટલી બૂમો મારે તો પણ કોણ છોડાવા આવે ? તેથી રોતો રોતો રાત્રી પસાર કરી સવારના માણસોની અવર જવર ચાલુ થતાં તેણે બોલાવ્યા અને લોકોએ છોડ્યો. ખેડૂત અતિલોભ કરવા ગયો તેના કારણે માર ખાવો પડ્યો અને જે હતું તે પણ નષ્ટ થયું. એટલે ખેડુતે લોકોને કહ્યું કે ધમવું ખરૂં પણ અતિ ધમવાથી એટલે શંખ વગાડવાથી ઉપાર્જેલ યશ પણ નાશ પામ્યો. માટે હે પ્રાણવલ્લભ, કોઇ વસ્તુ અતિ સારી નહિ તેથી હાલ અમારી સાથે રહો.

જંબૂકુમારે જવાબમાં જણાવ્યું કે વાનરની માફક બંધનથી હું અજાણ્યો નથી જેથી બુદ્ધિ રહિત થઇને તમારામાં મગ્ન બનું.

કોઇ એક જંગલમાં એક જુવાન વાનર-વાનર જુથનો રાજા હતો. રાજા થયેલો તે અનેક વાનરીઓની સાથે સુખ ભોગવતો કાળ પસાર કરતો હતો. તેમાં કોઇ પુરૂષ વાનર પેદા થાય તો તેને મારી નખાવતો, કારણ તે જુવાન થતાં મને હેરાન ન કરે. તેમાં એક વાનરીને ગર્ભ રહ્યો. એને વિચાર આવ્યો. જો વાનર પેદા થશે તો આ મારી નાખશે તેથી કોઇ એવા ગુપ્ત સ્થાનમાં રહીને

પ્રસવ કરી ત્યાં વાનરનો ઉછેર કરવા લાગી. તે વાનર જુવાન થયો અને જંગલમાં ફરવા લાગ્યો તે વખતે, આ રાજા વાનરે જોયો તો તેને ગુસ્સો ચઢ્યો આ મારો હરીફ, હવે હું વૃધ્ધ થયો છું, માટે મને મારી નાખીને આ બધાની સાથે સુખ ભોગવશે તેથી પોતાનું બલ ક્ષીણ થયેલું હોવા છતાં તે જુવાન વાનરની સાથે લડવા લાગ્યો. તે વખતે જે વાનરીઓ હતી તે બધી આ બન્નેનું યુધ્ધ જોવા લાગી પણ કોઈ છોડાવવા તૈયાર ન થયું. તેથી જુવાન વાનરે વૃદ્ધ વાનરને ઘણો માર માર્યો. લોહી લુહાણ થયો તેના કારણે પાણીની તૃષા લાગી તેથી ત્યાંથી દોડતો દોડતો પાણી શોધવા લાગ્યો. તેમાં કોઈ જગ્યાએ શિલારસ જોયો. તે શિલારસને જળ માનીને પાણી પીવા માટે મોઢું નાંખ્યું કે તરતજ મોઢું ચોંટી ગયું તે મુખને ઉખેડવા બે હાથ નાંખ્યા તો તે પણ ચોંટી ગયા પછી બે પગ નાખ્યા તો તે પણ ચોંટી ગયા. આ રીતે સર્વ અંગ ચોંટી જવાથી મરણને શરણ થયો તેમ તે વાનરની જેમ અજ્ઞાન હું નથી કારણ સુધર્માસ્વામી ભગવાને મને જે જ્ઞાન આપ્યું છે તેથી હું તમોને ઓળખું છું માટે હું તમારી સાથે રહેવા ઈચ્છતો નથી. જોયું ! સંસારનું સ્વરૂપ કેવું છે એક મધુબિંદુના સુખને લેવા માટે સંસાર માંડ્યો ઉંમર થવા આવી તો પણ મધનાબિંદુનો સ્વાદ હજી છોડવાનું મન થતું નથી. તો શું હાલ થશે તે વિચારો. આ બિચારો અજ્ઞાન વૃધ્ધ વાનર જાણતો ન હતો. તેથી મરણને શરણ થયો તમો તો જ્ઞાની છોને ? માટે મનમાં એટલું તો નક્કીને કે તાકાત કેળવી સાધુપણું લીધા વિના મરવું જ નહિ. આટલો વિચાર ખરો કે નહિ ? તેનો પ્રયત્ન ચાલુ છે ને ? જો કદાચ આ ભવમાં તાકાત નહિ આવે તો આ ભાવનાના સંસ્કારો આવતા ભવમાં સાથે આવતાં ત્યાં શક્તિ પેદા કરાવી, સંસાર છોડાવી, સંયમ અપાવશે. પણ આ ભવમાં જો શક્તિ કેળવવા પ્રયત્ન નહિ કરો તો આવતા ભવમાં આ સાધુપણાનાં દર્શન દુર્લભ થઈ જશે. શું પ્રયત્ન કરવો છે તે વિચાર કરી લેજો.

આ જવાબથી તે ચોથી પત્ની પણ મૌન થઈ ગઈ તેનું ઉપરાણું લઈ પાંચમી નભઃસેના કહે છે સ્વામીન્ આટલી બધી ઋદ્ધિ સિદ્ધિ પામ્યા છતાં અધિકની ઈચ્છા રાખો છો તો વૃદ્ધ સ્ત્રીની જેમ દુઃખી થશો માટે વિચારો અને અમારૂં કહ્યું માનો.

## બુદ્ધિ અને સિદ્ધિની કથા (પાંચમી પત્નિની કથા)

કોઈ એક ગામમાં બુદ્ધિ અને સિદ્ધિ નામની બે વૃદ્ધ બહેનપણીઓ રહેતી હતી. તે ગામની બહાર ભોળક નામના યક્ષનું મંદિર હતું. બુદ્ધિ હંમેશા સવાર-સાંજ યક્ષના મંદિરે જઈને સાફસુફ કરીને પોતાની શક્તિ મુજબ પૂજા કરી નૈવેદ્ય ધરતી હતી. એક વાર તે યક્ષ તુષ્ટમાન થવાથી તેણે કહ્યું કે તને રોજ મારા ચરણકમલમાંથી એક સોનામહોર મળશે તે તું લઈ લેજે. બુદ્ધિને આનંદ થયો અને રોજ એક એક સોનામહોર મળતાં થોડા કાળમાં તેનું ઘર તથા ઘરની સામગ્રી બદલાઈ ગઈ. ઝુંપડીને બદલે જરુખાવાળો મહેલ થયો અને સારી રીતે રહેવા લાગી. તેથી તેની બહેનપણી સિદ્ધિને ઈર્ષ્યા પેદા થઈ. આ સંસાર કોઈને સુખી થતાં જુએ એટલે પોતાને તેના જેટલું કે તેનાથી અધિક સુખ મેળવવાની ઈચ્છા પેદા થાય, તેના કારણે તેનાથી આગળ વધવા અને મિત્રને પાછળ પાડવા ઈર્ષ્યા ભાવ પેદા થાય એ સ્વાભાવિક છેને ! આ ધર્મી જીવો ન હતા. માટે આમ બને પણ ધર્મ પામેલા જીવોનાં અંતરમાં, કે ધર્મની આરાધના કરનારા જીવોનાં અંતરમાં, આવા ભાવની ઈર્ષ્યા પેદા ન થાય ને ? આવી ઈર્ષ્યા ન હોય તોજ ધર્મી કહેવાયને ? અરે આજેતો પોતાનો દિકરો પોતાનાં કરતાં સારૂં કમાતો હોય પણ મા બાપને કાંઈ ન આપે, પોતે ને પોતાના કુટુંબ સાથે તે પૈસો ભોગવે તો ધર્મી ગણાતા મા બાપોને મોટે ભાગે ઈર્ષ્યા પેદા થાય છે. તો ધર્મ ક્યાં પેદા થાય ?

આ બીજી સિદ્ધિનામની સખીને ઈર્ષ્યા આવવાથી તેણે કપટથી બુદ્ધિ પાસેથી ૠદ્ધિ સિદ્ધિ પ્રાપ્ત થયાનું કારણ જાણી લીધું. બુદ્ધિ ભોળી હતી તેથી જે હકીકત બની તે જણાવી દીધી. તે જાણીને સિદ્ધિએ પણ તે યક્ષની આરાધના શરૂ કરવા માંડી. અને તે આરાધના કરતા તે યક્ષ તેને પણ પ્રસન્ન થયો. તેથી યક્ષે પુછ્યું કે બોલ, તારે શું જોઈએ ? તો તેણે કહ્યું બુદ્ધિને જે આપો છો તેનાથી મને બમણું આપો તેથી યક્ષે તેને બમણી સોનામહોર આપવા માંડી આથી સિદ્ધિ બુદ્ધિ કરતા વધારે સુખી થવા માંડી. તેની સાહ્યબી જોઈને હવે બુદ્ધિને ઈર્ષ્યા આવવા માંડી તેથી યક્ષની પાસે સિદ્ધિ કરતાં બમણું માગ્યું તેથી યક્ષે ચાર સોનામહોરો આપવા માંડી. આમ વારા ફરતી એક બીજી, ઈર્ષ્યાના કારણે યક્ષ

પાસે બમણું બમણું માગતી ગઇ. અને સુખી થતી ગઇ. તેમાં કપટી એટલે માયાવી એવી સિદ્ધિને એક વાર વિચાર આવ્યો કે હું મારી સખી બુદ્ધિને હવે દુઃખી કરૂં તે માટે તેણે વિચાર્યું કે હું યક્ષને કહું મારી એક આંખ ફોડી નાખો, કે જેથી એક આંખે દેખતી રહીશ જ્યારે બુદ્ધિ ડબલ માગશે તો તેની બન્ને આંખો જશે અને દુઃખી થશે. તે કારણથી સિદ્ધિને જ્યારે યક્ષ પ્રસન્ન થયો ત્યારે તેણે એક આંખ ફોડી નાખવાનું કહ્યું. તેથી એક આંખ જતી રહી બુદ્ધિ પર યક્ષ પ્રસન્ન થયો ત્યારે તેણે, ખબર ન હોવાથી સિદ્ધિ કરતા ડબલ માંગ્યું તેના કારણે તેની બન્ને આંખો ગઈ. રોતી એવી ઘરે આવી અને દુઃખી થાય છે પણ હવે શું થાય ? તેમ હે સ્વામિન્, જેમ અતિલોભ કરવા જતાં દુઃખી થાય છે તેમ તમો પણ, મોક્ષના સુખની ઈચ્છા રાખો છો, પણ તે નહિ મળેતો આ બુદ્ધિની જેમ દુઃખી થશો માટે હાલ અમારી સાથે રહો.

જંબૂકુમારે જણાવ્યું કે હું જાતિવંત અશ્વની માફક છું. ઉન્માર્ગ ગામી નથી કે જેથી મને હાનિ થાય.

જિતશત્રુ રાજાને જિનદાસનામનો વિશ્વાસપાત્ર શ્રાવક શ્રેષ્ઠી હતો. શુભ લક્ષણવાળા ઘોડાના વછેરાઓ તે ગામમાં આવ્યા હતા તેમાંથી એક સારો વછેરો પસંદ કરીને રાજાએ રક્ષણ માટે તેને જિનદાસ શ્રેષ્ઠીને સોંપ્યો. આ અશ્વ એવો લક્ષણવંત હતો કે જેથી વૈરી રાજાઓ પણ વશ થતા હતા. જિનદાસ તેનું યતનાપૂર્વક જતન કરતો. ભગવાંનના મંદિરે જતો તો ત્યાં લઈ જતો અને પ્રદક્ષિણા અપાવતો, તથા પાણી પાવા માટે સવાર સાંજ તળાવે તે પોતે લઈ જતો અને પાછા આવતા પણ જિનચૈત્યે પ્રદક્ષિણા અપાવતો. આ રીતે રોજ ત્યાં જ જવા આવવાની પ્રેકટીસ પડતા ઘોડાએ ગામમાં બીજા કોઈ રસ્તા દેખેલ નહિ અને જ્યારે જિનદાસ તેને લઈ જાય તો સીધો મંદિરે જાય અને ત્યાંથી પોતાના સ્થાન ઉપર પાછો આવી જાય.

દુશ્મન રાજાઓને ખબર પડવાથી તે અશ્વ લેવા માટે ખુબ પ્રયત્ન કર્યો પણ તેઓ લઈ શક્યા નહિ. ત્યારે કોઈ એક રાજાના મંત્રીએ તે ઘોડો ગમે તેમ કરી લાવીશ તેવી હામ ભીડી. તેમાં પહેલા તપાસ કરાવી કે આ ઘોડો કઈ રીતે લઈ જઈ શકાય. તેમાં ખબર પડી કે, શ્રાવકના ઘરે છે અને શ્રાવક તેને ઉછેરે

છે. તેથી શ્રાવકને ઘરે જતાં પહેલા શ્રાવક બનવું પડે. આથી કોઈ પાસેથી જાણી, અભ્યાસ કરી, કપટી શ્રાવક બન્યો અને શ્રાવકનો વેશ લઈ તે ગામમાં આવ્યો, અને તે જિનદાસ શ્રેષ્ટીનો મહેમાન થઈને સામર્ધિક તરીકે તેના ઘરે રહ્યો. આ રીતે ત્યાં રહીને જિનદાસ શ્રેષ્ઠીની સાથે ધર્મની આરાધના કરે છે. તેવામાં પ્રસંગ વસાત્ કોઈ પુણ્યકાર્ય પ્રસંગે જિનદાસને એકાદ દિવસ માટે બહારગામ જવાનું થયું. તેથી આખુંઘર દેખરેખ રાખવા માટે તે કપટી શ્રાવકને સોંપી બહાર જાય છે. વિચારો સાધર્મિક ઉપર કેટલો વિશ્વાસ ? સાધર્મિક છે, શ્રાવક છે, માટે તેનાથી કોઈ ચીજ છૂપી હોય નહી, અને બહાર જવાનું થાય તો તેને સોંપીને જવામાં પણ અવિશ્વાસ નહિ. જ્યારે આજે તો કાળ ઘણો ખરાબ થઈ ગયો છે બરાબર ને ! મોક્ષે જવા માટે, મોક્ષના અભિલાષને સ્થિર કરવા માટે, સહધર્મી-સાધર્મિક પ્રત્યે આટલો વિશ્વાસ કેળવવો પડશે. તે વખતે કપટી શ્રાવકે ઘણી ના પાડી કે હું પણ જાઉં છું. પણ જિનદાસે પરાણે તેને રાખ્યો. હવે તે કપટી શ્રાવક રાત પડતા અંધારૂં થતાં તે અશ્વને લઈ જવા માટે છોડી તેના ઉપર બેસી ચાલવા માંડ્યો. તો પેલો અશ્વ ભગવાનના મંદિર તરફ જઈ પ્રદક્ષિણા દઈ પાછો ઘર તરફ આવે છે. આ રીતે ઘણોમાર મારવા છતાં પણ તે ઘોડો એક તસુ ભાર પણ પોતાના માર્ગથી ભિન્ન માર્ગે ગયો નહિ. છેલ્લે કપટી શ્રાવક કંટાળ્યો. અને રાત્રી પૂર્ણ થવા આવી એટલે ઘોડાને મૂકીને તથા ઘર ખુલ્લુ મુકીને ભાગી ગયો. જિનદાસ ઘરે આવ્યો ત્યારે અશ્વને થાકેલો, દુર્બળ અને પરસેવાથી મલિન જોયો તેથી લાગ્યું કે જરૂર તે શ્રાવક ઘોડાને ખૂબ ફેરવી થકવીને જતો રહ્યો લાગે છે. ત્યારબાદ સેવકના મુખથી સર્વ વૃતાંત જાણ્યો ત્યારે પરિસ્થિતિનો ખ્યાલ આવ્યો તે ઘોડો, ગમે તેટલો માર પડવા છતાં, થાકી જવા છતાં પણ ઉન્માર્ગે ન ચાલતાં સીધો ઘેર જ આવતો તેવીજ રીતે હે સ્ત્રીઓ, કદી હું ઉન્માર્ગગામી થઈશ નહિ.

સંસારમાં સ્ત્રીઓ અને વિષયસુખ ઉન્માર્ગગામી રૂપે જંબૂકુમાર જણાવે છે કારણ મોક્ષના સુખમાં જવા માટે, એટલે મોક્ષનું સુખ મેળવવા માટે તે સન્માર્ગગામિની નથી સંસારમાં દુઃખી કરનારી હોવાથી ઉન્માર્ગગામી રૂપે સંબોધે છે. હું જાતિવંત અશ્વ જેવો સન્માર્ગગામી છું માટે તમારી સાથે ઉન્માર્ગગામી થવા ઈચ્છતો નથી. વિચારો, ઘોડો પણ કેવો ! શ્રાવકને ત્યાં રહેલ તિર્યંચોને

પણ કેવા સંસ્કાર પડે છે જોયુંને ! આ ઘોડો કેટલો જાતવાન. માર પડ્યો, મારા ખાધો, પણ કપટી શ્રાવક સાથે જવા માટે જરાય પ્રયત્ન ન કર્યો. કારણ જેનું અન્ન ખાધું છે તેનું ઋણ અદા કરે છે. જો જૈન અને શ્રાવકને ઘેર રહેલ તિર્યંચમાં આ ગુણ હોય તો આજના ગણાતા જૈનો અને શ્રાવકોના ઘરોના દિકરા દિકરીઓને કેવા સંસ્કાર છે ? આમાંના કોઈ ગુણ દેખાય છે ખરા ? સમજાય છે. ધર્મ કરવો જેટલો સહેલો લાગે છે તેમ ધર્મ કરતા કરતા ગુણો મેળવવા કેટલા દુષ્કર લાગે છે ? જો આવા ગુણો આવી જાય અથવા લાવવા પ્રયત્ન કરતા થઈ જઈએ, તો સમકિત આવ્યા વિના રહે નહિ. પાંચસો ચોરો પણ જંબૂકુમારની આ કથા સાંભળી વિચાર કરે છે કે લગ્નની પહેલી રાત્રિ છે. સંસારમાં રાખવા પ્રયત્ન ચાલે છે છતાં એક કેવો ઉંચી કોટીનો વૈરાગ્ય પેદા કરેલો છે કે જેના કારણે ધન, વૈભવ-સ્ત્રીઓ ઉન્માર્ગે લઇ જનાર લાગે છે. માટે જો સવારે એ નીકળે તો અમારે પણ રહીને શું કરવાનું. અમે પણ તેમની, એટલે જંબૂકુમારની સાથે સંયમ લેવા નીકળશું. પાંચસો ચોરોના અંતરમાં પણ સાંભળતા સાંભળતા વૈરાગ્યની દૃઢતા કેવી જોરદાર થતી જાય છે. અને વર્ષોથી ઘણી વાર આ કથા સાંભળી, વાંચી ચૂક્યા છીએ છતાંય કાંઈ અંશ માત્ર પણ વૈરાગ્યની દૃઢતા થતી જાય તેવી અસર થાય છે ખરી ?

જંબૂકુમારનો જવાબ સાંભળીને પાંચમી પત્ની પણ ચૂપ થઈ ગઈ તેથી છઠ્ઠી પત્ની કનકશ્રી નામની હાસ્ય સહિત બોલી કે - સ્વામી ! ગ્રામકુટના પુત્રની જેમ તમે જડ-મૂર્ખ ન થાઓ ! સમજ્યા ! ગધ્ધ પૃચ્છની જેમ બહુ પકડી રાખવાથી મૂર્ખ જેવા તમે ન બનો.

## (છઠ્ઠી પત્નીની કથા) ગ્રામકૂટના પુત્રની કથા.

કોઈ એક ગામમાં રાજાના પંડિત તરીકે અથવા પુરોહિત તરીકે પંકાયેલો માણસ રાજાને ત્યાં નોકરી કરી ગામમાં નામનાં ખ્યાતી સારી પામેલો હતો. તેને એક દિકરો હતો. પણ નાનપણથી અક્કલ ઓછી હતી તેથી વિદ્યા પ્રાપ્ત કરી શક્યો નહિ. જ્યારે દિકરો જુવાન વય પામ્યો, ત્યારે અચાનક આ પુરોહિતનું મૃત્યું થયું તેના કારણે રાજાનું વરસાસન આવતું બંધ થયું. દિકરો પણ ભણેલો

ન હોવાથી કાંઈ લાવી શકતો નથી. માટે દિકરાની મા દુ:ખી થઈને રૂએ છે. તેવામાં બીજો જે પુરોહિત બન્યો છે તે ઘોડા ઉપર બેસી ફરવા નીકળ્યો છે, ત્યારે માએ દિકરાને કહ્યું કે, જો તું ભણ્યો નહિ, નિરકંશુ રહ્યો. તેથી બીજો પુરોહિત તારા બાપાની જગ્યાએ થયો, અને આપણી આજીવિકા બંધ થઈ ગઈ માટે કાંઈ મહેનત કરી આજીવિકા ચલાવવા પ્રયત્ન કર ત્યારે દિકરાએ કહ્યું કે હું જાત મહેનત કરી તારૂં ભરણ પોષણ જરૂર કરીશ.

એકવાર ગામના ચોરા ઉપર ગામડીયાઓની સભામાં તે બેઠો હતો તેવામાં એક કુંભારનો ગધેડો બંધન તોડાવીને નાસતો તેણે જોયો. કુંભારે ઉંચા હાથ કરીને બૂમ મારી કે જે કોઈ બળવાન હોય તે ગધેડાને પકડી આપે. આ સાંભળીને પુરોહિતના પુત્રે વિચાર્યું કે જો ગધેડાને પકડી આપીશ તો પૈસાનો લાભ થશે. એમ વિચારી તે ગધેડાની પાછળ દોડ્યો, અને પુંછડાથી તેને પકડ્યો. લોકોએ બૂમો મારીને તેને છોડી દેવા માટે ઘણીવાર જણાવ્યું, પણ તે છતાં પકડ્યું, પકડ્યું કહીને તે ગધેડાનું પૂંછડું છોડ્યું નહિ. પણ ગધેડું દોડતું હતું તેથી તે જમીન સાથે ઘસડાયો અને તેની લાતોના પ્રહારથી દાંત પડી ગયા. લોહી લુહાણ થયો અને છેવટે જમીન ઉપર પડ્યો. અક્કલ વિનાનો, આજીવિકાના આગ્રહથી જેમ દુ:ખી થયો તેમ તમો પણ પકડેલું નહિ છોડો તો હે નાથ ! દુ:ખી થશો.

આજે તમારી હાલત પણ કેવી છે વિચારો ! સુખ અને તેનું સાધન પૈસો, તેને પ્રધાન પણે માનીને જીવો છો તેના કારણે સુખી થાવ છો કે દુ:ખી વધારે થઈ રહ્યા છો. હવે ખ્યાલ આવે છે કે સુખી થવું હોય તો પૈસો કે સાંસારિક સુખ, સુખ આપતું નથી અને તે જરાય સુખી કરતું નથી ? લાગે છે તો હજી પણ બાજી હાથમાં છે. જગતમાં સુખી કરનાર કોઈપણ ચીજ હોય તો એક જિનેશ્વર પરમાત્મા જ છે આવો દૃઢ વિશ્વાસ પેદા કરવો પડશે.

આ કથાઓનો રોજ રાતના ઘરમાં વિચાર કરો, એક બીજા વાતો કરો, કુટુંબને ભેગું કરીને સંભળાવો તોય તમારા ઘરમાં કોઈ યોગ્ય ભાગ્યવાન જીવ આવ્યો હશે, સારા સંસ્કાર દૃઢ કરીને આવ્યો હશે તો તેનું તથાભવ્યત્વ ખીલી ઉઠશે. તે પોતાનો ઉદ્ધાર કરશે. અને તમારા જેવાનો પણ ઉદ્ધર કરશે. કદાચ એટલી કક્ષા પેદા નહિ થાય તો સાંભળતા સાંભળતા પોતાનું જીવન પાપરહિત

બનાવવા પ્રયત્ન કરતો સારૂં શ્રાવક પણું પણ પાળી શકશે. રોજ ઘરમાં આ કથાઓ કહેવાની શરૂઆત કરો.

સંસારમાં રહેલા જીવો પોતાના સ્વાર્થ અને તુચ્છ વિષયો ખાતર જીવને સંસારમાં રાખવાના પ્રયત્ન માટે કેવો પુરૂષાર્થ કરે છે તે આમાંથી સમજાય છે? તમે તો આ બધી બાબતોથી તો ટેવાઈ ગયેલા છો ને ? એટલે તમને કાંઈ અસર થતી નથી બરાબર ને !

જંબૂકુમાર પણ તેવી જ જોરદાર કથા લાવે છે.

## સોલ્લકની કથા.

જંબૂકુમાર કહે છે કે પોતાના કાર્યમાં ઘેલો થયેલો સોલ્લક જેવો હું નથી કે જેથી મારે પાછળથી પસ્તાવો કરવો પડે.

કોઈ એક રાજાને ત્યાં ઉત્તમ પ્રકારની ઘોડી હતી. ગામમાં રહેતા સોલ્લકનામના કોઈ કુશલ પુરૂષને નોકર તરીકે રાજાએ રાખ્યો અને તે ઉત્તમ ઘોડાની સારવાર માટે તેને રોક્યો. તે ઘોડીને માટે રાજાને ત્યાંથી રોજ સ્વાદિષ્ટ ભોજન આવતું હતું. તેમાંથી આ પુરૂષને ખાવાનો લોભ થતાં ઘોડીને થોડું આપે અને તેમાંથી ઘણું પોતે ખાઈ જતો. આ પ્રમાણે રોજને રોજ કરતા ધીમે ધીમે ઘોડી નરમ પડવા લાગી, અને સુકાવા લાગી. તેના કારણે મરણ પણ પામી ગઈ. હવે આ પુરૂષ આ રીતે તિર્યંચ એટલે ઘોડીના ખોરાકની વંચના એટલે ઠગાઈ કરતો હતો તેથી મરીને તિર્યંચ થયો અને તેથી ઘણાં ભવો તિર્યંચ ગતિમાં રખડ્યો. એક માત્ર ખોરાક કાઢી લેવામાં, ખાવામાં તિર્યંચમાં જાય અને ઘણાં ભવો કરવા પડે, તો આજે જે રીતે મનુષ્યો જીવન જીવે છે તેમાં તેમની શું હાલત થશે! એ કાંઈ વિચાર આવે છે ? મોટે ભાગે તમો તો આવા સ્વભાવના નહિ હો. ખરૂંને ? પારકું પડાવી લઈને આપણને સુખ મલતું હોય તો તેવા સુખી બનવાની વૃત્તિ તમારી નહિને ? બીજાને ઠગીને જીવનમાં સુખ મલતું હોય, સુખ વધતું હોય, તો તેવી રીતે સુખી થવાની ભાવના નહિને ? કારણ તમે ધર્મી છો બરાબર ને ?

ભાગ્યયોગે એટલે અકામ નિર્જરાના કારણે કાંઈક પુણ્યનો પુરવઠો ભેગો થતાં તે સોલ્લકનો જીવ ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં સોમદત્ત બ્રાહ્મણની સોમશ્રીની

કુક્ષિમાં પુત્રપણે ઉત્પન્ન થયો.

વિચારો, કેટલાય ભવ પછી મનુષ્યઆયુષ્ય બંધાતા મનુષ્યપણું પામ્યો. તે ઘોડીનો જીવ પણ સંસારમાં પરિભ્રમણ કરતા કરતા તેજ નગરમાં કામપતાકા ગણિકાને ત્યાં પુત્રી પણે ઉત્પન્ન થઈ. હવે આ બાજુ તે બ્રાહ્મણપુત્ર યુવાન વય પામ્યો તેમ આ ગણિકાની દિકરી પણ યુવાનવય પામી છે. એક વાર તે બ્રાહ્મણનો દિકરો તે બાજુથી નીકળ્યો. તેવામાં ઝરુખામાં આ યુવાનપુત્રી પણ ઉભેલી તેને જોતાં જ આ બ્રાહ્મણ પુત્ર તેના પર પ્રીતિવાળો થયો. કેટલાય ભવના સંસ્કારોના કારણે એકદમ રાગ પેદા થયો, પણ આ ગણિકાની પુત્રિ હોવાથી અને રૂપ સૌંદર્યથી યુક્ત હોવાથી ગામનાં શ્રેષ્ઠી પુત્રો જે હતા તે આના પર આસક્ત હતા. વેશ્યા તો જેની પાસે પૈસા હોય તેના પ્રત્યે આકર્ષાય. આ બ્રાહ્મણ પુત્ર નિર્ધન હોવાથી તેના પ્રત્યે આકર્ષાતી અને રાગવાળી થતી નથી છતાં તે ત્યાં રહે છે પણ ઘરે જતો નથી. વેશ્યા તિરસ્કાર કરે છે. એઠું ખાવા પીવા આપે છે, ઘરની બહાર કાઢે છે, ઓટલા ઉપર રાખે છે અને ન કરવાના કામો કરાવે છે છતાં પણ, તે વેઠીને તે સહન કરે છે પણ પોતાના ઘરે જતો નથી. જોયું વંચના કરી એટલે ઠગીને જે ભોજન ખાધેલું તેનું બંધાયેલું કર્મ અત્રે ઉદયમાં આવતા તેજ ઘોડીના જીવના હાથે તિરસ્કાદિ વેઠીને પણ ત્યાં જ રહેવાનું મન થાય છે અને આસક્તિ વધે છે. તથા કષ્ટ સહન કરીને પણ ત્યાં જ રહે છે. વિચારો આજે સંસારમાં એક અંશ સુખને મેળવવા, ભોગવવા, સાચવવા, ટકાવવા, ન ચાલ્યુ જાય તેની કાળજી રાખવા, તમારી સ્થિતિ કેવી છે ? ગમે તેટલા કષ્ટ વેઠવા પડે પણ તે વેઠીને તેને સાચવવાની ઇચ્છા છે ? છોડવાની ભાવના થાય છે ? ક્યાં જશો વિચાર આવે છે ? એક ક્ષણિક સુખ ખાતર આટલા કષ્ટ વેઠવા ધર્મી જીવને માટે યોગ્ય છે ? પણ પેલો બેઠેલો મોહ એ વિચાર આવવા દેતો નથી. તથા એ મોહને ઓળખવાનું મન પણ થતું નથી કેવી કારમી દશા છે ?

માટે આકથા જણાવીને જંબૂકુમાર કહે છે કે હું તે સોહ્નક પુરૂષ જેવો નથી કે જેના કારણે તમારા તિરસ્કાર સહન કરવા માટે હું તમારી સાથે રહું. કેટલો જોરદાર વૈરાગ્ય છે સમજાય છે ને ? એકેય તિરસ્કાર કરનારી નથી સ્વામિનાથ, સ્વામિનાથ કરનારી છે છતાં પણ મોક્ષ મેળવવામાં અંતરાયભૂત

હોવાથી તમારાથી તિરસ્કૃત થવું નથી એમ જણાવે છે. જ્યારે આજે તો ધર્મ ક્રિયાઓ થાય છે, તેનાથી જ્ઞાનગર્ભિત વૈરાગ્ય પેદા કરવો જોઈએ તેના બદલે, સંસારના આંશિક સુખમાં ગમે તેટલા તિરસ્કાર થાય પણ સંસાર છોડવાનો ભાવ નથી એમ લગભગ મનાય ને !

સંસારમાં રહેવાની ઈચ્છા એટલે તિરસ્કાર સહન કરવા પડે તેવું કૃત્ય કહેવાય.

આજે તો તમે જે તિરસ્કાર સહન કરો છો એના ઉપરથી લાગે કે જોરદાર ભારે કર્મીતા લઈને આવ્યા છો. ઘરમાંથી છેલ્લે એમ પણ કહે કે જાવ અહીંથી મારે મોઢું જોવું નથી, તો પણ થોડોક ટાઈમ બહાર ફરીને ત્યાંને ત્યાં પાછા આવી જાવ એવી લગભગ સ્થિતિ છે ને ? તો આ જ્ઞાનગર્ભિત વૈરાગ્ય ભાવ શી રીતે પેદા થાય એ વિચારો ! અને એના વગર મોક્ષનો અભિલાષ કઈ રીતે ઉત્પન્ન થાય ! તથા તેમાં આગળ વધી ગ્રંથીને ઓળખી ભેદવાનો પુરૂષાર્થ પણ કઈ રીતે થાય કે જેને કારણે જન્મ સફળ થાય !

હવે સાતમી પત્ની કમળાવતી બોલી સ્વામી! મા સાહસ પક્ષીની જેમ સાહસિક ન થાઓ.

## (સાતમી પત્નીની કથા) મા સાહસપક્ષિની કથા

કોઈ એક સાર્થની સાથે કોઈ પુરુષ ચાલ્યો તેમાં તે સાર્થના કાફલા એ કોઈ એક જંગલમાં પડાવ નાખ્યો તે વખતે સાર્થ સાથે આવેલો એકલો પુરૂષ કાષ્ટ લેવા માટે જંગલમાં આગળ નીકળ્યો તે વખતે તેણે એક આશ્ચર્ય જોયું. સૂતેલા સિંહના મુખમાંથી દાંતમાં વળગેલા માંસના ટૂકડાને લઈને એક પક્ષી વારંવાર ઝાડ ઉપર ચઢી જતું હતું અને મોટેથી મા સાહસ મા સાહસ એટલે કે સાહસ કરવું નહિ એમ બોલતું હતું આથી વિસ્મય પામેલા તે પુરૂષે કહ્યું કે તારા બોલવા મુજબ તારૂં આચરણ નથી. આજે પણ લગભગ મોટા ભાગે બીજાને શિખામણ અપાય છે પણ તે મુજબનું પોતાનું વર્તન દેખાતું નથી. શાથી ? શિખામણ આપવાંની તે, બીજાને આચરણ કરાવવા માટે છે પણ પોતાને તેનું આચરણ કરવું જ એવું લગભગ હોતું નથી બરાબર ને ? એટલે પુરૂષે પણ કહ્યું કે તું બોલે છે કે સાહસ કરવું નહિં. છતાં પણ સિંહના મુખમાં - દાંતમાં ચોંટેલા માંસના ટુકડાને લેવા

દોડે છે. એકવાર તું મૃત્યુ પામીશ માટે ચેતી જા. પણ આ રીતે વારંવાર કરે છે તેવામાં જ્યારે બહાર દેખાતા દાંતમાં ચોંટેલું માંસ પૂર્ણ થતાં અંદરના દાંતમાં રહેલ માંસ લેવા જતાં ચાંચ મારે છે એટલામાં સિંહ જાગી જાય છે. અને જુએ છે કે આ કોણ મારા દાંતમાં ચાંચ મારે છે ? તેવામાં પક્ષી દેખાયું તે ચાંચ મારતું હતું. ફરીથી પક્ષીએ જ્યારે ચાંચ મારી ત્યારે સિંહે મોઢું એકદમ બંધ કરી દીધું તેના કારણે તે પક્ષી સિંહથી જ મરણ પામ્યું તેમ સ્વામિનાથ, તમો પણ આ પક્ષી જેવા સાહસિક ન થાઓ બહુ સાહસ સારૂં નહિ.

તમારા જીવનનો પણ વિચાર કરો. પૈસા અને સુખ માટે તમો આવા પક્ષી જેવા સાહસિક બનતા નથી ને ? કે છો ? શાસ્ત્ર કહે છે કે સાહસિક બનવું હોય તો ધર્મમાં પોતાના આત્માની પરિણતિ સુધારવા બનવું જોઈએ. બાકી અનાદિ કાળથી જીવ રાગાદિપરિણામને આધીન થયેલો છે તેથી અનુકૂળ પદાર્થોના રાગના કારણે, પ્રતિકુળ પદાર્થોના દ્વેષના કારણે પોતાની શક્તિ મુજબ સાહસિક બન્યા કરે છે અને ચોરાશીના ચક્કરમાં રખડ્યા કરે છે, તેમાં કાંઈ આશ્ચર્ય નથી. મનુષ્ય જન્મની સાર્થકતા જ એ કહેલી છે કે તે સાહસિકતા દૂર કરીને રાગાદિ પરિણતિની મંદતા કરતા કરતા તે રાગાદિ પરિણામનો નાશ કરવો. જો આમ બને તો સાહસિકપણું સાર્થક ગણાય. માટે ધર્મની આરાધના કરતા કરતા એવા સાહસિક બનોકે જેના પરિણામે ત્રીજા ભવે, પાંચમા ભવે, કે સાતમા ભવે મુક્તિમાં પહોંચી જવાય.

## ત્રાણ મિત્રની કથા.

હવે જંબૂકુમાર જવાબમાં જાણાવે છે કે - હું ત્રાણ મિત્રની વાત બરાબર જાણું છું. તેથી તમારી વાગ્જાળમાં ફસાઈશ નહિ.

કોઈ એક ગામમાં રાજાને ત્યાં પુરોહિત તરીકે કામ કરતો સોમદત્ત નામનો બ્રાહ્મણ હતો તેને ત્રાણ પ્રકારના મિત્રો હતા. ૧. સહમિત્ર ૨ પર્વમિત્ર ૩ પ્રણામમિત્ર. સહમિત્ર એટલે જ્યારે જ્યારે નવરાસ મળે ત્યારે તે મિત્રની સાથે બેસે, ઉઠે, અને અંતરની વાતો કરી પોતાના દિવસો પસાર કરે તે. સલાહ લેવા જેવી લાગે તો સહમિત્રની સલાહ પણ લે અને પોતાનું જીવન નિર્ગમન કરે.

પર્વમિત્ર એટલે જ્યારે જ્યારે કોઈ પર્વનો દિવસ આવે ત્યારે તેને બોલાવે, સાથે જમે, બેસે, અને વાતો ચિતો કરે તે પર્વમિત્ર કહેવાય છે. પ્રણામમિત્ર એટલે જ્યારે પુરોહિત રાજ દરબારમાં જતો હતો અથવા ત્યાંથી પાછો આવતો હતો ત્યારે રસ્તામાં પ્રણામ કરનાર જે માણસ મળતો હતો તે પ્રણામ મિત્ર તરીકે રાખેલો હતો.

એકવાર તે પુરોહિત, રાજાના અપરાધમાં આવ્યો અને રાજાને ખબર પડી ગઈ. તેના કારણે રાજા તેને સખત સજા કરવા તૈયાર થયો. તે વાતની પુરોહિતને પણ ખબર પડતાં રાતના સમયે તે સહમિત્રના ઘરે રક્ષણ મેળવવા ગયો અને પોતાને ગુપ્ત પણે રાખવા વિનંતી કરી. ત્યારે સહમિત્રે કહ્યું કે ભાઈ અત્યારે મારાથી રખાય નહિ કારણકે રાજાને ખબર પડે તો તારી જેમ મારા ઉપર પણ કોપાયમાન થાય અને મારા આખા કુટુંબનો નાશ કરે. તેથી હાલ હું તને રાખી શકું નહિ. અને રક્ષાપણ કરી શકું નહિ માટે તું અહાંથી જ્યાં જવું હોય ત્યાં જતો રહે. કારણ રાજા કોપાયમાન ન થાય ત્યાં સુધી જ તારી સાથે મિત્રતા હતી, તારા એકલાની ખાતર મારા આખા કુટુંબનો હું નાશ નહિ કરૂં.

ત્યાંથી નિરાશ થઈ પાછો ફર્યો. પોતાના ઘરે ગયો. ત્યાંથી વિચાર કરીને પોતાની રક્ષા માટે પર્વમિત્રને ત્યાં ગયો. અને તે પર્વમિત્રને પોતાની બધી બીના જણાવી. તે સાંભળીને પર્વમિત્રે તેને આશ્વાસન આપ્યું અને કહ્યું કે જો હું તારી રક્ષા કરવા પ્રયત્ન કરૂં અને રાજાને ખબર પડી જાય તો તારી સાથે મને અને મારા આખાય કુંટુંબને આપત્તિ આવે તેના કારણે હું તારી રક્ષા કરવા અસમર્થ છું એમ જણાવી તે પુરોહિતને પાછો કાઢ્યો.

ત્યાર બાદ નિરાશ થયેલો એટલે આશા ભગ્ન થયેલો વિચાર કરીને પ્રણામ મિત્રને ત્યાં ગયો. જ્યારે પ્રમામમિત્રના ઘરે પહોંચ્યો ત્યારે પ્રણામ મિત્રે તેનો આદર સત્કાર કર્યો અને આવવાનું કારણ પુછ્યું, ત્યારે પુરોહિતે રાજાના કોપની સઘળી હકીકત જણાવી. આ સાંભળીને પ્રણામમિત્રે તરત જ ખભા ઉપર બાણના ભાથાં ચઢાવ્યા અને ધનુષ લીધું અને પુરોહિતને આગળ કરી તેને પોતાના સ્થાને રાખીને સાચવ્યો. ત્યાર પછી રાજાને સમજાવી તેનો ગુનો માફ કરાવ્યો અને

રક્ષા કરી. સહમિત્ર = શરીર. પર્વમિત્ર એટલે સ્વજન કુટુંબ પરિવાર. અને પ્રણામમિત્ર એટલે ધર્મ.

તમે તો પહેલા બે મિત્રની જેમ સ્વાર્થની જ સગી છો. માટે હું તમારી જાળમાં ફસાઈશ નહિ.

સહમિત્ર એટલે શરીર. તેની સાથે રોજ રહીએ છીએ પણ અવસરે જ્યારે તેની પાસેથી કામ લેવાનો વખત આવે ત્યારે તે જ કામ આપતું નથી એ પણ અનુભવ છે ને ! માટે જ્ઞાની ભગવંતોએ કહ્યું છે કે જ્યાં સુધી સહમિત્ર તરીકે ગણાતું શરીર કામ આપતું હોય ત્યાં સુધીમાં તેનાથી કામ કાઢી લઈ આત્મિક ગુણ મેળવવા પ્રયત્ન કરી લેવો જોઈએ. નહિંતર એ કાંઈ કામ આપવાનું નથી. આથી તેનું મમત્વ, રાગ, આસક્તિ, જેમ બને તેમ ઓછા થાય તે રીતે રોજ પ્રયત્ન કરવો જોઈએ કે જેથી મરતી વખતે વોસિરાવીને મરી શકાય.

પર્વમિત્ર રૂપે સ્વજન કુટુંબ જણાવેલ છે. તે પણ પોતાના સ્વાર્થ માટે જ સગા છે. જે દિવસે સ્વાર્થ ન સધાય તે દિવસે આપણું રક્ષણ કરનાર નથી. પર્વ એટલે તેઓને જે જે અનુકૂળ હોય તે રોજ લાવી આપી તેમને પુષ્ટ કરો અને તેમના કહ્યા મુજબ રહો તો તમારા મિત્ર રૂપે થઈને સહાય કરે તે જે વખતે અનુકૂળ ન રહ્યા તે વખતે તમારા મિત્રને બદલે શત્રુ થતાં પણ વાર લાગે નહિ. માટે જ્ઞાની ભગવંતોએ કહ્યું છે કે, તે સ્વજન કુટુંબ આદિનું મમત્વ-આસક્તિ રાગ ન વધે તેની કાળજી રાખવી નહિંતર પુરોહિતની જેમ રક્ષા કરવાની વખતે તમારી રક્ષામાં રહેશે નહિ.

પ્રણામમિત્ર એટલે ધર્મ કહ્યો છે. આ પ્રણામમિત્ર એટલો સુંદર અને ઉપયોગી બને છે કે જો તેને નિઃસ્વાર્થ બુદ્ધિથી સાધતા આવડે, અને આરાધના કરતા આરાધક ભાવ પેદા થાય તો તે આ ભવમાં પણ જીવન જીવતા શીખવે છે તેમજ અનુકૂલ પદાર્થોમાં લીન બનવા દેતું નથી, અને પ્રતિકૂળતામાં દીન બનવા દેતુ નથી. સમાધિ ભાવ ટકાવી રાખી, તે સંસ્કાર દૃઢ કરીને, દુર્ગતિથી બચાવી સદ્‌ગતિ અપાવે છે. તથા જ્યાં સુધી તેનો સાથ જાળવી રખાય અને જીવ રાખે તો શુદ્ધ પરિણામની ધારા વધારતા વધારતા પોતાનું સંપૂર્ણ શુદ્ધ ધર્મરૂપ સ્વરૂપ પેદા કરાવે છે. આથી આ પ્રણામમિત્રની સોબત આલોક, પરલોક

સુખી બનાવે છે. અને પરંપરાએ મુક્તિ અપાવનાર છે. જ્યારે પહેલા બે મિત્રો સંસારવૃદ્ધિનું કારણ હોવાથી જંબૂકુમાર કહે છે કે તમારી સાથે હું રહીશ નહિ કારણ કે તમો પહેલા બે મિત્રની માફક સ્વાર્થની જ સગી છો.

વિચારો, લગ્નની પહેલી રાત્રિ છે. હાથે મીંઢલ બાંધેલા છે. બીજો કોઈ પરિચય નથી છતાં પણ જ્ઞાનગર્ભિત વૈરાગ્યભાવના કારણે તેમનું સ્વરૂપ કેવું ઓળખાયેલું છે એ આના ઉપરથી જણાશે.

આ સાંભળીને પાંચસો ચોરોને પણ થાય છે. કે હજી જુવાનવય, સોળ વર્ષની ઉંમર, આટલી સાહ્યબી, સંપત્તિ, અને આઠ પત્નીઓ હોવા છતાં તે પત્નીઓનું સ્વરૂપ કેવું સુંદર સમજીને બેઠો છે. અને અમોએ એ સઘળું અનુભવેલું છે. માટે જે પ્રમાણે જંબૂકુમાર કહે છે તે સ્વરૂપ તદ્દન સત્ય છે માટે આપણે પણ રહેવું નથી આવા વિચાર કરે છે.

માટે સાતમી પત્નીને જંબૂકુમારે કહ્યુ કે હું તમારી જાળમાં ફસાઈશ નહિ.

વિચારો, તમારા જેટલો આ ભવમાં ધર્મ પણ કર્યો નથી અને તમોતો આટલું કરો છો છતાં આમાંની અંશ જેટલી પણ યોગ્યતા લાગતી નથી એટલે પેદા થયેલી જણાતી નથી. પેદા કરવાનું લક્ષ્ય પણ નથી તો ક્યાં જવાના !

હવે લાગે છે ને કે મોક્ષે જવું હશે તો કેટલો પુરૂષાર્થ કરવો પડશે !

અરે મોક્ષ તો હાલ બાજુ ઉપર રાખો પણ સદ્‌ગતિ જોઈતી હશે તો તે મેળવવા માટે પણ કેટલા પ્રયત્નની જરૂર છે તે સમજાય છે !

હવે છેવટે છેલ્લી પત્ની જયશ્રી બોલી કે હે નાથ ! તમે ખોટા ખોટા કથાનકો વડે મને એટલે એમને છેતરો છો ! આપ નાગશ્રીનું કથાનક સાંભળો.

## (આઠમી પત્નીની કથા) નાગશ્રીની કથા

કોઈ એક નગરમાં કથાપ્રિય રાજા હતો. કથાપ્રિય એટલે કે રોજ રાજસભા શરૂ થાય એટલે કથા સાંભળવા જોઈએ. તેમાં પણ જુની આવેલી કથા ન ચાલે. નવીજ સાંભળવા જોઈએ તેના કારણે ગામમાં જેટલા ઘરો હતા. તે ઘર દીઠ કથા સંભળાવવાના વારા બાંધેલા હતા તેવામાં એકવાર કોઈ ગરીબ બ્રાહ્મણનો વારો આવ્યો તે બ્રાહ્મણ ભીખ માગીને પોતાની આજીવિકા ચલાવતો હતો. અને

તેની છાપ ગામમાં મૂર્ખ શિરોમણિ રૂપે ગણાતી હતી. રાજાના હુકમથી કથા કહેવાનો વારો આવ્યો તે સાંભળીને તે ચિંતાગ્રસ્ત બન્યો પણ તેની પુત્રી નાગશ્રી ઘણી જ ચાલાક હતી. તેણે રાજા પાસે જવાનું કબુલ્યું. પછી સ્નાન વગેરે ક્રિયા કર્યા પછી તે રાજા પાસે ગઈ અને કથા કહેવાની શરૂઆત કરી.

આજ નગરમાં નાગશર્મા નામનો બ્રાહ્મણ ભિખમાગી ને પોતાની આજીવિકા ચલાવે છે. હું તેની નાગશ્રી નામની પુત્રી છું. મારું ચટ્ટ નામના બ્રાહ્મણની સાથે વેવિશાળ થયું. લગ્ન પ્રસંગને કારણે મારા માતા પિતા બહાર ગામ ગયા. તેજ દિવસે અચાનક ચટ્ટ મારા ઘરે આવ્યો મેં તેનું ઠીક સ્વાગત કર્યું. મારા ઘરમાં સર્પ વગેરેના ડરને લીધે ભોંય પર ન સૂઈ શકવાથી ખાટલામાં સૂતો અને નિર્વિકાર ચિત્તે હું પણ તેજ ખાટલામાં તેની સાથે સૂઈ ગઈ. મારા અંગ સ્પર્શથી તેને કામ વિકાર ઉત્પન્ન થયો પણ શરમને લીધે તેને રોકવાથી શૂળ ઉત્પન્ન થયું અને તરત જ તે મૃત્યુ પામ્યો. હું આ બનાવથી ગભરાઈ ગઈ. પણ છેવટે મન મક્કમ કરીને તેના શરીરના ટૂકડા કર્યા. તથા ઘરમાં ખાડા ખોદીને દાટી દીધા અને તેના ઉપર ગારનું લિંપણ વગેરે કરી પુષ્પ, ધૂપ, ગંધથી ઘરને સુવાસિત કર્યું. હે રાજા ! આજે જ મારા મા બાપ બહારગામથી ઘરે આવ્યા છે.

આ સાંભળી રાજા બોલ્યો કે હે કુમારી ! તેં જે વાર્તા કહી તે સત્ય છે? નાગશ્રી બોલી કે હે રાજન તમો જે રોજ કથા સાંભળો છો તે જો સત્ય હોય તો આ પણ સત્ય જાણવી. માટે જણાવી રહી છું કે હે નાથ નાગશ્રીએ જેમ ખોટી વાત કહીને રાજાને છેતર્યો, ભોળવ્યો, તેમ તમે પણ અમને કલ્પિત કથાનકો વડે છેતરી રહ્યા છો.

## લલિતાંગની કથા

આ સાંભળી જંબૂકુમાર બોલ્યા કે લલિતાંગની માફક હું વિષયમાં આસકત નથી કે જેથી નરકની ખાણ સમી તમારામાં લુબ્ધ થાઉં.

નારી નરકની દિવડી છે એટલો ખ્યાલ આવી જાય એટલે કે મનુષ્યનાં લોહી માંસ ચૂસીને રાગાદિ પાસના દોરડાવડે બાંધીને નરકમાં લઈ જનારી છે. આટલું સમજાઈ જાય તો જ્ઞાન ગર્ભિત વૈરાગ્ય ભાવ પેદા થતાં, અને અપૂર્વકરણ નામના અધ્યવસાયથી ગ્રંથી ભેદ કરીને, સમ્યક્ત્વની પ્રાપ્તિ થતાં વાર લાગે નહિ.

કોઈ એક નગરમાં શતાયુધ નામનો રાજા હતો તેને લલિતા નામની રાણી હતી એકવાર રાણી ઝરુખામાં ઉભેલી અને નગરચર્યા જોઈ રહેલી તેવામાં કોઈ શ્રેષ્ઠી પુત્ર જુવાનવય પામેલ લલિતાંગ નામનો તેની નજરે પડ્યો તેનું રૂપ લાવણ્ય આદિ જોઈને રાણી તેમાં લુબ્ધ બની. રાણીની ચિત્તાકૃતિ જોઈ દાસી તેના ભાવને જાણી ગઈ અને કોઈપણ હિસાબે હું તમારા બન્નેનો સંયોગ કરાવી આપીશ એમ રાણીને જણાવી દાસીએ માથે લીધું.

એકદા કૌમુદી મહોત્સવ વખતે રાજા અશ્વ ખેલાવવા નગરની બહાર ગયો. તે વખતે રાણીએ દાસી દ્વારા લલિતાંગને બોલાવ્યો. અંતઃપુરના રક્ષકોને લાગ્યું કે આ અંતઃપુરમાં પરપુરૂષનો પ્રવેશ થયો લાગે છે માટે તેનો ઉપાય કરવો જોઈએ તે વિચાર કરે છે ત્યાં રાજા કોઈ કારણસર ત્યાં આવી પહોંચ્યો. સેવકોએ રાજાને તે વાતથી વાકેફ કર્યો રાજાએ મંદ પગલે મહેલમાં પ્રવેશ કર્યો તેવામાં દાસીને ખબર પડી ગઈ. દાસીએ ઈશારત દ્વારા રાણીને ચેતવણી આપી. ભયભીત થયેલી રાણીએ લલિતાંગને વાત જણાવી. ખાળકુવામાં સંતાડ્યો. અંતઃપુરનું બારણું ખોલ્યું. રાજા આવીને બેઠો. ચારેબાજુ નજર નાંખી તપાસ કરે છે કોઈ પુરૂષ દેખાતો નથી. તેથી થોડીવાર બેસી બહાર નીકળી ગયો હવે આ લલિતાંગ ખાળમાં રહેલો છે તેમાં અશુચિ શરીરની અંદર જાય છે તેની સાથે રાણીને દયાના પરિણામ આવતાં થોડા થોડા ખાવાના સારા પદાર્થો પણ નાંખે છે અને તે લલિતાંગ ભૂખ લાગે ત્યારે ખાય છે. આ રીતે સાત દિવસ પસાર થયા. એક દિવસ ખાળકૂવામાં અતિશય પાણી ભરાવાથી તે પાણીમાં લલિતાંગ તણાતો તણાતો ગામ બહાર ખાઈને કાંઠે નીકળ્યો. અને બેભાન અવસ્થામાં પડેલો છે. અચાનક તેની ધાત્રી ત્યાંથી પસાર થતી હતી ત્યાં તેણે લલિતાંગને જોયો. એટલે ઉપાડીને ગુપ્તપણે તેના ઘરે લઈ ગઈ અને ઉપચારથી સચેતન કર્યો. જ્યારે સરખો તંદુરસ્ત બન્યો એટલે ગામમાં ફરવા માટે નીકળ્યો. હવે રાણી ઝરુખામાં ઉભી ઉભી નિરીક્ષણ કરતા તેને જુએ અને બોલાવે તો તે લલિતાંગ ફરીથી રાણી પાસે જાય ? ત્યારે જંબૂકુમારની પત્નીઓ બોલીકે ખાળકૂવામાં અનુભવેલા દુઃખના કારણે ન જ જાય. એટલે જંબૂકુમારે પણ કહ્યું કે તમો પણ મારા માટે તેવી જ છો. એટલે નરક આદિ ખાળકૂવામાં લઈ જનારી છો તેથી હું તમારામાં

આસક્ત શી રીતે બનું ? આ સાંભળીને આઠમી પત્ની પણ શાંત બની, અને જ્ઞાનગર્ભિત વૈરાગ્ય ભાવ પેદા થયો. હવે આઠે પત્નીઓ ભેગી થઈને જંબૂકુમારને કહે છે કે સ્વામિનાથ ! આપ જશો પછી અમારે શું કરવું !

ત્યારે જંબૂકુમારે કહ્યું કે જો શક્તિ હોય તો મારી સાથે સંયમનો સ્વીકાર કરો. મારા પ્રત્યે ખરેખર સ્નેહરાગ હોય તો હું જેમ સંયમનો સ્વીકાર કરું તેમ તમો પણ કરો અને શક્તિ ન હોય તો આ બધી સામગ્રી છે અહીં રહો અને ધર્મની આરાધના કરો.

આ સાંભળી આઠેય પત્નીઓએ કહ્યું કે અમો પણ આપની સાથે સંયમનો સ્વીકાર કરશું. આ રીતે જંબૂકુમાર અને તેની પત્નીઓનો સંવાદ સાંભળીને પાંચસો ચોરો પ્રતિબોધ પામ્યા. પોતાના જીવનમાં આચરેલ દુષ્કૃત્યોથી દ્રવીત બન્યા. પશ્ચાતાપ કરવા લાગ્યા. તથા સંસારની વિષમતા અને કર્મરાજાની શાસન દોરી જાણી ને જ્ઞાનગર્ભિત વૈરાગ્ય ઉત્પન્ન થયો સમ્યક્ત્વની પ્રાપ્તિ થઈ અને જંબૂકુમારની સાથે અમો પણ સવારમાં સંયમનો સ્વીકાર કરશું તે નિર્ણય કર્યો.

આ બાજુ રાત્રિના સમયે આઠ પત્નીઓ સાથે જંબૂકુમાર પોતાના ઘરે આવ્યા છે ત્યારે આઠ કન્યાઓના માતા પિતા પણ વિચારમાં પડ્યા છે કે જુઓ સવારના આઠ પત્નીઓની સાથે જંબૂકુમાર સંયમ લેવા નીકળે તો આપણાથી આ સંસારમાં શી રીતે રહેવાય ? આવી નાની નાની કુમળીવયની બાળાઓ સંયમનો સ્વીકાર કરે અને આપણે સંસારમાં રહીએ તે શી રીતે બને ! માટે સવારે તેઓનાં સમાચાર સંયમ લેવાના મલે કે તરતજ આપણે પણ સાથે સંયમનો સ્વીકાર કરવો એવો નિશ્ચય કરેલો છે.

આ રીતે જંબૂકુમાર સાથે, પાંચસો ચોર, આઠ પત્નીઓ, આઠ પત્નીઓનાં માતા પિતાઓ, જંબૂકુમારના માતા-પિતા એમ કુલ પાંચસો સત્તાવીસે સાથે સુધર્માસ્વામી પાસે સંયમનો સ્વીકાર કર્યો.

આ રીતે જંબૂકુમારનું ચરિત્ર શ્રમણ ભગવાન મહાવીર સ્વામીના મુખે શ્રેણીક આદિ સભાજનોએ સાંભળ્યું. આ ચરિત્ર સાંભળ્યાબાદ જે જીવોને જ્ઞાનગર્ભિત વૈરાગ્યભાવ પેદા ન થાય તે જીવો ભારેકર્મી જીવો ગણાય છે.

આ રીતે સોળ વર્ષની ઉંમરે સંયમ લઈ શ્રુતધર બની કેવલજ્ઞાન પામી પાંચમા

ગણધર શ્રી સુધર્માસ્વામીની પાટે રહી એંશી વરસનું આયુષ્ય પૂર્ણ કરી નિર્વાણને પામ્યા. અર્થાત્ મોક્ષે ગયા. આ જંબૂસ્વામીજીના મોક્ષે ગયા બાદ કોઈ જીવ આ અવસર્પિણીમાં મોક્ષે ગયેલ નથી અને તેમના નિર્વાણ બાદ દશ વસ્તુઓ વિચ્છેદ પામેલી છે તે આ પ્રમાણે :-

૧ મનઃપર્યવજ્ઞાન ૨ પરમાવધિજ્ઞાન ૩ પુલાકલબ્ધિ ૪ આહારકશરીર ૫ ઉપશમશ્રેણિ ૬ ક્ષપકશ્રેણિ ૭ જિનકલ્પ ૮ ત્રણચારિત્ર (પરિહારવિશુદ્ધ, સૂક્ષ્મ-સંપરાય, યથાખ્યાત ચારિત્ર) ૯ કેવલજ્ઞાન અને ૧૦ સિદ્ધપદ.

કેટલાક પુસ્તકોમાં નીચે મુજબની દશ વસ્તુઓ જણાય છે. ૧ મનઃ પર્યવજ્ઞાન ૨ પરમાવધિજ્ઞાન ૩ આહારકશરીર ૪ પુલાકલબ્ધિ ૫ જિનકલ્પ ૬ ક્ષપકશ્રેણિ ૭ ઉપશમશ્રેણિ ૮ સૂક્ષ્મસંપરાય ૯, પરિહાર વિશુદ્ધચારિત્ર ૧૦ યથાખ્યાતચારિત્ર.

આ રીતે જંબૂસ્વામીજી નિર્વાણ પામી પોતાના પટ્ટધર પ્રભવસ્વામીજીને પાટ પરંપરા સોંપી મોક્ષે ગયા.

## પૂજ્ય પન્યાસશ્રીના પ્રકાશિત થયેલા પ્રકાશન

| | | | | |
|---|---|---|---|---|
| ૧. | જીવવિચાર * | પ્રશ્નોત્તરી | રૂ. | ૬.૦૦ |
| ૨. | દંડક * | પ્રશ્નોત્તરી | રૂ. | ૪.૦૦ |
| ૩. | નવતત્વ * | પ્રશ્નોત્તરી | રૂ. | ૮.૦૦ |
| ૪. | કર્મગ્રંથ-૧ * | પ્રશ્નોત્તરી | રૂ. | ૬.૦૦ |
| ૫. | કર્મગ્રંથ-૨ * | પ્રશ્નોત્તરી | રૂ. | ૭.૦૦ |
| ૬. | કર્મગ્રંથ-૩ (બીજી આવૃત્તિ) | પ્રશ્નોત્તરી | રૂ. | ૨૩.૦૦ |
| ૭. | કર્મગ્રંથ સત્તાપ્રકરણ * | પ્રશ્નોત્તરી | રૂ. | ૧૦.૦૦ |
| ૮. | ઉદય સ્વામિત્વ | પ્રશ્નોત્તરી | રૂ. | ૧૫.૦૦ |
| ૯. | કર્મગ્રંથ-૪ ભાગ-૧ | પ્રશ્નોત્તરી | રૂ. | ૧૫.૦૦ |
| ૧૦. | કર્મગ્રંથ-૪ ભાગ-૨ | પ્રશ્નોત્તરી | રૂ. | ૧૫.૦૦ |
| ૧૧. | કર્મગ્રંથ-૫ ભાગ-૧ | પ્રશ્નોત્તરી | રૂ. | ૧૫.૦૦ |
| ૧૨. | કર્મગ્રંથ-૫ ભાગ-૨ | પ્રશ્નોત્તરી | રૂ. | ૧૫.૦૦ |
| ૧૩. | લઘુ સંગ્રહણી * | પ્રશ્નોત્તરી | રૂ. | ૬.૦૦ |
| ૧૪. | જીવવિચાર દંડક લઘુસંગ્રહણી | પ્રશ્નોત્તરી | રૂ. | ૨૦.૦૦ |
| ૧૫. | કર્મગ્રંથ-૫ ભાગ-૩ | પ્રશ્નોત્તરી | રૂ. | ૨૫.૦૦ |
| ૧૬. | કર્મગ્રંથ-૫ ભાગ-૪ | પ્રશ્નોત્તરી | રૂ. | ૧૮.૦૦ |
| ૧૭. | કર્મગ્રંથ ૧-૨ | પ્રશ્નોત્તરી | રૂ. | ૨૫.૦૦ |
| ૧. | જીવવિચાર | વિવેચન | રૂ. | ૧૫.૦૦ |
| ૨. | નવતત્વ | | રૂ. | ૧૮.૦૦ |
| ૩. | કર્મગ્રંથ ભાગ-૧ | | રૂ. | ૧૫.૦૦ |
| ૪. | ચૌદ ગુણસ્થાનક | | રૂ. | ૧૬.૦૦ |
| ૫. | શ્રી જ્ઞાનાચાર | | રૂ. | ૧૬.૦૦ |
| ૬. | શ્રી જંબૂસ્વામી ચરિત્ર | | રૂ. | ૨૧.૦૦ |

*આ નિશાનીવાળા પુસ્તકો અલભ્ય છે.